Date of Publication 10th Posted on Every Month
Y²óÜãÏÉÜÒ : 2014
ÍÜóÜÜ : 9, †Ø' : 5

રૂ. ૨૦

समानो मन्त्रः । (ऋग्वेद)
समानी प्रपा । (અથર્વવેદ)

# પરબ

તંત્રી : યોગેશ જોષી



समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૯ ડિસેમ્બર : ૨૦૧૪ અંક : ૫

---

**પરામર્શનસમિતિ**

**ધીરુ પરીખ** — પ્રમુખ

**રતિલાલ બોરીસાગર** — મધ્યસ્થ સમિતિના સભ્ય

**ઉષા ઉપાધ્યાય** — પ્રકાશનમંત્રી

તંત્રી

**યોગેશ જોષી**

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ ॰॰ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

## લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા D¥ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

**'પરબ' સંવર્ધક : ગુજરાત સ્ટેટફર્ટીલાઈજર્સ એન્ડ કેમિકલ્સ લિ. વડોદરા**

E-mail : gspamd@vsnl.net    ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com

ISSNO250-9747 **પરબ**    છૂટક કિં. રૂ. ૨૦/-

માલિક : ગુજરાતી સાહિત્ય પરિષદ વતી મુદ્રક અને પ્રકાશક : **ઉષા ઉપાધ્યાય** (પ્રકાશનમંત્રી), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, અમદાવાદ ૩૮૦૦૦૯ □ તંત્રી : યોગેશ જોષી □ મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય**, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૬ ☏ ૨૬૫૬૪૨૭૯

પરબ વર્ષ : ૯ ડિસેમ્બર : ૨૦૧૪ અંક : ૫

# †Ãh~ÏÜ

**પ્રમુખપદેથી** : સાહિત્ય અને કલા ખાતર કલા, ધીરુ પરીખ 6

**કવિતા** : બે કાવ્યો, નલિન રાવળ 10, બે સૉનેટ, દેવેન્દ્ર દવે 12, તરુણાઈ, સંધ્યા ભટ્ટ 13, નાલંદાનાં ખંડેરોમાં, નીતિન વડગામા 13, ત્રણ કાવ્યો, મેહુલ દેવકલા 14, તમે, પ્રફુલ્લ રાવલ 16, એ કોણ છે ?, હર્ષદ ચંદારાણા 17, નોંધ, વિપાશા 17

**વાર્તા** : સવાયું... કોણ ?, તારિણી દેસાઈ 18, સમજફેર, રમેશ ર. દવે 25

**નિબંધ** : ‘‘વૉશિંગ્ટન ડી. સી. : રમણીય રાજધાની’’, મણિલાલ હ. પટેલ 32, ગાદી, રમેશ કોઠારી 36

**અભ્યાસ** : દર્શક : ચર્ચાની એરણ પર, નરોત્તમ પલાણ 40

**પ્રાસંગિક** : ભગવામાં જે ભરત ભરીને સોહે તે કવિ, રાજેશ પંડ્યા 43

**સમીક્ષા/ગ્રંથાવલોકન** : નિશાન હજી ઊંચું રાખવું પડે, હિમાંશી શેલત 52, સ્મૃતિરસે છલોછલ ‘નવનિધિ’, ઉત્પલ પટેલ 54, ‘પાલખીનાં પૈડાં’થી ‘બાંડા ઉંદર’ સુધીની વાર્તા-સફર, નટવર પટેલ 60

**આવરણચિત્ર**

**આસ્વાદનોંધ** : પીયૂષ ઠક્કર 63

**આપણી વાત** : સંકલન : પ્રફુલ્લ રાવલ 65

**પત્રસેતુ** : સરવૈયાનું સરવૈયું, હરિકૃષ્ણ પાઠક 70

**‘પરબ’ 2014** :

**વાર્ષિકસૂચિ** : ઊર્મિલા ઠાકર, પરિંદા પટેલ 73

**આવરણચિત્ર** : જેરામ પટેલ

**આ અંકના લેખકો** : 88

# સાહિત્ય અને કલા ખાતર કલા

**ધીરુ પરીખ**

સાહિત્યમાત્ર મનુષ્યની સરજત છે. વેદકાળથી તે પશ્ચિમમાં પ્લૅટો – ઍરિસ્ટૉટલ સહુએ આ સત્યને કે આ તથ્યને સ્વીકાર્યું છે. વળી, સાહિત્ય એ મનુષ્યની સરજત હોઈ એમાં મનુષ્યજીવનની સકલ છાયાઓને આવરી લેવાઈ છે. માનવજીવનમાં ચડતી છે તો પડતી પણ છે, સુખ છે તો દુઃખ પણ છે, વિજય છે તો પરાજય પણ છે. આમ મનુષ્યજીવન આવાં દ્વંદ્વોથી ઘડાયેલું છે. આથી જ એમાં મનુષ્યજીવનનાં આ વિવિધ પાસાંઓ અંકિત થયેલાં જોવા મળે છે.

સાહિત્યસર્જન પાછળનો આ ચીલો અદ્યપિ જારી રહ્યો છે. પણ પશ્ચિમમાં અને ખાસ કરીને ફ્રાન્સમાં ૧૮મી સદીના અંતભાગે થયેલા વિક્તર કોઝીને (Victor Cousin-૧૭૯૨-૧૮૬૭) આ વિચારસરણીની ફેરવિચારણા કરી. કલાને કંઈક જુદા પરિપ્રેક્ષ્યમાં નીરખી. જીવનથી એને અળગી ગણવાનો વિચાર રજૂ કર્યો. જોકે આ દિશામાં પ્રથમ ચોક્કસ નામ તો ગૉતિએર (Gautier)નું ગણવામાં આવે છે. એમણે વિચાર્યું અને પ્રચાર્યું :

'A town interests me merely for its buildings. Let inhabitants be utterly vile and the town a haunt of crime, what does that signify to me so long as I am not assassinated while looking at the buildings.'

(નગર મને માત્ર એનાં મકાનોને કારણે રસપ્રદ લાગે છે. ભલે ત્યાંનાં રહેવાસીઓ તદ્દન અધમ હોય અને ગામ ગુનેગારીનો અડ્ડો હોય, મને તો જ્યાં સુધી તે મકાનો તરફ જોતાં મારું કાસળ કાઢી નાખવામાં ન આવે ત્યાં સુધી મારી આ માન્યતા છે.)

ગૉતિઅરે આ વાત પ્રતીકાત્મક રીતે રજૂ કરી છે. એનું કહેવું એમ છે કે નગરમાં મકાનોનો મહિમા છે, એમાં વસનારાંનો નહિ એટલે કે સાહિત્યકૃતિમાં બાહ્ય બાબતો-દેખાવો–વિગતોનો મહિમા છે, નહિ કે એમાં શું કહેવામાં આવ્યું છે તેનો. એને મન મકાનનો આકાર, તેનું અસ્તિત્વ જ મહત્ત્વનું છે, નહિ કે તેમાં રહેનારનું. એટલે કે સાહિત્યકૃતિમાં બાહ્યાકારનો બાહ્ય સ્વરૂપનો મહિમા છે, નહિ કે તેમાંના કથયિતવ્યનો. આમ તેણે સાહિત્યકૃતિના બાહ્ય આકાર પર ભાર મૂક્યો.

૧૮૩૫માં ફ્રેન્ચ નવલકથાકાર થિયોફિલ ગૉતિય પોતાની નવલકથા 'માદામોઝેલ દ મોંપે'ની પ્રસ્તાવનામાં આત્મલક્ષિતા અને લાગણીવેડા પર પ્રહારો કરે છે અને એવી કવિતાની સામે છેડે તે સૂત્ર આપે છે : 'L'art pour 'lart' – ધી આર્ટ ફૉર ધી આર્ટ – કલા ખાતર કલા. અને પછી આ વિભાવનાનો વ્યાપ વિસ્તરતો જાય છે.

અમેરિકામાં એડગર ઍલન પોએ પણ આ સિદ્ધાંતને સ્વીકારી તેને ઊંડાણથી ચર્ચ્યો છે.

તો વળી બીજા એક ફ્રેન્ચ વિવેચક રેનને (Renan) પણ આ વાત પર જ ભાર મૂક્યો. એમણે પણ જીવનની વાસ્તવિકતાને કલાની વાસ્તવિકતાથી જુદી ગણી. એમણે જણાવ્યું :

''What are we to make of such 'enfeebled' artists as Aescchylus, Thucydides, Dante, Chaucer, Camoens, Leonordo, Michael Angelo, Sidney, Shakespeare, Cervantes, Milton, or Goethe – all of them men of imagination who let themselves be sullied by living active lives ?''

(એસ્કિલસ, થસિડાઇડ્ઝ, ડૅન્ટિ, ચૉસર, કામોન્સ, લિઓનાર્દો, માઇકલ એન્જેલો, સિડની, શેક્‌સ્પિઅર, સર્વાન્ટિસ, મિલ્ટન કે ગોએથે જેવા નબળા કલાકારો સાથે આપણે શી લેવાદેવા – તે બધા જ કલ્પનોદ્ભયનોના માણસો છે કે જેઓ વાસ્તવિક કર્મશીલ જીવનથી ઉફરા ચાલે છે.)

આમ જીવન નહીં, પણ સ્વયં કલા જ કલા ખાતર સંભવી શકે છે. આ રીતે કલામાં, કલાના ક્ષેત્રમાં, કલાની અભિવ્યક્તિમાં જીવનની કોઈ વાત કે જીવનનો કોઈ વણાટ નહીં પણ કેવળ કલા જ મહત્ત્વની બની રહે છે તેવી એક કલા-વિભાવના વહેતી થઈ. આમાં ફ્રાન્સના મહાન ટ્રૅજિક લેખક ફ્લૉબર્ત જરા મોળા વિચારના જણાય છે. એમણે જણાવ્યું :

'No great poet has ever drawn conclusions'

(કોઈ મહાન કવિએ કદી કોઈ નિષ્કર્ષો તારવ્યા નથી.)

અહીં ફ્લૉબર્તે ભલે કવિ શબ્દ વાપર્યો હોય, પણ એનો સંકેત ગદ્યપદ્યના કોઈ પણ સર્જક તરફનો છે. આ નિષ્કર્ષો તારવવાની વાત લક્ષણાથી જીવન સાથે જડાયેલી છે. આ જ દૃષ્ટિબિન્દુને ફ્રાન્સના જાણીતા મહાન કવિ બૉદલેરે પણ આ પ્રમાણે દૃઢાવ્યું હતું :

'Poetury has no end beyond itself. If a poet has followed a moral end he has diminished his poetic force and the result is most likely to be bod.'

(કવિતાને પોતાના સિવાય બીજો કશો હેતુ નથી. જો કવિ કોઈ નૈતિક હેતુ અનુસર્યો હોય તો તો તેણે પોતાના કાવ્યાત્મક જોસ્સાને ઘટાડ્યો હોય છે અને એનું પરિણામ ઘણા ભાગે ખરાબ નીવડે છે.)

જોકે બૉદલેરે ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પૅરિસના નવીનીકરણથી નારાજ થઈ કાવ્યરચનાઓ પણ કરેલી છે, જે દર્શાવે છે કે જીવન પર આસપાસના ભૌતિક

વાતાવરણની પણ અસર પડતી હોય છે. આમ, બૉદલેરમાં કલા ખાતર કલાની સાથે સાથે જીવન ખાતર કલાની પણ આડકતરી જિકર કરાયેલી જોવા મળે છે.

તો વળી વર્લેઇન (Verlaine) તો બીજા છેડે જઈ કલા બિનનૈતિક જ નહીં પણ નીતિવિરોધી છે તેમ જણાવે છે :

"...I wish art to be irresponsible in order that I may indulge without reproach my sadism, my masochism, and my anti-parental neurosis."

(હું ઇચ્છું છું કે કલા બેજવાબદાર હોય કે જેથી હું તેમાં કોઈ પણ પ્રકારની નામોશી વગર મારી પરપીડાની વૃત્તિ, પીડાને સહવાની વૃત્તિ અને મારી માબાપવિરોધી માનસિક વિકૃતિમાં રાચી શકું.)

આમ, જાણે કે કલામાં જીવનવિરોધી વાતોનો એ મહિમા કરે છે. આ રીતે કલાસર્જનમાંથી જીવનલક્ષિતાનો એકડો કાઢી નાખવાની દૃષ્ટિ કે વિચાર ફ્રાન્સમાંથી સમગ્ર યુરોપ અને પછી ત્યાંથી સમગ્ર વિશ્વની સાહિત્યચર્ચામાં જોર પકડે છે. વીસમી સદીના આરંભે આકારવાદ પર ભાર મૂકતી વિવેચના આ કલા ખાતર કલાની જ તરફેણ કરે છે.

આપણા દેશમાં અને આપણી ભાષાસાહિત્યની વિવેચનામાં તથા સર્જનમાં આ કલા ખાતર કલાનું દૃષ્ટિબિન્દુ વીસમી સદીના ઉત્તરાર્ધની આસપાસ સક્રિય બને છે. આપણે જેને આધુનિક યુગ કહીએ છીએ અથવા કલામાં જેને આધુનિકતા કહીએ છીએ તેની વિભાવનામાં આ પણ એક લક્ષણ સમાવિષ્ટ થયેલું જોવા મળે છે. ૧૯૨૬માં મુનશીએ પોતાના વ્યાખ્યાન-લેખ 'રસાસ્વાદનો અધિકાર'માં કંઈક આવી જ વાત કરી છે :

'ઈશ્વર, સત્ય અને નીતિ ઘણી સારી, ઘણી ઉપયોગી, ઘણી જરૂરી ને ઘણી પૂજ્ય વસ્તુઓ છે. પણ જ્યાં સરસતા જ પરબ્રહ્મ છે, રસિકતા જ ગુરુ છે, જ્યાં રસાસ્વાદ જ પૂજકને અધિકાર અર્પે છે તેવા કલા અને સાહિત્યના મંદિરમાં બીજા દેવોની પૂજા અસ્થાને થાય છે અને આનંદપ્રાપ્તિના નિર્વાહમાં અંતરાયરૂપ થઈ પડે છે અને આ વિષકન્યાની વાત ગમે તેવી આકર્ષક અને મીઠી લાગે, પણ તેનો સ્પર્શ વિષ પ્રસારવાનો છે અને વિષ રસાસ્વાદ ને રસદૃષ્ટિ બંનેને નિશ્ચેતન કરે છે.'

આ જીવનનિરપેક્ષ કલાની વિભાવના ત્યાર પછી સુરેશ જોષી ઇત્યાદિ સર્જક-વિવેચકોએ આપણે ત્યાં ચર્ચી છે. જોકે ત્યારે આનંદશંકર ધ્રુવ, નરસિંહરાવ, કાકાસાહેબ કાલેલકર, ઉમાશંકર જોશી ઇત્યાદિએ કલામાં જીવનના પરિહારને વર્જ્ય ગણ્યો છે. આ રીતે આપણે ત્યાં પણ પશ્ચિમના દેશોની જેમ 'કલા ખાતર કલા'ની વિચારણા થોડાં વર્ષો માટે એક પ્રકારના આંદોલનનું રૂપ ધારણ કરે છે. એમ તો આપણા પૂર્વસૂરિ મમ્મટે કહ્યું જ છે કે કવિતા 'નિયતિકૃત નિયમરહિતા' છે. પણ ત્યારે તેમાં કલાકારની સર્જકતાનો

મહિમા કરાયો છે. કલાના નિયમો નિયતિદત્ત નથી, પણ સર્જકદત્ત છે. આમ જોઈશું તો પ્રાચીન કાળથી અદ્યપિ કલાનો મહિમા જુદી જુદી રીતે થતો જ રહ્યો છે પણ તેને માનવજીવનથી રહિત ગણવામાં આવી નથી.

સાહિત્યકૃતિનો સર્જક મનુષ્ય છે. આથી મનુષ્યસર્જિત સાહિત્યકલામાં માનવજીવનનો મહિમા કે તેની વાત આવે તે કોઈ તિરસ્કરણીય તારણ નથી. જો મનુષ્ય જ નથી તો સાહિત્યસર્જન થશે કઈ રીતે ? અને જો મનુષ્ય સાહિત્યસર્જન કરે છે તો તેમાં માનવજીવનને અચૂક સ્થાન હોય જ. પણ જ્યારે કલાકીય શુષ્કતાનો સર્જનમાં પ્રવેશ થાય ત્યારે કલાની મહત્તાનો મહિમા સર્વ કાળે, સર્વ સ્થળે, સર્વ સર્જકો દ્વારા સ્વીકારાયેલો જ છે. ‘કલા ખાતર કલા’ એ વિભાવના અને સૂત્ર સર્જન જ્યારે કલાનાં ધોરણોથી નીચે ઊતરવા લાગ્યું ત્યારે તેની સામે આ આત્યંતિક ઉદ્‌ગાર બની રહ્યો. પરિમામે અનુ-આધુનિક કાળમાં પુનઃ કલા અને જીવનનો અનિવાર્ય સંબધ સ્વીકૃતિ પામતો થયો.

આમ, ‘કલા ખાતર કલા’ના સિદ્ધાંતમાં જો સમજપૂર્વકનો અભિનિવેશ થાય તો તેમાં સાહિત્યકૃતિના કલાપક્ષ પર ભાર મુકાયો છે અને તેમાં કશું નવું પણ નથી. જ્યારે સર્જનમાં કલાતત્ત્વનું મંદીકરણ થવા લાગ્યું ત્યારે તે કલાતત્ત્વ પર ભાર મૂકવા માટે ‘કલા ખાતર કલા’નું વિધાન અસ્તિત્વમાં આવ્યું છે તેનો જો પૂરો ઇતિહાસ ખયાલમાં રહે તો આ વિધાનમાં જીવનનો પરિહાર નથી તે સમજાયા વગર રહેશે નહીં.

18

## બે કાવ્યો | નલિન રાવળ

### ૧. ગિરનારદર્શન

રૂપાયતન સંસ્થાના
આવાસની પરસાળમાંથી
જોઉં
તરણાં ઝૂલે ઝૂલતી ગિરિકુંજને
સ્પર્શી
વહેતો પાણીનો વહેળો
નજીકમાં
પર્ણછાયા વૃક્ષની તળે
ઊભેલી બેપાંચ ગાય-વાછરડા
પર
લ્હેરાતી હવાને ભીંજવતી વર્ષા
સામે
ભવનાથ મંદિરની લગોલગ
વૃક્ષોની હાર વીંધી જતો
કૂંજ પંખીના રવથી
      ગુંજતો રસ્તો –
રસ્તો ટૂક પર ટૂક ચડી
આવી પહોંચ્યો
વાદળપારના શિખર ઉપર
ઊભેલા
દત્તાત્રયના પાવક સ્થાનક પર.
સામે ક્ષિતિજ સરસા
એ
અન્ય શિખર પર ઊભું
દાતારનું પાવક સ્થાનક.
ત્યાં –
ચારે તરફ ઝાડીઓમાં
ઝળાંઝળાં સૂર્યનો પ્રકાશ...
અને
ચોમેર ત્રાડતી
      ગર્જી ઊઠી સિંહની ડણક.

## ૨. મીરાંબાઈનાં પદો

ઝાકળભીની સવાર પ્રસરે
ગુંજે
મનમાં મીરાંબાઈનાં પદો
પર્ણ ભરેલી ડાળડાળથી
કલરવ કરતા
ઊડવા લાગે પંખી.
યમુનાનાં શીતળ જળ
ઊછળે
સંતકુટીરે વહે
ભજનની લહરી.
જળ ભરવાને જતી કન્યકા
શિર
પર મટુકી ધરી.
વૃંદાવનનાં ગ્વાલબાલ સૌ
ધેનુને લઈ જતા
સીમની ભણી.
બરસાનાની શેરી શેરીએ
લઈ હાથમાં બંસી
રાધા રાધા રટતા
ફરી રહ્યા શ્રીહરિ.

# બે સૉનેટ | દેવેન્દ્ર દવે

## ૧. ચલ્લી

(વસંતતિલકા)

તલ્લીન હું કવિત-વાચનમાં થયેલો
ઝૂલી રહેલ હળવે તરુ ડાળખીથી
ચલ્લી ધસી પ્રવિશતી ઘરમાં અચિંતી
આવી 'ફટાક' દઈને અથડાઈ પંખે
'ચીંચીં' અવાજ કરતી પટકાય હેઠી
ભોંયે અવાચક પડી મૃતપ્રાય જાણે !

આંદોલનો હૃદયમાં જગવે અચિંતા
ઊઠે તરંગ જલમાં જ્યમ કાંકરીથી !
ઊભો થઈ નિકટ હું સરતો : 'કરું શું ?'
મારી વધી અવઢવો – કરથી ઉપાડું ?
ના, ના, હશે મૃત થયેલ રહું વિચારી.
નિઃશબ્દ હું સ્થિર ખડો જડ પૂતળા શો !
– ત્યાં તો જરી હલબલી ફફડાટ આછો...
નિશ્ચિંત હું – કિલકિલાટ સુણાય પાછો !!

## ૨. ક્યાં ?!

(વસંતતિલકા)

થોડી ઘડી વિરમવા અમને ન દેશો ?
કાલે પ્રભાત પડતાં ભરશું ઉડાન
વ્યોમે (ન રાક્ષસ સમા બનશો) – વિશાળાં
છેદ્યાં અસંખ્ય તરુઓ જ્યમ ખાટકીઓ
ઝીંકે પ્રહાર પશુ પે અતિ ક્રૂરતાથી !
જેની પરે હરખથી રચી રમ્ય માળા
વિશ્રાંતિનો દમ લઈ કરી રાતવાસો
ઊડી જતાં ગગનમાં કલશોર રેલી !

સાંજે અમે શિશુક શાં વળતાં ઘટામાં.
વૃક્ષો બચ્યાં વિરલ... ક્યાં વસવું અમારે ?!
ઈંટો ચણ્યાં સદનમાં ગરવા પ્રયાસો
– વાતાયને ફફડતાં – કરતાં ધખારા...
ચોમેર ટાવર બન્યા, નહિ ક્યાંય ડાળાં
ક્યાં બાંધવા નીડ ? કહો, ભરવા ઉચાળા ?!

## તરુણાઈ | સંધ્યા ભટ્ટ

(મન્દાક્રાન્તા)

ગાંડીઘેલી રહું ઉછળતી ને ઘણાં સ્વપ્ન જોતી;
મમ્મી-પપ્પા ટક ટક કરે કોણ એ સાંભળે છે ?
મારું નાનું જગત હતું ને હું રહું રાજી એમાં.
નાના મારા નભપટ પરે ચિત્ર હું રોજ દોરું.

ત્યાં તો આવી નવલઋતુની એ સવારી શરીરે,
ખીલી ઉઠ્યાં જળકમળ જે આજ સુધી બિડેલાં.
ડાળે ડાળે કલરવ કરે પંખીઓ ચાંચ ભોંકે,
આકાંક્ષાઓ દ્વિગુણિત થતી સાગરે જેમ મોજાં.

રેલાઈ છે સુરભિત થઈ સપ્તરંગી મદિરા,
પ્હાડી રાગે સ્વરસરિતમાં ન્હાઉં હું મત્ત થૈને
ચાહું છું કે જગસકળને બાથમાં ભીડી નાખું.
કોઈ આંખો અવિરતપણે તાકતી કેમ ભાસે ?

કિનારાને સહજરૂપથી જઈ મળું આશ એવી,
વિઘ્નો ઝાંઝાં અવશ મનને જો નહિ આંતરે તો.

## નાલંદાનાં ખંડેરોમાં | નીતિન વડગામા

શોધું છું હું નિજનો નાતો નાલંદાનાં ખંડેરોમાં,
પડછાયો મારો લંબાતો નાલંદાનાં ખંડેરોમાં.

એકાએક જ કેમ થયું'તું આમ ઉથાપન અજવાળાનું ?
એ જ વિચારોમાં અટવાતો નાલંદાનાં ખંડેરોમાં.

કાળ હજી હણહણતો આજે ઇતિહાસોનાં પાને પાને,
ઊઘડતી મોંઘી મિરાતો નાલંદાનાં ખંડેરોમાં.

લાગ્યા કરતું વીતેલો એ વખત પછી ફેરવશે પડખું,
જાગે છે જાણે કે રાતો નાલંદાનાં ખંડેરોમાં.

અવશેષો થઈને ઊભેલા ખંડોના પથ્થરની વચ્ચે,
સૂતી છે કંઈ ભગવી વાતો નાલંદાનાં ખંડેરોમાં.

તેજ અગોચર મેઘધનુના રંગો થઈ અવતરતું રહેતું,
શ્વાસે શ્વાસે હું રંગાતો નાલંદાનાં ખંડેરોમાં.

# ત્રણ કાવ્યો | મેહુલ દેવકલા

## ૧. સર્જનની ક્ષણે

આવ આવ સર્જનની આ ક્ષણે
આવી ને મળ, યુગો જેવી ક્ષણોને આંબીને,
અસ્તાચળના સૂરજને થાપ આપીને,
કિનારા પરની રેતીને જાણે પ્રેમ પ્રેમ અને પ્રેમથી –
તરબતર કરી દેતાં એ સંધ્યા ટાણેનાં,
દરિયાઓનાં મોજાંઓની જેમ.
મળ, આવીને મળ, આવીને મળ.
કાગળ પર ધીરેથી દબાતી મારી કલમના પોચા
અવાજ સમ પગલે,
દોડી આવીને ઊતર.
અમરત્વ પામવા રચાતા એ શબ્દમૈત્રકોના રૂપે,
મારી તારા પ્રત્યેની એક અંતિમ ઇચ્છા રૂપે.
મારી અમરત્વ પામવા રચાયેલી હૃદયસ્થ –
– કવિતાઓ રૂપે તું આવ, આવ, આવ.
સર્જનની આ ક્ષણે.

## ૨. મધદરિયે

મધદરિયે,
હા, મધદરિયે; નવી દિશામાં નવી ભૂમિના પંથે, હા મધદરિયે.
કોક નવા સૂરજને કાજ, ગમતીલા સંગીને સાથ,
અણદીઠેલ વિસ્મયની પાર,
બે પ્રવાસી, હોકારે ના દેતા તાલ,
એક જ હામ, મધદરિયે. હા, મધદરિયે.

લંગર છૂટ્યાં, કિનારા તૂટ્યા, દીવાદાંડીનાં અજવાળાં ખૂટ્યાં,
બે પ્રવાસી, ભણકારે ના ગણકારે, ડૂબતા સૂરજના સથવારે,
નવી સવારે, આંખમાં આંખ, શ્વાસમાં શ્વાસ,
એક રાગ, મધદરિયે, હા, મધદરિયે.

નાનાં નાનાં ભંગાણો, મોટાં મોટાં ભંગાણો,
નાનાંમોટાં ભંગાણો
નકશામાં ના જડે કે પછી નકશા જ ના જડે,

એક હલેસું ગુલાબી અને બીજું હલેસું સાહસી,
દિવસે – રાત, રાતે દિવસ, બે પ્રવાસી અજવાળી એ અમાસે,
તારાઓનાં પ્રકાશે, મધદરિયે, હા, મધદરિયે.

નવા સૂરજના અફર ઇરાદે, ઢળતી સાંજે, કોક નિરાંતે,
બે પ્રવાસી, ના, ના, એક પ્રવાસી,
એક હલેસું, દઈ દે ના રુઝાતું એક ચકામું સફરનાવ-
-ના તળિયે.
ને જઈ ચડે એક બીજા પ્રવાસે, મધદરિયે, હા, મધદરિયે.

આ પ્રવાસી ?
હા, આ પ્રવાસી,
ના દીવાદાંડી, ના હોકાયંત્ર, આભાસે – આભાસે,
ખારાં પાણી બુડ બુડ કરી ધીમા વેગે ધસમસતાં
સફરનાવના તળિયે,
પગ ડૂબ્યા, ઘૂંટણ પણ, ને હવે એક હલેસાવાળો –
હાથ પણ,
કાલ ડૂબશે માથું અને એ ખભો પણ,
જ્યાં લીધા હતા શ્વાસ કોકે, નિરાંતે પ્રવાસે,
એ નવી ભૂમિના નવા સૂરજની આસે,
મધદરિયે, હા ? મધદરિયે.

## ૩. એકાંત રાત્રિએ

દઝાડતા ચંદ્રના એ ધગધગતા પ્રકાશમાં
પેલા મારગ ભૂલેલા મુસાફરને
દોડાવી દોડાવીને હંફાવી દે છે
પેલા ખૂની ન્હોરવાળા વરુઓનું એ ઝુંડ
બચવાની આશા નથી
છતાં ભાગે છે એ મુસાફર
હાફતાં હાફતાં પડે છે.
ને પેલો અણિયાળો પથ્થર પહેલાં એના વસ્ત્રને,
પછી ચામડી અને માંસને ચીરીને છેક હાડને કંપાવી
દેતો એક ઊંડો ઘસરકો પાડી દે છે.
અને એમાંથી ટપકવા માંડે છે ઘેરું ભૂરું રક્ત !
પેલા વરુઓના ઝુંડને આક્રામક બનાવી દેતું

ઘેરું ભૂરું રક્ત !
હાફતાં હાફતાં, શ્વાસ ખૂટી પડે એ પ્હેલાં તો તૂટી પડે છે
વરુઓનું ઝુંડ
ને પછી ઊડે છે ઘેરા ભૂરા રક્તના ફુવારાઓ
જ્વાળામુખીની લપટોની જેમ,
પણ નથી પ્હોંચી શકતા એ પેલા દઝાડતા ચંદ્રના
ધગધગતા પ્રકાશ સુધી
એકાંત રાત્રિએ.

## તમે | પ્રફુલ્લ રાવલ

૧

એકાએક વૃક્ષ ટહુક્યું
ને હું થયો ઝળાંઝળાં
બીજી ક્ષણે નભમાં થયો ઝબકાર
જોયું તો તમે ઊભાં હતાં બારણે
એકોતેર પેઢીનો આનંદ લઈને
હા, તમે જ હતાં.

૨

એકાએક આ શું વીંટળાઈ વળ્યું મને ?!
જોયું તો તમારી હથેળીમાં રમતો'તો શરદપૂનમનો ચાંદ
ને મારો હાથ હતો લંબાયેલો.

૩

એકાએક ખીલી ઊઠી છે આ દીવાલ
ને એને ફૂટી છે પાંખો
ફફડી રહી છે એ આંખો ઊડવા
તમે તો નહોતું જોયું ને એની સામે ?!

૪

એકાએક ખંડમાં ખળખળ વહી રહ્યું સ્મિત
દીવાલ પર લટકતી છવીમાં
તમે તો ડોકિયું નહોતું કર્યું ને ખંડમાં ?!

## એ કોણ છે ? | હર્ષદ ચંદારાણા

કોઈ મારામાં નિરંતર ટળવળે, એ કોણ છે ?
કૈં વરસથી મુક્ત થાવા ખળભળે, એ કોણ છે ?

આમ તો દેખાય જાણે મારું એ પ્રતિબિંબ છે,
રોકનારું બારણાની ભોગળે એ કોણ છે ?

ત્રાટક્યું છે ઘોર અંધારું પુરાણા ઘર ઉપર,
દીપ પ્રગટાવી સ્મરણના, ઝળહળે એ કોણ છે ?

સ્હેજ સળગી જોયું, પ્રગટ્યાં ગીત રોમેરોમમાં,
હર સ્વરે જે મીણ માફક ઓગળે એ કોણ છે ?

ડૂબકી તો ખૂબ ઊંડે મારી આવ્યો, ત્યાં નથી;
આ સપાટી પર સરે ને સળવળે એ કોણ છે ?

આંખના પાષાણ તોડી નીકળે ને ભીંજવે,
આ ઝરણ રૂપે સદાયે ખળભળે એ કોણ છે ?

## નોંધ | વિપાશા

ડૉક્ટરે આપેલી દવાઓ બંધ કરી મેં – મગજ માટે – મગજને પૂછી
એક-બે અઠવાડિયાં મગજ ખુશ થયું
પણ પછી જે ધમપછાડાઓ કર્યા જોયા વગર જે ભાગમભાગ
આવજા કરી મારી અંદર, એક મૂડથી
બીજા મૂડ સુધી – કંઈક આવી રીતે

મગજે ઘરો કર્યાં
મારી જ અંદર –
મારી જાણ બહાર
હું એક ઘર ફેંદું –
એ બીજું ઘર
અમે હવે
ફેંદાયેલા ઘરમાં
એકબીજાને
ભટકાયા કરીએ માત્ર.

18

## સવાયું... કોણ ? | તારિણી દેસાઈ

મકરંદ પોતાના બાપુજીનો એકમેવ પુત્ર. એમના બાપુજી એટલે રમણલાલ. તેથી જ રમણભમણ કરનારા ખરા. એમનું નામ એમના બાપુજીએ જ પાડ્યું હશે એમ લાગે છે, કારણ તેઓ કૃષ્ણભક્ત. કદાચ મથુરા-વૃંદાવનની રમણરેતીમાં આળોટ્યા હશે કે પછી જન્મ થતાં પહેલાં એમની બા જ્યારે બે જીવસોતી હશે ત્યારે રમણરેતીમાં આડી પણ પડી હોય કે કદાચ જન્મ થયા પછી રમણને એમનાં બા-બાપુજીએ રમણરેતીમાં સુવડાવ્યો પણ હોય...

જે હોય તે... પણ એટલે જ નામ પ્રમાણે ગુણ ધરાવનાર રમણલાલે પોતાના પુત્રનું નામ મકરંદ રાખેલું. પણ... તે પુત્ર નામ પ્રમાણે નીકળ્યો નહિ. એક ફૂલ ઉપરથી બીજા ફૂલ ઉપર ભમરાએ જવું જ જોઈએ. પણ મકરંદ તો એનાથી સાવ જ જુદો. એનાં ભાઈબંધ સુરેશ દીવાડકરના મત પ્રમાણે એનો સ્વભાવ તો... એવો – 'અજીબાત નાહીચ...' એટલે જરાકે નહીં જ.

વળી રમણલાલથી વિરુદ્ધ સ્વભાવ ધરાવનાર મકરંદ પોતાના નામના અર્થથી સાવ જુદો. ભમરાની માફક ભમનાર નહીં જ. એકધારી નોકરી કરનાર, વ્યવસ્થિત રીતે ભણીગણીને – નાકની દાંડીએ ચાલનાર મકરંદ ધીરે ધીરે કરતા ઘણો જ ઉપર પહોંચ્યો હતો. વળી એ પોતે એ કંપનીમાં જતો થયો હોવાથી સાહેબનો માનીતો પણ થઈ ગયો હતો, તેથી વ્યવસ્થિત રીતે ઉપર પહોંચી જ્યા કરતો.

જૂની સ્ટાઇલમાં જીવનાર મકરંદ – બાપુજીનો પડતો બોલ ઝીલતો અને બાપુજીના કહેવાથી રાતને સવાર કહેતાં પણ જરાયે અચકાતો નહિ. પણ... હમણાં હમણાંથી બાપુજીનો બોલ પડે કે તેને તે ઝીલતો નહીં પણ... વિખરાવી દેતો. તેથી બાપુજી જરા નારાજ જેવા થવા માંડ્યા હતા.

પણ... મકરંદ પાસે તો દરેક ક્ષણોનો હિસાબ રહેતો. સવારના આઠ-વીસનો ફાસ્ટ પકડવો, પછી જવાબદારીવાળી ખુરશી ઉપર અધિકારથી કામ આટોપવું અને પાછું સાંજે – છ-વીસનો ફાસ્ટ પકડી રાત્રે સાડા સાતે ઘેર પહોંચવું. પછી તો... ઘેર આવી નાહીધોઈ જમવું અને બધાં સાથે થોડી ગપ્પાગોષ્ઠી કરી સૂઈ જવું.

પણ... હા... ક્યારેક બીજી ઑફિસમાં જવાનું હોય ત્યારે એ ઘેરથી થોડો મોડો નીકળે, તે દિવસે એને રોજની માફક આઠ-વીસનો ફાસ્ટ પકડવાની જરૂર નહીં. બસ... એ પરિસ્થિતિનો લાભ બાપુજી લેવા માંગતા ત્યારે એને લાંબું લિસ્ટ આપતા. જેવું કે દાંતના ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ લેવી, દાંત ઉપર ઘસવાની તમાકુ લાવવાની, આંખમાં

ઝાંખું દેખાતું હોવાથી ડૉક્ટરની સલાહ લઈ આંખમાં નાંખવાનાં ટીપાં પૂછવાનાં, ઘૂંટણમાં ભરાયેલ વા ઉપર ઘસવા મહાનારાયણ તેલ લાવવું. પેટમાં ગૅસ થયો હોય ત્યારે ખાવાની ચૂરણની ગોળીઓ પણ ખરી, વળી પૈસા મૂકવાનું નાનું પાકીટ તો જોઈએ જ. જોકે એમની પાસે મોટું પાકીટ તો હતું જ. અને તેથી વધારે મોટું પાકીટ ગણો તો... પતરાની પેટી પણ તેમની પાસે હતી. અને તેથી મોટું પાકીટ તે હતું મકરંદનું કબાટ. પણ... એમને સતત થયું કે મારી પાસે નાનું પાકીટ તો હોવું જ જોઈએ – આઘાપાછા જતી વખતે વળી જો મકરંદ પાસે ખરીદાવીશ તો... એને ખાસ વાંધો નહીં આવે. કારણ એમાં કાંઈ એટલા બધા પૈસાનો ખર્ચો નથી. એમ વિચાર કરતાં કરતાં ઘણું લાંબું લિસ્ટ બનાવતા.

જોકે બા અને વહુને થતું કે આટલું બધું એકસાથે કરાવવાની જરૂર શી છે ? રોજ એકાદ ચીજ કરાવવી જોઈએ કે એકાદ વસ્તુ મંગાવવી જોઈએ. પણ... બાપુજીનો સ્વભાવ જરા જુદો હતો. એમને તો બધું એકીસાથે જ થવું જોઈએ ત્યારે બા મકરંદ બાબત થોડું વિચારતી. જોકે મકરંદ ક્યારેય એમને ના કહેતો તો નહીં જ. એણે આખુંયે લિસ્ટ પોતાની બૅગમાં રાખી દીધું હતું. જોકે એ લિસ્ટ ઘણાબધા દહાડાથી એની પાસે જ હતું. પણ... એ લિસ્ટમાંથી હજી સુધી એકેય ચીજ આવી હોય એવું બન્યું નહોતું. જોકે મકરંદ આમ તો દરેક બાબતમાં ઘણો જ particular હતો.

આજે મકરંદને સીધું ઑફિસે જવાનું નહોતું. પણ... બેત્રણ જુદી જુદી જગ્યાએ જવાનું હતું. વળી એનો દોસ્તદાર પણ એની સાથે જવાનો હતો. એને બસમાં જવું વધુ અનુકૂળ હતું. જોકે સવારમાં તો બસમાં ઘણી ભીડ હોય. કારણ બધાને જ કામે જવાનું હોય. પણ... હમણાં હમણાંથી બસમાં ભાડા વધી ગયા હોવાથી બસમાં ભીડ થોડી ઓછી હતી. ઑફિસે સોંપેલું એક જગ્યાનું કામ જલદી પતી ગયું એટલે પાછો એ બીજી બસ દ્વારા કામ માટે બીજે ગયો. બસમાં ચઢી તો ગયો પણ... અત્યારે બસ માટે ઘણી લાઇન હતી. પણ હજી પ્રૌઢાવસ્થા આવી નહીં હોવાથી બસમાં ચઢવામાં ખાસ વાંધો આવ્યો નહીં, પણ કન્ડક્ટરે બધા પ્રવાસીઓને છેક છેલ્લી સીટ પાસે મોકલી દીધા. તે પ્રમાણે એ પણ છેલ્લે બાજુ ગયો. કોઈને જ બેસવા માટે જગ્યા નહોતી. જોકે ભીડમાં ઊભા રહેવાની પરવાનગી મ્યુનિસિપાલિટીએ આપેલી હોય છે અમુક સંખ્યાની મર્યાદામાં. વળી જુવાન જેવા માણસોને તો બેસવાની જરૂર પણ હોતી નથી. બસમાં સાથે ઊભેલા બધા ગપસપ કરતાં કરતાં પોતાને ઊતરવાનું સ્ટૅન્ડ આવે એટલે ઊતરી જાય.

જોકે એને તો ટ્રેનમાં જવાની જ ટેવ. તેમ જ વખત આવે ટૅક્સીમાં જવાનું પણ થાય. તેથી બસની મુસાફરી થોડી ઓછી ગમે. પણ... એ સાધારણ માણસ તરીકે જ જન્મ્યો અને જીવ્યો છે તો પછી સાધારણ માણસની માફક તકલીફને પણ ભૂલી જવી જ જોઈએ એવું માનવાવાળો હતો.

બસ તો ચાલવા માંડી. વચ્ચે વચ્ચે જુદા જુદા સ્ટૅન્ડ આવતા ગયા તેમ તેમ માણસો

ચઢતા ગયા અને બસ આગળ ચાલતી ગઈ. એક સ્ટૉપ ઉપર તો ઘણી ધક્કામુક્કી પણ થઈ ગઈ અને એકબે ઘરડા માણસોને ગડથોલું ખાવાનો પણ વખત આવ્યો. પણ... છેવટે પાછું બધું વ્યવસ્થિત થઈ ગયું. બસમાં આજુબાજુના માણસો અંદર અંદર વાતો કરવા માંડ્યા –

'તમારી ઑફિસ ક્યાં આવી... ક્યાં જવાનું તમારે... ખાસ કરીને કયું કામ તમારે કરવાનું ?'

એવી સામાન્ય વાતો ચાલતી હતી ત્યારે એક ડોસો જોરજોરથી બોલતો હતો અને કંડક્ટર એને વઢ્યા કરતો હતો ત્યારે તલૈયા ચઢાવી પેલો ડોસો પણ સામે બોલ્યા કરતો હતો. પૈસાની બાબતમાં કાંઈક રકઝક થતી હોય તેવું લાગ્યું. અને છેવટે એ ડોસાને ધક્કો મારી સ્ટૅન્ડ આવતાં પહેલાં ઉતારી દીધો. કારણ વચ્ચે બસને રોકાવી કંડક્ટર પોલીસ સ્ટેશને બસને લઈ જવા માંગતો હતો તેથી બસમાં બેઠેલા બધા પ્રવાસીઓ ચિઢાઈ ગયા હતા. વળી બધાને જ કામે જવાનું મોડું થતું હતું. તેથી બધા જ પેલા ડોસાને ભાંડતા હતા. છેવટે એને ઉતારી પણ દીધો અધવચ્ચે બસસ્ટૅન્ડ આવતાં પહેલાં કંડક્ટરે ધક્કો મારીને. એને લીધે બધા પ્રવાસીઓ ખુશમાં આવી ગયા હતા, કારણ ઑફિસમાં જવા માટે સમય બચી ગયો હતો. આવું તો બસમાં રોજ થતું હશે. પણ... મકરંદ બસમાં ક્યારેય જતો નહીં હોવાથી એને માટે આ અનુભવ નવો હતો.

એ જૂની સ્ટાઇલમાં માનનારો હતો તેથી ઘરડા માણસોને હેરાન કરવા ના જોઈએ તેવું માનતો હતો. એને પેલા કંડક્ટરની જ ભૂલ લાગતી હતી. જ્યારે બસના બીજા બધા પ્રવાસીઓ – ડોસાને ધક્કો મારી ઉતાર્યો હતો તેથી ખુશ હતા. જોકે ધક્કો મારવાથી એ ડોસો બસ સ્ટેન્ડ ઉપર પડી ગયો હતો. પણ... પ્રવાસીઓને તો એ બાબત જરાયે હરકત નહોતી. જોકે બસ તો... તે માણસને જોયા વગર જ આગળ ચાલવા માંડી હતી.

મકરંદ તો જલદી જલદી ઑફિસે પહોંચી ગયો અને કામે લાગી પણ ગયો. પણ... બસમાંથી જે ડોસાને ધક્કો મારી ઉતારી દીધો હતો તે એને બરાબર પોતાના બાપુજી જેવો જ લાગ્યો હતો. નવાઈ લાગે એવી વાત. કારણ બાપુજી ક્યાં વળી એની બસમાં ચઢવાના હતા ? પણ... કામ કરતાં કરતાં વચ્ચે પાછો એ જ વિચારે ચઢતો. એ ડોસાનો ગાલનો ભાગ ખૂણામાંથી ઊપસેલો હતો અને ચોરસ મોઢું બરાબર બાપુજી જેવું જ લાગતું હતું. વળી માથા ઉપર ટાલ પણ બાપુજીના માથા ઉપરની ટાલ જેવી જ, વળી માથા ઉપર ઘારી જેવો જ ઘાટ. અને પાછળ વાળનો જથ્થો. તેથી ટાલ હોવા છતાં પણ બેએક મહિને વાળ તો કપાવવા જ પડે. ત્યારે બા હંમેશ કહેતી –

'આમ તો એ રિટાયર્ડ થઈ ગયા છે એટલે કમાણી નથી. વળી માથે વાળ પણ નથી. પણ... પાછા વાળ કપાવવાના તો પૈસા થાય જ છે. અને હમણાં મોંઘવારી વધવાથી વાળ કપાવવાના પૈસા પણ ઘણા વધી ગયા છે.'

એ બધું તો... જાણે ઠીક, પણ... ધારો કે બાપુજીને ધક્કો મારી પાડી નાંખ્યા હોય તો... એમને ઘણું વાગ્યું હશે... એનું શું ? હું તો ઑફિસમાં છું તો પછી બાપુજીને કોઈ લઈ ગયું હશે દવાખાને ?

અરે... પણ બાપુજી હોય કેવી રીતે ? તેઓ તો હવે રિટાયર્ડ થઈ ગયા છે તેથી એમને બહાર જવાની જરૂરત નથી. વળી એ તો જમીકરીને આરામથી સૂઈ જાય છે. એટલે એવોતેવો વિચાર કરવો યોગ્ય નથી.

પણ... પેલા ડોસાની વાત કરવાની રીત, કચકચ કરવાની રીત, મોટેમોટેથી બોલવાની રીત પણ... બાપુજી જેવી જ હતી અને પાછો સાઇડનો ચહેરો તેમજ માથા ઉપરની ટાલ અને ધારી તેમજ પાછળના ભાગમાં વધેલા વાળ – બધું બરાબર બાપુજી જેવું જ.

અને એને યાદ આવ્યું –

'એક વખત બસમાં બાપુજીએ કચકચ કરેલી. હું અને બા-બાપુજી બસમાં ચઢ્યાં ત્યારે બાજુવાળા શારદાબહેન પણ બસમાં ચઢતાં હતાં. શારદાબહેન હંમેશ પોતાના બસના પૈસા બીજા પાસે ખર્ચાવવા જુદા જુદા નુસખા અજમાવે. તે દિવસે એમણે બાપુજીને પકડ્યા અને ભાવથી પૂછ્યું –

'રમણભાઈ ! તમારે ક્યાં જવાનું છે ? તમારી ટિકિટ હું કઢાવી લઉં છું.'

ત્યારે બા પણ સાથે જ હતી. એણે કહ્યું –

'ના... રે ના બહેન ! તમે શું કામ કઢાવો અમારી ટિકિટ... તમે તમારી કઢાવો અને અમે અમારી કઢાવીશું.'

હજી માંડ આ વાક્ય પૂરું થાય તે પહેલાં બાપુજીએ તો પચાસ રૂપિયાની નોટ કાઢી કંડક્ટરને એકદમ આપી દીધી અને અમારી ત્રણેયની તેમજ શારદાબહેનની ટિકિટ કાઢવાનું કહ્યું. કારણ કોઈ એમની ટિકિટ કઢાવે એ યોગ્ય જ નથી તેથી એમનું પુરુષાતન જાગ્યું હતું. તે તો ઠીક મારા ભાઈ ! પણ જ્યારે કંડક્ટરે હિસાબમાં આઠ આના ઓછા આપ્યા એટલે પછી બાપુજી લઢવા માંડ્યા અને કંડક્ટરને પૈસા ઓછા આપવા માટે પૈસા ખાનાર તરીકે સાબિત કરવા માંડ્યા. ત્યારે બસમાં આજુબાજુ બેઠેલા પ્રવાસીઓ એમને સલાહ આપવા માંડ્યા –

'અરે... અરે... મોટાભાઈ ! તમને આઠ આના ઓછા આપ્યા એમાં વળી કયું મોટું નુકસાન થઈ ગયું તમને ? કદાચ એની પાસે છૂટા નહીં હોય પછી... એ કરે પણ શું ?

આવું સાંભળી બા તરત જ ચિઢાઈને તાડૂકી –

'તે... હેં... મકાના બાપુ ! મારા બસના પૈસા ખરખવાની તો તમારી જવાબદારી ખરી, પણ – આ શારદાબહેનની જરાય નહિ... આઠ આના તમને ઓછા મળ્યા તેથી

તમે ચિઢાયા તો... પછી તમે એમની ટિકિટના પૈસા ખરચી બીજા આઠ રૂપિયાનું નુકસાન શું કામ વેઠ્યું ?'

આવી બધી વાતો મનમાં યાદ આવ્યા કરી અને આમ મનમાં સતત અવઢવ રહ્યા કરી. ઑફિસમાં બેસીને પણ કાંઈ કામ થતું નથી સમજી – તે જલદી ઘેર આવવા નીકળ્યો – માથું દુઃખે છે કહી. ઘેર આવી ઘરમાં આજુબાજુ જોવા માંડ્યો પણ બાપુજી ક્યાંય દેખાયા નહિ. બાને નવાઈ લાગી – મકરંદને સમયથી વહેલો આવેલો જોઈ. એણે બાપુજી માટે પૂછપરછ કરી. બાએ કહ્યું –

'એ તો સૂવાના રૂમમાં સૂઈ ગયા છે.'

આગળ વધારે બાને શું પૂછવું તે સૂઝ્યું નહિ. કારણ બાને વધારે ખબર પડી જાય તેમ તે ઇચ્છતો નહોતો. પણ... થયું થોડું વધારે જાણવું તો જોઈએ જ સમજી પાછી થોડી પૂછપરછ કરવા પૂછ્યું –

'બા... બાપુજી કશે બહાર ગયા હતા ખરા કે ?'

'હા... એ બહાર જવાનું કહેતા હતા ખરા... અને પછી ગયા પણ ખરા.'

'તે હેં બા ! તેં એમને પૂછ્યું નહીં કે ક્યાં જાવ છો ?'

'અરે... બેટા શું કહું તને ? જો... બેટા સાંભળ... પહેલાં હું એમને જરૂર પૂછતી હતી કે ક્યાં જાઓ છો ?'

ત્યારે તરત જ ચિઢાઈને કહેતા હતા – જતી વખતે ટોકે છે... કામ કરવા જતા અટકાવે છે ?'

ત્યારે હું એમને જવાબમાં કહેતી –

'અરે... નાથ ! હું તો એટલા માટે પૂછું છું કે કદાચ તમારે આવતાં મોડું થાય કે પછી રસ્તામાં કોઈ તકલીફ ઊભી થઈ હોય તો... અમારે તપાસ ક્યાં કરવી... જો જાણતાં હોઈએ તો... સારું પડે ને ?'

એના જવાબમાં ચિઢાઈને તાડૂકતા –

'જા... જહાન્નમમાં તપાસ કરજે. બસ... હવે શાંતિથી જવા દે. તું ઓછી ભણેલી છે અને ક્યારેય નોકરી-ધંધો કર્યો નથી તેમજ ઘેર રહી પોદડા જેમ પડી રહે છે – કશું કામ કર્યા વગર, તેથી આવું બધું પૂછે રાખે છે. મારી પાછળ પડવાની જગ્યાએ નક્કર કશું કામ કરે તો...'

બા-બાપુજીની પહેલાં થયેલી આવી માથાકૂટ સાંભળી મકરંદ તો... ચૂપ જ થઈ ગયો. પણ એને પોતાના મનને સમાધાન મળ્યું નહીં. પણ... વિચાર તો આવ્યો જ કે બાપુજી ગયા હશે... ક્યાં ? પછી ધીરે ધીરે કરીને બા જૂનુ જૂનુ યાદ કરીને જુદું જુદું વિચારવા માંડી. ત્યારે પરિસ્થિતિને પામી મકરંદ બાને ધીરે ધીરે પૂછવા લાગ્યો –

'જો... બા... હું તને પૂછું તેનો બરાબર યાદ રાખીને જવાબ આપજે, બરાબર

કહેજે – બાપુજી આજના દિવસે કે પછી છેલ્લા બેચાર દિવસથી કોઈની વાત કરતા હતા... ખરા કે ?'

બાને જાણે કે યાદ આવ્યું હોય તેમ...

'હા... હા... બેટા ! યાદ આવ્યું... યાદ આવ્યું... થોડા દિવસોથી તેઓ સુનંદાબહેનનાં બહુ જ વખાણ કરતા હતા અને કહેતા હતા કે કેવી મરદ જેવી બાઈ છે – પતિ ગુજરી ગયો છે તોયે અડીખમ ઊભી છે.

'હા... અને... પાછું યાદ આવ્યું મકરંદ બેટા ! જસોદાબહેનના પતિને લકવો થઈ ગયો છે તે બાબત પણ દુ:ખી થતા હતા.'

'હં... બા... હવે તાળો મળી જાય છે – દાખલાનો... બાપુજી ચોક્કસ પેલી બહેનોને દિલાસો આપવા ગયા હશે.'

'હા... બેટા... સાવ સાચું... તારા બાપુજીનામાં સ્ત્રીઓ પ્રત્યે ભાવ ઘણો એટલે એ બધાની કાળજી લેવા ગયા પણ હોય...'

'બા... હું બાપુજીને આટલાં વર્ષોથી ઓળખું છું અને હવે પૂરેપૂરું જાણી પણ ગયો છું એમનામાં સ્ત્રીદાક્ષિણ્ય ભરપૂર છે... પણ શું આખો દિવસ ત્યાં જવાનું હોય ! એકબે વાર જઈ આવો એટલે પૂરું થઈ જાય.'

'પણ... એ લોકોને ઘેર કોઈ લેવા-મૂકવા માટે નહીં હોય તેથી તારા બાપુજીએ બધું કરી આવી શકે ને ?'

'એ જ તો એમની ભૂલ થાય છે. પહેલાં પોતાનું કામ તો કરવું એ આપણી નૈતિક ફરજ છે – પછી બીજાનું. મને બધું લાવવાનું કહે છે એના કરતાં પોતે જ પોતાની વસ્તુ લાવતા હોય તો... એમને બહાર જવાની પ્રવૃત્તિ પણ રહે અને પોતાનું કામ પણ થાય. વળી મારે લીધે કામ રખડે છે તે રખડતું અટકે.'

'હા...હા... બેટા ! હું તો બધું સમજું છું. તારે તો નોકરીનું ઘણું કામ હોય... અને એ તો સાવ નવરા ધાકોર છે.'

'આ...તો જેના બાપુજી બહાર ના જઈ શકતા હોય કે અપંગ જેવા હોય તો... એમનું કામ એમનો દીકરો કરી આપે. પણ જો... કોઈના બાપુજી તંદુરસ્ત હોય તો... તો પછી પોતે જ કરી શકે.'

'હા... બેટા... મકા ! તો તો એમણે જ કરવું જોઈએ અને એ તો હટ્ટાકટ્ટા છે. લઢવાઢ કરવામાં આગળ તો પછી... બીજું બધું કામ તો... પણ એ સમયમાં એ પરોપકાર કરી શકે ને... ઘરનાને જતી બનાવે ને... ઉપાધ્યાયને આટો આપવા..... સમજ્યો ને બેટા ! તારા બાપુજીનો એવો પરગજુ... સ્વભાવ...'

આવી બધી વાતો ચાલતી હતી ત્યાં જ બાપુજી ઊઠ્યા. બંને એકદમ ચૂપ થઈ ગયાં. આવી વાતો બાપુજીએ ના સાંભળી હોય તો સારું એવું વિચારી રહ્યા. ઊઠીને

તરત જ ચા માંગવા માંડ્યા એટલે થયું કે બાપુજીને જરાયે કોઈ વાતનો વહેમ પડ્યો નથી. ત્યાં જ મકરંદની નજર બાપુજીના કપાળ ઉપરના ઢીમણા ઉપર પડી અને ત્યાં લોહી નીકળેલું પણ લાગ્યું. વળી એનાં ઉપર દવા લગાડી પટ્ટી પણ લગાડેલી હતી.

આ જોઈ મકરંદને ખાતરી જ થઈ ગઈ કે પેલી બસમાં બાપુજી જ હતા અને એમને જ ધક્કો મારી કંડક્ટરે બસમાંથી બહાર પાડી દીધા હશે. પણ... હવે બાપુજીને પૂછવું કેવી રીતે ?

પછી... થોડી વાર પછી ચા-પાણી પીને બાપુજી સ્વસ્થ થયા હોય તેવું લાગ્યું એટલે ધીરે રહીને મકરંદે બાપુજીને પૂછ્યું –

'અરે... બાપુજી ! તમારે કપાળે લોહી કેવી રીતે નીકળ્યું ? કશે પડ્યા હતા કે ?'

આ વાક્યના જવાબમાં બાપુજી થોડા ગલ્લાતલ્લા કરવા માંડ્યા. એટલે મકરંદને પાછો વહેમ પડ્યો. જોકે અટકી અટકીને બોલવાની એમને ટેવ હતી, કારણ ઑફિસમાં એમને સોંપેલું કામ વ્યવસ્થિત ના થયું હોય અને એમને સાહેબ વઢતા હોય તો... એમણે આવી રીતે બોલવાની ટેવ પાડી હતી.

મકરંદે પાછુ દોહરાવ્યું –

'અરે... બાપુજી ! આ... કપાળે તમને શું થઈ ગયું છે ઢીમણા જેવું ? ડૉક્ટર પાસે ડ્રેસિંગ કરાવવા ગયા હતા કે નહીં ?'

એના જવાબમાં – આઘુંપાછું જોતાં...

'આ તો છે ને બેટા... તે બાથરૂમમાં જતી વખતે ધ્યાન ના રહ્યું એટલે કપડાંની ખીંટી વાગી ગઈ છે. પછી પાટા-પિંડી મેં જ કરી લીધી. આટલી નાની બાબતમાં વળી ડૉક્ટર પાસે શું જવાનું ?'

ઘરનાં બધાંને જ થયું કે આમ તો આટલાં વર્ષોથી બાથરૂમમાં ખીંટી તો છે જ. ક્યારેય એમને કે કોઈને જ વાગી નથી તો પછી આજે કેવી રીતે વાગી ? વળી બા તો સૂતી હતી એટલે એને તો આ... વાગવાની વાત ખબર જ નથી. જોકે હંમેશાં તો નાની બાબતમાં પણ હોબાળો મચાવતા હતા.

હવે... સાચી વાત જાણવી કેવી રીતે ? મકરંદને થયું કે એની જ ભૂલ કહેવાય કે એ બસમાંથી ઊતર્યો કેમ નહીં ? એ જો ઊતર્યો હોત તો... એને ખરી હકીકત ખબર પડત ને ? વળી હંમેશ બસમાંથી ધક્કો વાગતાં આવું થઈ જ શકે જો... દરેક વખતે કંડક્ટર સાથે લઢવાડ જ કરતા હોય તો...

અને મકરંદને આટલાં વર્ષોમાં ક્યારેય પોતાની ભૂલ લાગી નથી કોઈ પણ કામ કરતી વખતે. પણ... આજે અને અત્યારે એણે મોટી ભૂલ કરી દીધી છે તેવું લાગ્યું.

□

## સમજફેર | રમેશ ર. દવે

ચીમનલાલે ઓડકાર ખાઈને હાશ અનુભવી. બાજુમાં મૂકેલાં નાગરવેલનાં પાનમાંથી સરસ મઝાનું પાન પસંદ કરીને એની જાડી જાડી નસો કોતરવા લાગ્યા. ચૂનાની ડબ્બી લેવા હાથ લંબાવ્યો તો એમની નજર મનોજ પર ઠરી, નોર્મલી એ કંઈ રાહ જોતો નથી પણ આજે એ હજુ ડાઇનિંગ-ટેબલ પર બેઠો છે... કંઈ વાત કરવી હશે ? – ચીમનલાલે વિચાર્યું પણ પાછું એમને એમ પણ થયું : ના, એવું ન પણ હોય, એ મોજથી બેઠો હોય. તો ભલે, એમ કહીને એમણે ચૂનાની ડબ્બી ખોલીને પાન પર આછોતરો પટ આપ્યો. ત્યાં મનોજે કહ્યું :

‘પપ્પા, એક વાત પૂછું ? તમે મમ્મીને પ્રૉમિસ આપ્યું હતું કે તમે, મમ્મી જે રીતે, જમ્યા પહેલાં ભગવાનને દીવો કરતી હતી એમ ઘીનો દીવો કરશો. પણ...’

‘હા, પણ અધૂરી વાતે અટકી કેમ ગયો ?’

‘આથી વધુ શું કહું ? મમ્મીએ છેલ્લા શ્વાસે માગેલું ને તમે ભરી આંખે આપેલું વચન તમને યાદ પણ છે કે કેમ, એ સવાલ મને...’

‘ના, ભૂલી નથી ગયો. યાદ છે, બરાબર યાદ છે. એની અંતિમ ઇચ્છા તો કેમ કરીને ભૂલું ? પણ એ વાત સ્વીકારતી વેળા મેં એને એક વિનંતી કરી હતી – એ તને યાદ છે ?’

‘હા, તમે મમ્મીને પૂછેલું : આમ પાણિયારે ઘીનો દીવો કરવાને બદલે, શેરીમાં ફરતાં ગાય-કૂતરાંને ઘી ચોપડેલી રોટલી ખવરાવું ને પંખી સારુ પરબ લટકાવીને એમને ચણ નાખું તો ? પણ મમ્મીએ તમારી એ વાત સ્વીકારી નહોતી ને તમે ઉદાર થઈને દીવો કરવાનું વચન દીધું હતું પણ પછી તમે...’

‘હા, મનોજ, તારી વાત સાચી છે પણ અરધી સાચી છે. તું કહે છે પછી મેં... પણ મનોજ, આજે જ નહીં, મેં એ વચન આપ્યું ત્યારે પણ મારા મનથી સાવ સ્પષ્ટ હતાં કે મારી જીવનસંગિનીને, એની છેલ્લી ઘડીએ વચન ભલે આપું છું પણ ઘીનો દીવો તો નહીં જ કરું !’

‘તો પછી એવું પ્રૉમિસ કરવાનો અર્થ શું ?’

‘બસ, અર્થ તો એ જ કે મારી પ્રિય વ્યક્તિ પ્રસન્ન મનથી વિદાય લે.’

‘પણ પછી ? મમ્મી આજે જ્યાં હશે ત્યાં તમે એને આપેલું વચન પાળ્યું નથી – એ વાતે દુઃખી નહીં હોય ?’

‘ના, એ દુઃખી નહીં હોય કારણ કે એ હવે છે જ નહીં.’

‘એટલે ? મમ્મી ક્યાંય નથી એમ ? તો પછી આપણે સગાંવહાલાંને લખેલા પત્રમાં મમ્મીના નામની આગળ ‘સ્વર્ગસ્થ’ એવું નહોતું લખ્યું ?’

ચીમનલાલ ઘડીભર મનોજ તરફ અપલક જોઈ રહ્યા. પછી સાવ ધીમા અવાજે કહ્યું : 'આ વાત મેડિકલ સાયન્સનો સફળ વિદ્યાર્થી કરે છે – એનું આશ્ચર્ય છે... પણ ખેર, એ મુદ્દાને બાજુ પર રાખીને તારા સવાલનો જવાબ દઉં તો – મેં લખેલા પત્રમાં તેં હમણાં કહ્યું એ વિશેષણ તેં એટલે કે તેં અને અનુષ્કાએ ઉમેર્યું હતું એ યાદ છે ?'

'તો અમે એ લખવા માટે તમને પૂછ્યું હતું ત્યારે તમે ના કેમ નહોતી પાડી ?'

'કારણ કે તમે બંને નારાજ ન થાવ.'

'અને તમે હમણાં કહ્યું એમ, તમારી જીવનસંગિની અને અમારી મમ્મી નારાજ થાય એનો કંઈ વાંધો નહીં એમ ?'

'મનોજ આ મુદ્દે મારી એક વાત, ફક્ત મારા પૂરતી પણ તું સ્વીકારી લે તો આપણે સૌ ભવિષ્યે સહેજેય પરેશાન નહીં થઈએ – હું, મને સાંપડેલી સમજ અને શ્રદ્ધા સાથે કહું છું કે અગ્નિદાહ દીધા પછી અને ચિતા ઠરે પછી કોઈ પણ માણસનું દેહરૂપ વિલીન થાય છે અને એ સ્મૃતિ રૂપે જીવે છે માત્ર આપણાં મન-હૃદયમાં !'

'તો એ સ્મૃતિરૂપ મમ્મી માટે પણ...'

'ના, જે પ્રત્યક્ષ નથી અને તેથી દુન્યવી સુખ-દુઃખથી જે મુક્ત છે એને રાજી રાખવા ઘીનો દીવો કરવા જેવું – કમસે કમ મને ન ગમતું કામ તો હું ન જ કરું !'

□

'પપ્પા, એક વાત ઘણા દિવસથી મનમાં ઘોળાયા કરે છે ને છતાં કહું કે ન કહું – એમ થયા કરે છે એટલે કહી શકતો નથી...'

'હા, ક્યારેક – કોઈ વાતે આવું થતું હોય છે પણ આજે જો કહી શકે તો કહે, એ વિશે મારે કંઈ કરવાનું હશે તો હું જરૂર...'

'ના, ના... એમાં તમારે કંઈ કરવાનું નથી. જે કંઈ કરવાનું છે એ તો મારે, આઈ મીન અમારે જ કરવાનું છે... પણ એ કરવું કે ન કરવું અને કરવું તો કેમ કરવું – એ વાતે જરા મૂંઝવણ છે.'

'છતાંય વાત કરવાથી તું હળવો થતો હો અને અનુષ્કાની જે કંઈ મૂંઝવણ પણ દૂર થતી હોય તો તારે માંડીને વાત ન કરવી જોઈએ ?'

'પણ વાત જરા એવી છે ને... તમને ખરાબ તો નહીં લાગે ને...'

'મનોજ, વાત કોઈ પણ હોય, મને કે તને, ઓછી કે વધુ, સારી કે ખરાબ તો લાગે જ ને ? પણ પછી એ જ વાત અંગે પૂરતો વિચાર કર્યા પછી જે કંઈ કરવા જેવું હોય તે કરી શકાય – થઈ શકે ને ?'

'પપ્પા, મમ્મીને ગયા હજુ વરસ પણ પૂરું નથી થયું, ત્યાં તમે ઘણા બધા બદલાઈ ગયા છો. તમારી વાતો, તમારાં કામ... અરે ઘરમાંની તમારી રીતભાતેય... આ બધું આટલી જ વારમાં ?'

'તેં આમ તો કશી સીધી સ્પષ્ટ વાત તો નથી કરી પણ મૂળ મુદ્દો તો સૂચવી દીધો છે... તારી વાત ખોટી નથી. હું આ વીતેલા છ-સાત મહિનામાં ઠીક ઠીક બદલાયો છું ! પણ સાચી વાત કહું તો – મૂળે હું, આજકાલ તમને બદલાયેલા-બદલાયેલા જે ચીમનલાલ દેખાય છે ને એ જ ચીમનલાલ છું પણ તારી મમ્મીની રાજીખુશી માટે મેં મારું આ, હમણાં હમણાં છતું થયેલું મનમોજી રૂપ સાવ ઢાંકી-ઢબૂરી દીધું હતું. પણ હવે એ જ્યારે મારી સાથે નથી ત્યારે મેં, એણે જિદ કરીને મારે માથે લાદેલી બધી શિસ્ત પરહરી દીધી છે – આ વાત તને સમજાય છે ?'

'પણ ઘરે કોઈ મહેમાન આવે, ખાસ કરીને અનુષ્કાનાં સગાંસંબંધી તો એમને મળવાનુંય ટાળો ને અનુષ્કા બોલાવે તો પાછા સદરોય પહેર્યા વગર એમનેમ બેઠકખંડમાં બેસો, અરે સમયસર નહાવા-જમવાનું પણ નહીં ? વળી, જમવામાં ત્રણ જ વસ્તુ – ચોથી ક્યારેય નહીં લેવાની એટલે નહીં જ લેવાની ? પછી ભલેને અનુષ્કાએ ભાવથી બનાવેલી લાપશી હોય – નહીં એટલે નહીં !'

'પણ ઉંમર પ્રમાણે આટલી કાળજી તો હરતાંફરતાં રહેવા માટે કરવી જ પડે ને ?'

'એ તો જાણે કે ઠીક પણ જમ્યા પછી ડાઇનિંગ ટેબલ તમારે જ સાફ કરવાનું ? અને એય પાછું કામવાળી બાઈના દેખતાં ? તમારી આ બધી વાતોથી અનુષ્કાનો જીવ કેટલો દુભાય છે – ખબર છે ? અને મમ્મી ગયાં પછી ઘરને તો તમે પાણીનું પરબ બનાવી દીધું છે... ટપાલી અને કુરિયર, શાકની લારીવાળા ને પ્રોવિઝન સ્ટોરનો છોકરો, અરે વધ્યુંઘટ્યું માગવા આવનારાં ટાબરિયાં – આ બધાંને ઠંડું પાણી પાવાનું ? ડિપ ફ્રીઝ આખું પાણીની બૉટલોથી ભરી દો છો – જોકે લાઇટબિલ તો તમે ભરો છો...'

'આ બધી ફરિયાદ અનુષ્કાએ તને કરી એને બદલે મને જ કહ્યું હોત તો ? એણે કયું પુસ્તક વાંચ્યું અને એમાં શું બહુ ગમ્યું અને શું ન ગમ્યું – એ બધી વાતો તો એ મારી સાથે કરે છે – તો પછી આ તકલીફો...'

'ખરા છો પપ્પા તમે પણ ! એ શું તમને આ ઉંમરે આવી બધી વાતો શીખવે ?'

'ના, એવું તો એ ન કરે પણ ચાલ, એ વાત જવા દે, સૌ પહેલાં એ કહે કે આ બધી વાતે મારે શું કરવાનું છે ?'

'બીજું તો શું ? થોડા સમયસર થાવ અને ટિપૉય પર પડેલાં છાપાં ઉપર પગ લંબાવીને ન બેસો. અનુષ્કા થાળી પીરસવાનું પૂછે ત્યારે માથું ખંજવાળવાને બદલે... આવું આવું... બીજું તો શું ?'

'તારી વાત આમ તો સાવ સાચી છે પણ આ ઉંમરે મને એ બહુ માફક નહીં આવે ! લાંબી વાત કરતાં એટલું જ કહીશ કે તારી દાદીમાએ મને હું માંડ સાત વરસનો હોઈશ ત્યારે, સવાશેર સાકરનો પડો ને ચાંદલો કરેલું શ્રીફળ મારા નાના એવા ખોબામાં

મૂકીને અને ખભે 'વાપરનાર સુખી રહો' એવી શુભેચ્છા-ભરેલા ભરતકામવાળી થેલી, અરે ભૂલ્યો, સ્કૂલબૅગ ભરાવીને રાણપુરની નાનકડી નિશાળમાં ભણવા બેસાડ્યો હતો – એ દિવસથી મારા ગળામાં આજે જેને સૌ ટાઈમટેબલ કહે છે – એ રૂપાળું ઘરેણું ઘલાઈ ગયું હતું ! ભણતર-ગણતર, ધંધો-ધાપો ને નોકરી કરી ત્યાં સુધી એ આભૂષણ મને-કમને પહેરી રાખ્યું પણ કૉલેજમાંથી નિવૃત્ત થયો ત્યારે મનમાં એમ હતું કે હાશ, હવે આ બધાંથી પરવારી જઈશ પણ ઘરમાં તો તારી મમ્મી ખુદ ઘડિયાળ હતી અને એ પણ પાછી ટકોરા મારતી ! – સાત વાગી ગયા, ઊઠવું નથી ? હજુ છાપામાં ડૂબ્યા છો તે પછી પરવારશો ક્યારે ? આમ બપોરે બાર વાગ્યે તે કોઈ નહાતું હશે ? સવાર-સવારમાં નાહી લો તો ? ભૈશાબ ક્યાં સુધી વાંચ્યા કરશો ? સવા અગિયાર તો થવા આવ્યા... પેલી કૉલેજનું સમયપત્રક તો બાંસઠમે વર્ષે છૂટ્યું, પણ ઘરમાં તો મારા વહાલા વહાલા બૉસ સાતેય દિવસ ને ચોવીસે કલાક હાજરાહજૂર હતાં ! બસ, એમને રાજી રાખવા માટે, એણે 'આવજો' કહીને આંખ ઢાળી ત્યાં સુધી નખશિખ ડાહ્યોડમરો બની રહ્યો. પણ હવે...'

'આ તો પપ્પા, તમે પૂછ્યું એટલે મેં કહ્યું; પણ એક વાત તો તમેય સ્વીકારશો ને કે આપણા ઘરની ઓશરી ને આંગણાં તમે ઉકરડા જેવાં કરી દીધાં છે... તમે પહેલાં શોખથી બાગ કેવો સરસ કરી દીધો હતો ? પણ પછી શુંય થયું તે આ ફૂલછોડ ને પેલું ઝાડ, આ વેલ ને પેલા સિઝનલ પ્લાન્ટ્સ – એમ કરતાં કરતાં ઘરમાં અંધારું અંધારું કરી મૂક્યું છે. આ ઓછું હોય એમ પાછું જાણે ગાર્ડન-નર્સરી કરવી હોય એમ, લોકોએ ફેંકી દીધેલા પ્લાસ્ટિકના ગંદાગોબરા પ્યાલા, ફાસ્ટફૂડની કોથળીઓ ને માથું ફેરવી નાખે એવી ગંધ મારતી ખાતરની બોરી... રસ્તેથી ઉખેડી લાવેલા તુલસી ને બારમાસીના છોડને પાણીની ડોલમાં મૂકી રાખો છો તે મચ્છર કેવા થાય છે – ખબર છે ? બાજુવાળાં નીલામાસી કાલે પૂછતાં હતાં – 'આ ચીનુભાઈ પેલા ઉકરડામાંથી શું વીણતા'તા ? હું શું જવાબ આપું ?'

'એ તો હું તેર નંબરવાળાં બાએ નાખેલા જાંબુના ઠળિયા વીણતો હતો – જાંબુ ને પાછાં રાવણાં ! અને હા, બાજુમાં જ કોઈ રિક્ષાવાળાએ ફેંકેલો ક્લચવાયર પણ લેતો આવ્યો'તો. આપણા દરવાજાની જાળીમાંથી મોઢું નાખીને બકરી મધુમાલતીની વેલ ખાઈ જાય છે એટલે...'

'પણ એ માટે ગૅલ્વેનાઇઝ વાયર લઈ આવો ને ! આમ કાંઈ ઉકરડામાંથી આ બધું વીણવા બેસાય ? તે દિવસે તમે, કોઈએ ફેંકેલાં થર્મોકોલનાં ખોખાંય તે ત્યાંથી જ લઈ આવ્યા હતા ને !'

'એટલે તું એમ કહે છે કે કોઈએ વેસ્ટ ગણીને ફેંકી દીધેલી વસ્તુને સારા કામમાં વાપરીએ એ પણ ખોટું ? એ બૉક્સમાં ગુલાબી, સફેદ અને પીળી લીલીઝ કેવી ખીલી

છે ? અને એમાં વાવેલી રજનીગંધાને ફૂલ તો બેસવા દે ! પછી કહેજે – એની આમતેમ ઝૂલતી દાંડીએ ખીલેલાં ફૂલ કેવાં મહેકે છે ! હા, તારી પેલી વાત સાચી છે – મંજુભાભી પણ હમણાં આવ્યાં હતાં ત્યારે કહેતાં હતાં – 'તમારું ઘર બામણનું છે પણ ઓશરી ને ફળિયું તો અદલ ખેડુનાં જ છે હોં !'

'એટલે તો કહું છું કે તમે થોડુંક તો વિચારો...' મનોજ કંઈ વધારે ન કહેવાઈ જાય એની ફિકરમાં અટકી ગયો.'

'વિચારવાનું તો મનોજ એવું છે ને કે એક વાર કાંતવા બેસું તો પાર જ ન આવે પણ હવે એમ લાગે છે કે વિચારી-વિચારીને બહુ જીવ્યો, હવે તો મન થાય એમ જીવીશ... ઊંઘ ઊડશે ત્યારે ઊઠીશ, સફેદ મઝાનો ઓછાડ વાળી-સંકેલીને મન થશે તો ડે-ટાઇમની તમે આસામથી લઈ આવ્યાં છો એ ચાદર બિછાવીશ, સવારે ફરવા જવું હશે તો અર્ધોએક કલાક ફાસ્ટ વૉકિંગ કરી આવીશ નહિતર એય...ને નિરાંતે છાપાં વાંચીશ. અને તેં કીધું છે એમ કપડાં તો... મૂળે તો આપણે બામણ એટલે પંચિયું – ને એય પાછું ગોઠણ સુધીનું – પહેરીએ તોય ઘણું ! પણ હું તો લેંઘો ને સદરો પહેરું છું – હા, બાગકામ વખતે અનુષ્કાએ લાવી આપેલો બર્મુડા પહેરું છું – તે એવી મઝા આવે છે કામ કરવાની ! ગમે ત્યાં, ગમે તેમ બેસો, મેલો થાય તો ન્હાતાં પહેલાં ટબ-પાણીમાં બોળી-ચોળીને સૂકવી દેવાનો...'

'એટલે તમે...'

'હા, હું હવે માંડ માંડ મળેલી આઝાદી મઝાથી માણીશ. એમાં તમારા શિષ્ટાચાર – પ્રોટોકોલ્સ મને નહીં ફાવે.'

'આ તો એવી વાત થઈ ને કે મમ્મીએ કહ્યું એ બધું તમે કર્યું, વિના ફરિયાદ કર્યું ! અને આજે હવે હું અને અનુષ્ઠા જો કંઈ કહીએ તો તમે... અને અમે તમને કહી-કહીને બીજું શું કહીએ છીએ ?'

'મનોજ, તેં વાત કાઢી જ છે તો પહેલાં એ સમજી લે કે તમે તમે છો અને મમ્મી મમ્મી હતી...'

'એટલે ?'

'એટલે એમ કે મમ્મી માટે મેં જે શિસ્ત સ્વીકારી એ હું તમારે માટે ન સ્વીકારું !'

'એમ ? એટલે... એનો અર્થ તો એ જ ને કે અમે તમારે માટે કશું જ નથી...'

'ના, એવું નથી... અને આમ ઉતાવળો ન થા, પહેલાં પૂરી વાત સાંભળ... અમારાં લગ્ન થયાં ત્યારે હજુ હું ભણતો હતો. ઘર બ્રાહ્મણનું એટલે ગરીબ તો હોય જ, અમેય હતાં તે તું જાણે છે. એ વખતે મમ્મીએ, બે ગાય પાળીને પાંચ-સાત વર્ષ પાર કર્યાં હતાં. ને બીજી વાત, મેં મમ્મીની બધી વાત માની અને એણે કહ્યું એ મન દઈને કર્યું એમ જ તારે માટે પણ જે કરવાનું હતું – એ બધું મન દઈને કર્યું છે !'

'મને સમજાયું નહીં...'

'તો સાંભળ, મેં કે તારી મમ્મીએ, અમારો દીકરો ડૉક્ટર થશે એવું ક્યારેય કલ્પ્યું નહોતું, કારણ, અમારી એવી ગુંજાયશ જ ન હતી. તેમ છતાં તેં ઇચ્છ્યું તો કરવી પડી એ બધી કરકસર કરીને તને ભણાવ્યો. અલબત્ત, માબાપ તરીકે અમારે એ કરવું જ જોઈએ પણ પરિસ્થિતિ સાવ જુદી હતી... ટૂંકમાં કહું તો, તું કરે છે એવી તુલના, આ બાજુથી કે પેલી બાજુથી કરાય જ નહીં.'

'તમારી વાત તમારી રીતે સાચી છે પણ અમારી મૂંઝવણો અમારી છે. વળી, આ ઘર તમારું છે એટલે અમારે કોઈએ તમને, તમે આમ કરો કે તેમ ન કરો – એમ કહેવાનું પણ ન હોય – આ સ્થિતિમાં અમે નક્કી કર્યું છે કે અમે આપણી બાજુમાં જ આવેલા, દસ-પંદર મિનિટના રસ્તે છે – એ વસંતકુંજ બંગલોઝમાં જઈએ. આવતા રવિવારે એ માટેના બહાનાની રકમ આપી દઈશું એટલે દોઢ-બે મહિનામાં પઝેશન મળી જશે. બંગલા નંબર પણ મારો એટલે કે ફાઇવ જ છે...'

'અરે ! એમ તે કરાતું હશે ? મેં એ બંગલા જોયા છે. એનો માસ્ટર બેડરૂમ તો બીજા માળે છે – અનુષ્કાને ચોથો મહિનો ચાલે છે ને તું... એક તો બબ્બે દાદરા અને ઉપર સીધું ધાબું એટલે ઉનાળે ગરમીય... ના, એમ નથી કરવાનું ! આ મેં કહી દીધું...'

'પણ પપ્પા, આમ ને આમ તો આપણે...'

'ના, આમ ને આમની વાત નથી, જો સાંભળ, આપણી જ સોસાયટીમાં લંડનવાળા ચાવડાકાકાનું ટેનામેન્ટ છે. એમાં નાનુંસરખું પણ સરસ મઝાનું આઉટહાઉસ છે. ટેનામેન્ટની ચાવી તો, તને ખબર છે આપણી પાસે જ છે. હું આજે જ એમને ઈ-મેઈલ કરી દઈશ. ના પાડવાનો તો સવાલ જ નથી, ઊલટાના રાજી થશે. બસ, અઠવાડિયામાં એને વ્હાઇટવૉશ કરાવી લઈશ પછી વગર મૂરત જોયે, વળતે દિવસે હું ત્યાં શિફ્ટ થઈ જઈશ, આમ અલગ પણ પાછાં પાસે ને પાસે, ફોન કરશો કે ત્રીજી મિનિટે આવી જઈશ... બરાબર ?'

'પણ પપ્પા, એ તો... એ તો... તમે આપણી જ સોસાયટીમાં આમ...'

'અરે, હા ! એ વાત સાચી છે. જોકે મને તો એ વિચાર જ નહોતો આવ્યો હોં. તો પછી એમ કરીએ – રાણપુરમાં ગોરભાની શેરીમાં આપણું બાપીકું મકાન છે. મહિનો-માસ એને રિનોવેટ કરવામાં લાગશે. એ તો હું દયાળજી દાદાને ઘેર રહીને કરાવી લઈશ. અને રાણપુરેય ક્યાં દૂર છે ? અમારી રીતે કહું તો, રાણપુર તો આ રહ્યું ઢેફા-ઘાએ...'

'પણ તમે આમ એકલા, આ ઉંમરે ગામડાગામમાં...'

'આ ગામડાગામમાં ને એવું બધું તો તને, તું આ ઘરમાં જનમ્યો છો ને એટલે લાગે, બાકી એ જ ઘરમાં કોઈ દાયણ-સુયાણીના હાથે જન્મ લેતાં મેં પહેલવહેલું ઉવાં ઉવાં કર્યું હશે ! ને પછીની વારતા માંડું તો એનો તો પાર જ આવે એમ નથી – એ

ઘરના આંગણામાં લીંબડા ને આંબા ઉપર ચડી ચડીને કડવી-મીઠી લીંબોળી ને ખાટાબડુસ લીલા મરવા-ખાખટી ખાધાં છે. એ આંબો તો દાદીમા કહેતાં હતાં એમ, ગામમુખી કરસનબાપાએ એમની દીકરીનાં લગન લીધાં હતાં ત્યારે જાતે પોતે આવીને વાવ્યો હતો. પણ મૂળ વાત તો એ જ કે એ ઘર મને આજેય પોતીકું જ લાગવાનું છે !'

'પણ તમારે એકલા રહેવાનું ને અમે અહીં...'

'ના, ભાઈ ના, એવી ચિંતા તું સ્હેજે ના કરતો. રાણપુરમાં હજુ મારા બાળગોઠિયા લાકડીના ટેકે ટેકે પણ હરેફરે છે. હમણાં બે મહિના પહેલાં જ સાત-બારના ઉતારા માટે નહોતો ગયો ? ત્યારે બધાને નિરાંતે મળાયું નહોતું પણ ભીખાભાઈની હોટલે કડક-મીઠી ચા પીધી અને રઝાકમિયાંનું મઝાનું પાન ખાધું – એટલે બધું તાજું-તાજું થઈ ગયું હતું. રણુભા, વખતચંદ અને રવજી ટપાલી – આ બધાની સાથે, સવાર-સાંજ પાદરના ગરનાળા ઉપર, લટકતા પગ રાખીને ગામગપાટાં મારતાં બેસીશ અને બ્રાહ્મણનો દીકરો છું એટલે જઠરાગ્નિ જાગશે ને ખાવાનું માગશે એટલે અરધા કલાકમાં ફટાફટ ભાખરી-શાક તૈયાર ! ને પાછું ઉપરિયામણમાં ભેંશના દૂધનું છરીથી કાપીને કટકા કરો એવું દહીં તો હશે જ હશે...'

'પણ અમારે માટે તમે આમ આ ઘર છોડીને...'

'તમારે માટે ન કરું તો બીજા કોને માટે કરું ? અને હવે બીજું કોઈ છે પણ ક્યાં ? છો તો તું, અનુષ્કા અને આવનારા મોંઘેરા મહેમાન જ ને ? પણ મનોજ, આ સરસ મઝાનો જવાબ ગમી જાય એવો છે પણ એ સાચો નથી. તારી સમજફેર દૂર કરવા જ નહીં; મૂળ વાત માટે પણ મારે સ્વીકારવું જોઈએ કે આ બધું મનની મોજે હું મારા માટે જ કરું છું !

18

---

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૧) **ચંદ્રમણ** (બદલીપ્રસાદના લેખોનો સંચય) સંપા : ડંકેશ ઓઝા, ૨૦૧૪ ક્વીશ પંડ્યા, પ્લોટ નં. ૧૨૯, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર-૩૮૨૦૨૮, ૧૩+૧૪૬, રૂ. ૧૧૦/- (૨) **સાવિત્રી શબ્દામૃત-૩, ભાવાનુવાદ** : કિરીટ ઠક્કર, ૨૦૧૪, યોગમુક્તા પ્રકાશન, વડોદરા, ૧૯, પૃ : ૧૬+૨૯૬, રૂ. ૮૦/- (૩) **મેહુ-માધુર્ય** : સંપા : આરતી મણિયાર, દધિચી ઠાકર, ૨૦૧૪, 'મેહમાધુર્ય સમિતિ, નવસર્જન એકેડેમી ૨૦૨, ચિરંજીવ કોમ્પ્લેક્સ, પાલડી, અમદાવાદ-૭, ૨+૧૩૪, રૂ. Nil

# નિબંધ

## "વૉશિંગ્ટન ડી. સી. : રમણીય રાજધાની" | મણિલાલ હ. પટેલ

ઘણી વાર વિચાર આવતો રહ્યો છે – છેક કૉલેજકાળથી કે બસ ફર્યા કરીએ, રખડ્યા કરીએ. આ વિશાળ ધરતીની છાતી પર, પ્હાડોમાં કરાડ-કોતરો તથા રણપ્રદેશોમાં ! નદી-સરોવરો-ધોધ અને સાગરોની સાક્ષીએ ધરતીના ખોળામાં મ્હાલતા – સૂતા – જાગતા અને વિહરતા રહીએ... આ વિશાળ પૃથ્વી એટલા માટે સ્તો છે ! આજે પણ આવી જ તરસ જાગતી રહે છે. મારા જીવને જાણે કશેય જંપ પડતો નથી... જંપવા લાયક સ્થળોની માયા લાગે છે ખરી – પણ એનેય, પુનઃ પુનઃ આવવા-પામવા સારુ – છોડીને, નવાં સ્થળે જવા જીવ ધમપછાડા કરે છે. લાંબા દિવસો અને ટૂંકી રાતોની આ અમેરિકી ઋતુમાંય કશા વિશેષ ભાવઅભાવ જન્મતા નથી... જીવને ફરવા મળે એટલે એ પાજી તો રાજી ને રાજી... લૉંગ ડ્રાઇવનો અને સાતઆઠ કલાકના એકધારા ઉડ્ડયનનો આનંદ-રોમાંચ મને મોજ કરાવી દે છે.. ને હું નીકળી પડું છું... જોકે કલાક – બેકલાકનું ડ્રાઇવિંગ કરીને – ખાસ તો કારસીટમાં બબ્બે બાળકોને લઈને – એરપૉર્ટ પર લેવા-મૂકવા આવવાનું અઘરું કામ સૌ. પ્રાપ્તિ-હેમા હસતે મોઢે ને ઉત્સાહથી પાર પાડે છે. અરવ-અનન્યા ને વિહાન-અક્ષતને તો દાદાજી સાથે લૉંગડ્રાઇવ બહુ ગમે છે. છતાં સ્વજનોની કસોટી તો થતી રહે છે.

શિકાગોથી ઊડીને વૉશિંગ્ટન આવવાનો અનુભવ બહુ રોમાંચક હોય છે; ખાસ તો તડકાવાળો દિવસ હોય અને બારી પાસેની સીટ મળે ત્યારે મુગ્ધતાને વધુ મદ ચઢે છે ! વળી વિમાનમાં હળુ હળુ વ્હેતી સુગંધિત હવા, સંગેમરમરમાંથી ઘડી હોય એવું શિલ્પી-સૌન્દર્ય ધરાવતી, મંદ મંદ અને અરવ હસતી, પરિચારિકાઓની આવજા સાથે અડી જતી શાંતિ-લહેરો : ઘડીક સ્વપ્નમાં સરી જવાનું મન થાય એવી ક્ષણોને માણતો હું 'હું કોણ છું ?' 'ક્યાં ને કેમ જાઉં છું ?' – એય ભૂલી બેઠો છું – ઘડીક તો ! હાશ ! કેવી નિરાંત છે ! નીલા આકાશમાં અને હરિયાળાં પહાડી વનો ઉપર વિમાન ઊડતું જ રહે, તડકો પોતે ચળકતો અને સ્થળજળને ચળકાવતો રહે તો મજા જ મજા. ઉલ્ફતની આવી સફરો ઓછી વાર નસીબ થાય છે. શિકાગોથી ઊડતાં જ પ્રત્યક્ષ થાય છે એનું ડાઉનટાઉન – જાણે આપણને જોતું કે જાણતું જ નથી એમ નિજરત નગર વિસ્તર્યું છે... એ આકર્ષણ કરે છે રાત્રે દીવાઓની તેજ રોશનીમાં છલકાતું હોય ત્યારે – દુનિયાનાં બધાં મોતીમાણેક જાણે ન્યૂયૉર્ક અને શિકાગોની રાત્રિઓ શણગારવા; ચોમાસે, દૂરસુદૂર ગોઠવાઈ ન જતાં હોય...! એ જાદુઈ નગરોની ચેતોહર રાત્રિઓ મનમાં ઝળક્યા જ કરે છે.

શિકાગોથી ઊડતાં જ ડાઉનટાઉન સાથે નેત્રોને ચકિત કરી દેતું, માઈલોના વિસ્તારમાં પથરાયેલું, લીલાંકાચ પાણી ચળકાવતું લેઇક મિશિગન – જેને આ કાંઠે શિકાગો વસ્યું છે અને સેંકડો માઈલ પછીના સામે કાંઠે કેનેડા દેશ જાદુ પાથરે છે. હા, ગઈ વખતે (૨૦૦૯માં) ત્યાંય ઊડીને નહીં, બાય રોડ પહોંચેલાં – જીવનનું એ સૌથી લાંબું 'લૉંગડ્રાઇવ' યાદગાર પણ ખરું સ્તો ! વિમાન સરોવરને માથે પહોંચીને દક્ષિણ-પૂર્વમાં વળાંક લે છે પણ સરોવર ઓઝલ થતાં સુધી આંખોયે તડકો-જળ-વાદળી નભની શોભા જોતી જ રહે છે. પછી શહેરો દેખાતાં ઓછાં થાય છે ને વનો-તરુવરોથી ખચિત ગિરિવરોની હારમાળાઓ ખૂટતી જ નથી... ક્યાંક દેખાય છે સડકો તો ક્યાંકથી થાંભલે થાંભલે થૂઈથપ્પો કરતી વીજવાયરોની સરી જતી મનુષ્યરચિત સૃષ્ટિ જોઉં છું... ક્યાંક જળધોધ તો ક્યાંક પહાડો-ખીણોને વળોટતી નદીઓ દેખાય છે... પણ અચરજ પમાડે છે એ તો સેંકડો માઈલ સુધી માથું ઊંચકી ઊભેલાં તરુવનો !

હજી સૂર્ય અસ્તાચળે પહોંચવાની વાર છે... અચાનક વૃક્ષો-પહાડોમાં સંતાકૂકડી રમતું મહાનગર કળાય છે – દોઢબે કલાકનું ઉડ્ડયન ઓછું લાગે છે પણ વિમાન તો ઊંચાઈઓ છોડીને વળતુંઢળતું પંખીની જેમ ઊડે છે. નીચેનાં જળવિસ્તારો અને તરુવીથિકાઓ હવે ઊઘડતાં આવે છે, હા. વૉશિંગ્ટન ડીસી આવ્યાની જાહેરાતે વિમાનમાં સળવળાટ વધ્યો છે... પણ હું તો બર્ડવ્યૂની તકનો લાભ લેતો જોયા કરું છું – ખૂલતા જતા વૉશિંગ્ટનના પરિસરોને !! અરે, વિમાનની નીચે તો પાણી જ પાણી દેખાય છે... ને આ આટલું નીચે આવ્યું તે શું જળ માથે લેન્ડિંગ થવાનું છે કે પછી ? બાપરે ! જરીક વાર તો ધ્રૂજી જવાયું... ને વિમાન તો રનવે પર હતું – સુખરૂપ ! સાંજના તડકામાં રોનાલ્ડ રેગન એરપૉર્ટ નાહી રહ્યું હતું ને સામે જ – રનવેને અડીને જ વહે છે નદી – પોટોમૅક રિવર ! ફાંટાઓમાં વિહરતી અને પહાડોની તળેટીઓ પખાળતી, નગરમાં બહુરૂપા બનીને બધે જ સામે મળતી મલકાતી પોટોમૅક રિવર જાણે આવકાર આપતી આગળને વળાંકે વળી જાય છે. મને મારી મહીસાગર ના કેમ સાંભરે ?! પાટનગર, વૉશિંગ્ટન ડીસી પોટોમૅકની ગોદમાં આળોટે છે એ જેટલું સાચું છે એટલું એય સાચું છે કે પોટોમૅક વૉશિંગ્ટન નગરને ચોરેચૌટે મ્હાલતી ને વ્હાલ કરતી વહી રહી છે – પ્રશાંત !! રાજધાની પહાડીઓ–ઢોળાવો અને રસ્તાઓ વૃક્ષોથી-સમૃદ્ધ છે... નગરનો ચહેરો જોવા તો કાર લઈને નીકળીશું ત્યારે વાત... અત્યારે તો પહેલી વાર મળું છું એવા શ્રી કનુભાઈ દોશી સાથે બેગેજ ક્લેઇમથી સીધા જ મેટ્રો ટ્રેનમાં સવાર થઈ ગયા છીએ... લંડન અને ન્યૂયૉર્ક; કૉલકાતા અને દિલ્હીની મેટ્રો ટ્રેનો મારામાં સળવળી અને જંપી ગઈ... વૉશિંગ્ટનની મેટ્રો વિશાળ, સ્વચ્છ ને શાંત છે – નગરનો એક ચહેરો તે આ !

કોઈ પણ નગરની મેટ્રો-ટ્યૂબ-ટ્રેન એ નગરના લોકજીવનનો નાડીધબકાર

સંભળાવતી હોય છે. વૉશિંગ્ટન ડીસીની મેટ્રો પણ જનજીવનનું ચિત્ર મન પર આંકે છે. નોકરી-ધંધેથી કે શોપિંગ કરીને પાછાં વળતાં લોકો થાકેલા ઓછા અને શાંત-સ્વસ્થ વધારે દેખાય છે. કોઈ વાંચે છે, કોઈ લેપટૉપ / આઇ પૅડમાં કાર્યરત છે. કોઈક જ ફોનમાં વાતો કરે છે – સાવ ધીમેથી. સાંજ પછીનાં કાર્યો માટે કે રાતપાળીએ જનારાં પ્રસન્ન છે. પ્રજાનો ચહેરો હર્યોભર્યો, ખાધેપીધે સુખી અને ભયમુક્ત અને ફરજસભાન હોવાનો અહેસાસ થાય છે. આ સામેની સીટમાં કોઈ ગુજરાતી, મેં ભણાવી હોય એવી સુકન્યાના ચહેરા જેવો જ સુંદર ઘાટીલો ઊજળો ચહેરો ધરાવતી યુવતી, થાકેલી ઉદાસ બલકે વિષાદમય કેમ લાગે છે ?! મને જોઈ લેતી – આંખો ઢાળતી ને પુનઃ બહાર જોવા છતાં કશું ન જોતી; જાણે પોતાની વેદનામાંથી બહાર આવવા અને પોતાને પુનઃ પુનઃ આ પરિદૃશ્યોમાં ગોઠવવા મથતી, મારામાં ભાવ સાથે વ્યતીતને જગવતી, એવી એને હુંય જોઈ લઉં છું... શ્રી કનુભાઈ આ પ્રજાઓની તથા નગરની વાતો કરવા સાથે, નિસબત અને કાર્યનાં પરિણામોની સિદ્ધિ વર્ણવે છે. “આપણે ઇતિહાસ રચતા-લખતા-સાચવતા નથી અને એમાંથી કશું શીખતા કેમ નથી ? – પ્રજા તરીકે એશિયનો મોજીલા ભલે હશે પણ મૂલ્યનિષ્ઠાને અને પ્રકૃતિલીલાને ગંભીરતાથી લેતા નથી...” આ એમની ફરિયાદમાં પછી તો રોજેરોજ ઘણું ઘણું ઉમેરાતું રહ્યું... હું એનાં કારણો તથા પરિસ્થિતિઓ વર્ણવતો ખરો પણ વિદ્વાન તથા ઘણા વિષયો વિશે ચિંતન-મનન કરનારા કનુભાઈને સંતોષી શકતો નહોતો ! હા, સાહિત્ય વિશેની મારી વાતો, કૃતિચર્ચાઓ તથા આસ્વાદોથી કનુભાઈ – શકુન્તલાબહેન ખુશ ખુશ થતાં હતાં ! મારી મજા તે આ ! એમાં વળી પ્રણવ-આરતી પંડ્યા ને યશવંતભાઈ જોડાતાં મજા ત્રેવડાઈ હતી, આપણા જાણીતા, સૉનેટ લખતા કવિ નટવર ગાંધી પણ ડિનર અને લંચમાં તથા રાત્રિ-વાર્તાલાપોમાં જોડાયા... આમ વૉશિંગ્ટનમાંય નાનકડું ગુજરાત રચાયું હતું !

યુએસએ-માં રહેવાનું હોય તો હું વૉશિંગ્ટનને – ઘણીબધી વિલક્ષણતાઓને લીધે – વધુ પસંદ કરું. આપણાં લોકો ગાંધીનગરને પસંદ કરે છે એ સરખામણી સાચી પણ તુલનાત્મક રીતે ઘણી દૂરની અને પાણી-પાતળી ગણાય. છોડો એ વાત ! વૉશિંગ્ટનની પ્રકૃતિ, એની મોકળાશ, શાંતિ, નદી-પહાડીઓની સંગતિ, ભય અને ભીંસ વગરની અવરજવરો, ખોવાઈ જવાની મજાઓ, એકાંત જગ્યાઓ – અરે ! કેટકેટલી સમૃદ્ધિઓથી ભર્યુંભાદર્યું આ મહાનગર જાણે કે રોજેરોજ જાદુ કરે છે. પાસે બોલાવીને બેસાડે છે ને નવુંનવાઈનું જોવા છોડી મૂકે છે...! એવું નથી કે ન્યૂયૉર્ક અને શિકાગો મને નથી ગમ્યાં. ગમ્યાં છે ને હજી ય એમનું અચરજકર જીવન તથા ગગનચુંબી ઇમારતોમાં ચાલતી વિશ્વવ્યવહારોની રહસ્યમય પ્રવૃત્તિઓ મને આકર્ષે છે ! પણ વૉશિંગ્ટન જાણે રમતુંભમતું ને મોજ કરાવતું નગર લાગે છે... જ્યારે ન્યૂયૉર્કની ગીચતા અને અજાણી અડાબીડતા મારી ભીતરમાં આજેય ભય જગવે છે.... પ્રીતિ સેનગુપ્તા કહે છે એ સાચું

હશે / છે કે કોઈ પણ નગર લાંબા સહવાસ અને નિત્યના સંવનન / અનુનય પછી જ દિલ ખોલે ને આપણું બને ! જોકે વૉશિંગ્ટને તો મને પહેલી નજરે જ પોતાનો કરી લીધો... એણે બધા ચૉક – ઍવન્યૂ અને પહોળા જનપથ મારી સામે ખુલ્લા મૂકી દીધા... ઇમારતો – બજારો – તરુવરો – મ્યુઝિયમો – મેમોરિયલ્સ જાણે હૃદય ખોલીને આવકારતાં લાગ્યાં ! પૂર્વે જાણે કે હું આ નગરના રસ્તાઓ પર અને તરુવરોની છાયામાં ચાલ્યો ન હોઉં ?! આ ચારછ માળથી ઊંચી નહીં એવી છતાં રચનાસૌષ્ઠવથી દીપતી ઇમારતોમાં હું ફરું છું ત્યારે અતડું-અજાણ્યું કેમ નથી લાગતું ?! જ્યારે શિકાગોનું બહુ જ ગમતું ડાઉનટાઉન જરાક અળગું – આઘું ને અતડું લાગે છે... શિકાગોમાં વ્હેતી નદી-નહેર ને માઈલો લાંબું લેઇક મિશિગન, ચૉક ને ફુવારાઓ, ઊંચી ને ભવ્ય ઇમારતો, એનો ઇતિહાસ ને વૈભવી વર્તમાન ગમે છે ખરાં પણ વૉશિંગ્ટનમાં ખબર નથી કે એવું શું છે ? જે મારા મનનો કબજો લઈ લે છે ને તનમાં રોમાંચ સાથે સ્ફૂર્તિ જગવે છે !

રાજધાની વૉશિંગ્ટનની ગમી ગયેલી ઘણી વાતો-વિગતોમાંની ત્રણચાર વાતો તો ચમકાવી દે એવી છે – જે હજીય મનને આનંદ-આશ્ચર્યથી ભરી દે છે. અમેરિકાની રાજધાની વૉશિંગ્ટનની અજબગજબની વાત તો છે એના ચોરાહાઓ, ખુલ્લા વિશાળ ચૉક, વૃક્ષોફૂલોથી શોભતા રસ્તાઓ, ચોકમાં ને ચૌટાનાં સર્કલો વચ્ચે મહાન નેતાઓ, સર્જકો, વિચારકો, વિજ્ઞાનીઓનાં સુંદર બાવલાં મૂકેલાં છે... ચોપાસ ફુવારાઓ છે ને એક કરતાં વધારે બાજુએ મુકાયેલી આવી અનેક પ્રતિમાઓનું શિલ્પ આબેહૂબ અને સામે જ ઊભાં રાખી દે એવું પ્રભાવક છે. બીજી ઉત્તમ વાત તે એનાં ઍવન્યૂનાં નામ ! હા, પચાસે પચાસ રાજ્યોનાં નામ એક એક એવન્યૂ સાથે જોડીને જનપથને નંબર આપ્યા છે. એટલે નકશા પ્રમાણે શકુબહેન – કનુભાઈ દોશીની કાર બધાં જ રાજ્યનામી ઍવન્યૂમાંથી પસાર થતી હતી ને હું આ મહાનગરીનું અપૂર્વ સૌંદર્ય પીતો હતો. રોમ-ઇટાલીની જૂની બંધકામશૈલી અને આધુનિક સ્થાપત્યકલાના નૂતન સંયોજનથી નિર્માણ પામેલી વૈવિધ્યસભર શૈલીહારી ઇમારતોની સૃષ્ટિ આપણને કશીક ઉદાત્તતાનો અનુભવ કરાવી રહે છે.

વૉશિંગ્ટન ડીસીનું જ નહિ, આખા અમેરિકાનું, ખરેખર તો સમગ્ર વિશ્વનું કેન્દ્ર તો છે એનું સંસદભવન; બીજે છેડે સીધી લીટીમાં દેખાતું વ્હાઇટહાઉસ (પ્રમુખ નિવાસ); વચ્ચે ઊંચા સ્તૂપ / થંભ શું ઊભેલો નૅશનલ મૉલ – નૅશનલ મૉન્યુમેન્ટ તથા એની વચ્ચેનાં હરિયાળાં ઘાસિયાં મેદાનો – તરુવરોની શીતલ-વિશાળ વીથિઓની આસપાસ રચાયેલાં પૂર્વપ્રમુખોનાં સુંદર અને નાનકડાં છતાં ભવ્ય સ્મારકો, એની વચ્ચે સરી આવતી સરિતા પોટોમેકની આકર્ષક છટા અને નાગરી અદબ !! છ-સાત માઈલના ઘેરાવાનો આ પરિસર રાજકીય અને સાંસ્કૃતિક દૃષ્ટિએ દુનિયાનું કેન્દ્ર છે – હૃદયમન છે – બુદ્ધિમત્તા અને સત્તાનું અહીં સામ્રાજ્ય છે. પૃથ્વી અને માનવજાતનાં ઇતિહાસ-ભૂગોળ; સભ્યતા-

સંસ્કૃતિ; કૃષિવિકાસ અને યંત્રયુગની અજબગજબની શોધ-સિદ્ધિઓને સમાવતાં-સમજાવતાં-દર્શાવતાં મ્યુઝિયમો પણ અહીં જ એક દિશામાં ઊભેલાં છે, વચ્ચે અને આસપાસ સરકારી વિભાગો તથા સંરક્ષણ, સલામતીને છાનાંમાનાં જોતાંચકાસતાં એકમો છે – કાર્યરત છે છતાં જાણે છે જ નહિ એમ સક્રિય છે... પેલો નૅશનલ મૉન્યુમેન્ટ માથું ઊંચકીને ઊભો છે; એની સામેના લીલાછમ ઢોળાવો પર બેથી ત્રણ લાખ લોકોને, ૧૯૬૪-૬૫ની આસપાસ માર્ટિન લ્યૂથર કિંગે સંબોધ્યા હતા... માનવતા અને સમાનતા માટે એમણે રંગભેદનીતિને પડકારી હતી. આવી ઐતિહાસિક ભૂમિ પર પગ મૂકતાં હું રોમાંચિત થાઉં છું, ધન્ય પણ !!

પાસે રચાયેલી, લાંબી કાટખૂણે ઊભેલી, દીવાલ પર ચૌદથી અઢાર હજાર અમેરિકન સૈનિકોનાં નામ છે – વિયેટનામ વૉર વેળાએ શહીદ થયેલા આ વીર સપૂતોનાં બલિદાન પછીય અમેરિકી સત્તા ઇરાક જેવાં કેટલાંય અડપલાં-નખરાં કરતી રહે છે... સૈનિકો મરે છે – એમનાં સ્વજનો જવાબ માગે છે પણ સત્તાને શાણપ આવતું નથી... પ્રજા ઇતિહાસમાંથી શીખી છે – શીખવા માગે છે પણ રાજસત્તાને ઇતિહાસમાંથી શીખવું નથી – એને તો લોહિયાળ ઇતિહાસ રચવામાં સિદ્ધિ ને સર્વોપરિતા દેખાય છે ! શહીદ સૈનિકોનાં કેટલાંય સ્વજનો રોજેરોજ આવે છે. આજેય આવ્યાં છે. હુંય મીણબત્તી લઈને દીવાલે લખેલાં નામો પર હાથ ફેરવું છું – લાગણીભીનો થાઉં છું. મારું મન પણ ભરાઈ આવે છે. પ્રમુખ જેફરસનના સ્મારકને અડીને હું ભવ્ય લાગતા – રોમન બાંધણીથી ઓપતા અબ્રાહમ લિંકન મેમોરિયલની પરિક્રમા કરતો સમગ્ર પરિવેશને ઝીલું છું... સિવિલ વૉરની જીત વખતે લિંકને આપેલું વિશ્વવિખ્યાત પ્રવચન દીવાલે કોરેલું છે તે વાંચીને ભીની આંખો મીંચી દઉં છું.

□

## ગાદી | રમેશ કોઠારી

જાજરમાન મુસ્લિમ માજી અને તેમના દીકરાઓની માલિકીની 'મનસુરી ગાદલા ભંડાર' દુકાનમાં તૈયાર થયેલાં ગાદલાં, રજાઈઓ, ઓશીકાએ અમને કડકડતી ઠંડીમાં હૂંફ આપી છે પણ કોમી રમખાણોમાં તેમની દુકાન સળગાવી દેવાઈ ત્યારે તેમને હૂંફ ન આપી શકવાનો વસવસો આજે પણ છે. ખેર, સતત વિકસતા જતા નગરમાં. આ પ્રકારની કેટલીક દુકાનોએ હજી તેમનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે, બોદલેર કહે છે તેમ, – Cities Change faster than human heart.' આમ છતાંય ખોવાતા જતા, શૈશવના અને નગરના શાંત રસ્તાઓ, ગામઠી શાળા, દેવળ, હવે કોમર્શિયલ સેન્ટરમાં ફેરવાઈ ગયેલું થિયેટર – ચિત્તતંત્રમાંથી ખસવાનું નામ લેતાં નથી.

નિવાસ... સદન... કૃપા કે એવા કોઈ લટકણિયા વિનાનું, નામવિહોણું, ક્યાંક પતરા તો કોઈ જગાએ નળિયાં કે લાકડાંની છત ધરાવતું મારું જર્જરિત મકાન, જમીનદોસ્ત

થઈ નવા સ્વાંગમાં ફરી મેદાનમાં આવી ગયું છે, પણ તેનો ભૂતકાલીન અસબાબ – ગાદી, આરામખુરશી, બાંકડા વગેરે નજર સામે તરવરી ઊઠે છે ત્યારે આંખો સહજ ભીની થઈ જાય છે. જ્હૉન અપડાઇક યથાર્થપણે નોંધે છે તેમ, વર્ષોના ધુમ્મસને ય ભેદીને કેટલીક 'ઇમેજીઝ' ક્યારેક ઝબકી જાય છે.

ભોંયતળિયાથી સહેજ ઊંચે ચણેલી અને ઓરડાનો ઠીક ઠીક ભાગ રોકતી, મુખ્ય ઓરડાની એ ગાદી પર, ખૂબ રૂ ભરેલું અને મહાપ્રયત્ને ઊંચકી શકાય તેવા ગાદલા પર ત્રણ તકિયા અને લાકડાનું મેજ રાખવામાં આવતાં હતાં. ત્યાં થતી અનેકવિધ અને મહત્ત્વપૂર્ણ ધંધાકીય, કૌટુંબિક અને સામાજિક પ્રવૃત્તિઓને કારણે એ ઓરડો જ 'ગાદીવાળો ઓરડો' તરીકે ઓળખાતો હતો. લાકડાના મેજમાં ડાયરી, શાહીનો ખડિયો, કલમ, પેન્સિલ, પંચાંગ, ચલણી નોટો અને પરચુરણ રાખવા માટેની સફેદ, જાડી કોથળીઓ વગેરે સચવાતાં હતાં અને તેનું તાળું બરાબર વસાયું છે કે નહીં તેની ખાતરી કરવા તેને વારંવાર ખેંચતા કાકાને જોવાની મઝા પડી જતી હતી. એ ઊંચા ઓટલાની બનેલી ગાદી પર પથરાયેલા ગાદલાનો આટલો વૈભવ હતો તો તે ગાદલાની નીચેય ક્યાં ઓછી માયા હતી ? ટેલિફોન, વીજળી, નગરપાલિકાના કરવેરાનાં બીલો અને પહોંચો, સ્વજનોના પત્રો, ફોટાઓ – કોઈ અગત્યનો કાગળ ન મળે તો પહેલાં ગાદી નીચે જ તપાસ કરવાની અને મોટાભાગના કિસ્સામાં ભાગ્યે જ નિરાશા સાંપડે.

નિર્જીવ એ ગાદીનું મારી ચેતના સાથે અદ્‌ભુત ઐક્ય સધાઈ ગયું છે. જોકે, આપણો કવિ કહે છે તેમ, શાંત પદાર્થોની વાણીને કોણ સમજી શક્યું છે ?

ગંજની દુકાનેથી પાછા ફરીને પિતાજી અને કાકા ગાદી પર ગોઠવાઈને હિસાબકિતાબમાં વ્યસ્ત હોય ત્યારે અમારા સ્વાતંત્ર્ય પર આપોઆપ કાપ મુકાઈ જતો હતો. એમાંય જો 'મેળ' ન મળતો હોય, કોઈ ખેડૂત કે વ્યાપારીને સરતચૂકથી વધારે પૈસા અપાઈ ગયા હોય તો, એમના ગુસ્સાનો ભોગ ન બનાય એની વિશેષ કાળજી લેવી પડતી હતી. આવા વિશિષ્ટ સંજોગોમાં, 'મેળ' મળી જાય એ માટે ક્યારેક ઇષ્ટદેવની બાધા પણ રખાતી હોવાનું સ્મરણમાં છે. આમ જોવા જઈએ તો, આ બધા ઉધામા ક્યાંક 'મેળ' ન મળતો હોવાના કારણે જ સર્જાય છે ને ?

હિસાબી કામકાજના કલાકો બાદ કરતાં, ગાદીનો ઉપયોગ અમને મનગમતી પ્રવૃત્તિ માટે અમે કરતા હતા. અહીં બેસીને અમે જીવરામ જોષી અને ગિજુભાઈની વાર્તાસૃષ્ટિમાં ખોવાઈ જતા હતા. જૉન કાવસ, ફિયરલેસ નાદિયા, મહીપાલ, ચિત્રા અભિનીત ફિલ્મોની રસપૂર્વક વાતો કરતા હતા, ક્યારેક ગંજીફા ચીપવાનુંય ખરું. ગાદી એટલે મારે મન માની ગોદ. આમેય ગોદ અને ગાદી વચ્ચે ક્યાં ઝાઝું અંતર છે ? ઉછેરકાળમાં ગોદડીનું અનુભવેલું સાંનિધ્ય, ઉત્તરકાળમાં ગાદીમાં શાતા શોધવા દોરી જાય છે.

ગાદી સાથે સદ્ગત પિતાજીનાં અનેક સ્મરણો જોડાયેલાં હોઈ, મારે મન તેનું અદકેરું માહાત્મ્ય છે. કાળી ટોપી, કપાળે તિલક, ઊંચી જાતના ખમીસ, સફેદ લાંબા ડગલા અને ધોતિયાના પહેરવેશમાં પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા પિતાજી ગાદી પર આસન જમાવીને એમના સમવયસ્કો સાથે વ્યવસાય, સમાજ, રાજકારણની વાતો કરતા હોય કે પછી આંગણે પધારેલા કોઈ ઉચ્ચ શિક્ષિત સંન્યાસી સાથે જીવ, શિવ, બ્રહ્મ, પરબ્રહ્મની ચર્ચા કરતા હોય – ગાદીની નજીક ફરતાં અમ બાળકોનું પરોક્ષ ઘડતર થયા કરતું હતું. એ જ્યારે બજાર સમિતિની કે સુધરાઈની ચૂંટણી લડતા હોય ત્યારે મિત્રો અને નજીકના ટેકેદારો સાથે, ગાદી પર બેસીને જ બધી વ્યૂહરચના ગોઠવતા હતા.

ગાદી એટલે પથ્થરનો કે સિમેન્ટનો બનેલો સાદો ઓટલો જ નહીં. એ તો વડવાઓએ વર્ષોની સાધના બાદ અંકે કરેલ શાખનું પ્રતીક છે. એની ઉપર બેસનાર વ્યક્તિએ ભારે જવાબદારીપૂર્વક અને સામી વ્યક્તિને પ્રતીતિજનક લાગે તે રીતે બોલવાનું અને વર્તવાનું હોય છે. શું ગાદી કે શું જાજમ – બંનેને પોતપોતાની આગવી વિશ્વસનીયતા હોય છે. 'આ હું નથી બોલતો પણ જાજમ બોલે છે' એમ કહી કોઈ મહાજન-શ્રેષ્ઠી પોતાનો ચુકાદો આપે ત્યારે તે શિરોધાર્ય બની રહે. ઉપલી અદાલતમાં જવાનો અવકાશ જ ન રહે. ગાદી કે જાજમ એ જ સર્વોચ્ચ અદાલત. મારા ઘરની એ ગાદી પર કાળક્રમે ભિન્ન ભિન્ન વ્યક્તિઓને બિરાજવાનું થયું છે પણ ત્યાં દીવાલ પર ટિંગાડેલ દાદાજીનો ફોટો જાણે ચાંપ રાખી રહ્યો છે કે જેથી વર્ષોથી સચવાતાં આવેલાં મૂલ્યો જળવાઈ રહે.

હવે તો તહેવારો પણ પોતાનું સત્ત્વ ગુમાવતા જાય છે. સંબંધોનું પોત પાતળું પડતું જવાને કારણે પરિવારજનો આ નિમિત્તે પણ એકઠા થવાનું ટાળે છે, પણ ચોપડાપૂજન સમયે ત્યારે, નાનામોટા સૌ નવાં વસ્ત્રો પરિધાન કરી હાજર રહેતા હતા ત્યારે મારી એ પ્રાણપ્રિય ગાદી તો સોળ શણગાર સજીને શોભી ઊઠતી હતી. એની પર કીમતી કાશ્મીરી ગાલીચો બિછાવવામાં આવતો હતો. પૂજાવિધિ માટે જ સુરક્ષિત પિત્તળની લાંબી દીવીમાં, શુદ્ધ ઘીમાં ડબોળાયેલી દિવેટો તેજ અને સુગંધ રેલાવતી હતી. અબીલ, ગુલાલ, કંકુ, ફૂલ, હારની સામગ્રીથી ગાદી ભરી ભરી લાગતી હતી. વિધિ કરાવનાર મહારાજ અને પેઢીના ભાગીદારોના 'લક્ષ લાભ, લાભ સચવાયા'ના બુલંદ ઉચ્ચારણથી વાતાવરણ ગુંજી ઊઠતું હતું. 'કમ્પ્યૂટર પૂજન' યુગના આગમનને હજી વાર હતી.

મિચ આલ્બોમ નામના લેખકે કરેલી કલ્પના સાકાર થાય અને મારા મૃત સ્વજનો સાથે એક દિવસ ગાળવાની તક મળે તો પેલી ચિરપરિચિત ગાદી (એય હવે તો 'મૃત સ્વજન' જ બની ગઈ છે ને !) પર બેસીને મારાં માતાપિતા, કાકાકાકી વગેરે સાથે બેસીને, એમની અનુપસ્થિતિમાં વર્ષો કેવાં વિષમ રહ્યાં છે તેનો તેમને અણસાર આવ્યા દીધા

સિવાય, બસ ઊંડા શ્વાસ લીધા કરું – ફરી આ હવા મળે ન મળે.

હવે તો નામશેષ બની ગયેલી ગાદીએ મારા શૈશવને હર્યુંભર્યું બનાવ્યું છે. અહીં મને લાડદુલાર મળ્યા છે તો બાલસહજ તોફાનોને કારણે ઠપકો કે માર પણ ખાધો છે. No regrets. અહીં બેસીને રૂપિયા, આઠ આની, ચાર આની, બે આનીની અલગ અલગ ઢગલીઓ કરીને પરચુરણ ગણવામાં મદદ કરવા બદલ થોડા પૈસા વાપરવા માટે પણ મળ્યા છે. (પરસેવાની કદાચ એ પહેલી કમાણી.) ઉનાળાની ઋતુમાં પિતાજી દેશી કેરીઓ લાવતા હતા તેનો ઢગલો કરી અમે ભાઈબહેનો, આ જ ગાદી પર બેસીને સરખા ભાગે વહેંચી લેતા હતા. ગણિતના શિક્ષકની પ્રત્યક્ષ સહાય વિના, બહુ નાની વયે ગાદીરૂપી વર્ગખંડમાં અમે સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકારના પાઠ શીખી ગયા હતા. કૅલ્ક્યુલેટર મુર્દાબાદ.

ગાદીવાળા ઓરડામાં પિતાજીએ જ્યારે અંતિમ શ્વાસ લીધા હશે ત્યારે ગાદી સામે જોઈને એમને કયા પ્રકારના વિચારો આવ્યા હશે, એ મારે માટે અટકળનો વિષય છે. એમણે અને ગાદીએ પરસ્પર ગૌરવમાં ઉમેરો કર્યો હતો એ પરંપરા જળવાઈ રહે, એ કદાચ એમની અંતિમ ખેવના રહી હશે. આજે બજારમાં નીકળું છું ત્યારે કોઈ દુકાનના ઊંચા ઓટલા પર, ગાદી પર સ્થિત શેઠને બેઠેલા જોઈને, મારા ઘરનો જ વર્ષો સુધી અભિન્ન અંશ બનીને રહેલી ગાદીનું સ્મરણ તાજું થતાં મન અકથ્ય વેદનાથી ભરાઈ જાય છે. અનેકવિધ કાવાદાવા કરી, ગાદી પર ગોઠવાઈ જઈ તેના ગૌરવને નેવે મૂકનારા, સત્તાભૂખ્યા પામર જંતુડાઓ ચોમેર નજરે પડે છે ત્યારે ગાદીના ગૌરવ માટે પ્રાણ પણ હોમી દેનારા, મુઠ્ઠીઉંચેરા માનવીઓ પ્રત્યેનો અહોભાવ આપોઆપ વધી જાય છે.

ઘરમાંય માંડ માંડ ડગલાં માંડતા, કોઈ પરિચિત વયસ્ક ગૃહસ્થને ઔપચારિક પ્રશ્ન પૂછીએ, 'કેમ આજકાલ બહાર ક્યાંય દેખાતા નથી ?' તો બળાપો ઠાલવતાં તરત કહે, 'શું કરું ભાઈ ? મન તો ઘણુંય થાય છે પણ ઢીંચણની ગાદી ઘસાય છે. સરખી રીતે ચાલી શકાતું જ નથી.'

ગાદી ઢીંચણની હોય, ઘરની કે દુકાનની – એક વાર ઘસારો લાગે પછી કોણ ટટ્ટાર ચાલી શકે ? મારી એ ખોવાયેલી ગાદીની શોધ કદાચ અધૂરી રહેવા જ સર્જાઈ છે. કાશ, કોઈ અમિતાભ તેની તરફ આંગળી ચીંધીને તેના આગવા અંદાજમાં આમંત્રે, 'કુછ ઘંટે તો ગુજારિયે ઇસ ગદ્દી પર.'

18

## દર્શક : ચર્ચાની એરણ પર | નરોત્તમ પલાણ

શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' (૧૯૧૪-૨૦૦૧) હજુ હમણાં જ – એકવીસમી સદીના આરંભે જેણે આપણી વચ્ચેથી વિદાય લીધી તેની જન્મ શતાબ્દીની ઉજવણીનો મંગલ પ્રારંભ થઈ રહ્યો છે. 'પરબ' દ્વારા એકવીસમી સદીના પ્રથમ દાયકાના સાહિત્ય પ્રવાહનું એક દર્શન પણ આજે આપણા હાથમાં છે. આ એક એવો યોગ છે કે જે આપણને સાંપ્રત પ્રવાહની તુલનામાં સર્જક તરીકે દર્શકનાં લેખાંજોખાં માંડવા પ્રેરે છે. ખાસ તો દર્શક જેવો એક સકલ વિદ્યાપુરુષ જેણે શિક્ષણ અને રાજકારણ ક્ષેત્રે પણ પોતાનું ઉત્તમ નોંધાવ્યું છે. કથા, નાટક, ચરિત્ર, વિવેચન, કેળવણી-વિચાર અને હાલ આપણી નજર સામે જ લોકશાહીના જે હાલ-બેહાલ થઈ રહ્યા છે તે આપણને ઉશ્કેરે છે. ગાંધી, ઉમાશંકર અને દર્શક દ્વારા લોકશાહીની આ શક્યતાની કંઈ ચર્ચા થયેલી છે કે કેમ ? પ્લેટોનું 'રિપબ્લિક', સમાજ, સામ્યવાદ અને અહિંસક શિષ્ટ સ્વરાજ – શું કશું જ પથ્ય બન્યું નથી ? દર્શક તો આખી વીસમી સદી જોઈને ગયા, ખુદ પોતે માનભેર ચૂંટાઈને શિક્ષણમંત્રીના પદ પર પ્રતિષ્ઠ થયા પણ કેવા કેવા ખેલ બતાવ્યા મનુષ્યના મનજીભાઈએ ? વિનોબાની પક્ષરહિત લોકશાહી સામે ખુદ દર્શકે જ 'એવી લોકશાહી તો કોક એકાદા દુર્જનના હાથમાં પણ 'વીટો' સત્તા મૂકી દે' – એવા મતલબનો વિરોધ નોંધાવેલો છે. હવે આજની આ 'સપક્ષ લોકશાહી'નો વિચાર કરો. 'લોકનીતિ અને પક્ષો' નામના એક લેખમાં દર્શક કહે છે : 'લોકશાહી એ તો મુક્ત ચર્ચા-વિચારણા બાદ સામાજિક પ્રશ્નોનો માન્ય રાજકીય ઉકેલ શોધવા માટેની પદ્ધતિ છે.' છેલ્લાં પાંચ વર્ષોમાં મુક્ત ચર્ચા-વિચારણા મુક્કાબાજીમાં આવી ગઈ તેનો અંદાજ પણ કોને હતો ? સર્વોદય અને જેપીએ પ્રચલિત કરેલી 'ત્રીજી શક્તિ' એટલે આ ? આવી હોય ત્રીજી શક્તિ ? સંત-આંદોલનમાં ધર્મકેન્દ્રી ક્રાન્તિ હતી. ધર્મનો છેદ મૂલ્યનિષ્ઠાનો છેત બની રહ્યો કે શું ? ૧૯૭૩માં દર્શક દ્વારા 'લોકશાહી'નાં ૧૩૮ પૃષ્ઠો મળ્યાં તેને આજે એરણ ઉપર ચડાવવાનો અવસર આવી ગયો છે.

આવો જ ઉત્તરોત્તર ગંભીર બની રહેલો પ્રશ્ન કેળવણીનો છે. આજે અંગ્રેજી માધ્યમનો ઓડકાર કેવો આવે છે ? માતૃભાષાનું મહત્ત્વ, બુનિયાદી કેળવણીની આવશ્યકતા હતી કે નહિ ? યાદ રહે : ભારતવર્ષની આરંભની પાંચેપાંચ વિદ્યાપીઠો : ઈ. સ. પૂર્વેની તક્ષશિલા, પાંચમી સદીની નાલંદા, છઠ્ઠી સદીની વલભી, આઠમી સદીની વિક્રમશિલા અને દશમી સદીની સલતોગી જેમાંથી પ્રથમ ચાર બૌદ્ધ ધર્મ કેન્દ્રી અને દક્ષિણ ભારતની એક સલતોગી વૈદિક અભ્યાસની એમ બધી જ ધર્મકેન્દ્રી હતી. આપણે કેળવણીમાંથી 'ધર્મ'ને દૂર કરીને સમાજને સ્વચ્છંદ બનાવી દીધો કે શું ?

અબ્રાહમ લિંકનના જીવન વિશે લખવી શરૂ કરેલી પોતાની આઠમી નવલકથા 'મુક્તિમંગલા' અધૂરી મૂકીને દર્શકે વિદાય લીધી. 'બંદી ઘર' (૧૯૩૫)થી 'મુક્તિ મંગલા' (૨૦૦૦) શો છે દર્શકની નવલકથાઓનો મર્મ ? રઘુવીર ચૌધરીએ 'મહાભારતનો મર્મ' (૧૯૭૮)ને વિવેચનગ્રંથ ગણેલો, વાંચન કરતાં એમાં 'ધર્મ' કેન્દ્રસ્થાને લાગ્યો એટલે આ વિવેચનગ્રંથ નથી – એમ માનીને એને 'સમાજચિંતન'માં મૂક્યો ! શું વિવેચન ધર્મનિરપેક્ષ છે ? દર્શકની નવલકથાઓમાં કેન્દ્રસ્થાને શું 'ધર્મ' નથી ? શતાબ્દી વર્ષ નિમિત્તે આ બધી જ નવલકથાઓના અન્યોન્ય અને ગોવર્ધનરામ, ન્હાનાલાલ, ખાસ કરીને 'કુરુક્ષેત્ર'ના સંદર્ભમાં અને મેઘાણી સાથે તુલનાત્મક અભ્યાસો થવા ઘટે. આજે દિશાવિહીન બની રહેલું નવલકથાલેખન આવા અભ્યાસોથી દિશા પામશે. 'ઝેર તો પીધાં છે જાણી જાણી'ના પહેલા અને બીજા ભાગ વચ્ચે છ વર્ષનો ગાળો છે, જ્યારે બીજા અને ત્રીજા ભાગ વચ્ચે છવ્વીશ વર્ષનો ગાળો છે. પાત્ર નામનું સામ્ય જળવાય પણ વિચારોનું ? પ્રથમ ભાગના ગોપાળબાપા સાથે ત્રીજા ભાગમાં પણ ટકી રહેલા શાંતમતિ સ્વતંત્ર વિચાર માગે એવા છે. દર્શકનો બ્રાહ્મણ અને જૈનની તુલનાએ બૌદ્ધ તરફનો પક્ષપાત પણ નોંધવા જેવો છે. જરા નોંધો, મુનશી, મેઘાણી અને દર્શક ત્રણેમાં જૈન પાત્ર હળવું ચિત્રણ પામે છે ! ભગવાન બુદ્ધ અને તેમનો ધર્મસંદેશ (૧૯૫૬) દર્શકની કલમે સ્વતંત્ર વિચાર પામે છે.

'જલિયાંવાલા' (૧૯૩૪)થી 'અંતિમ અધ્યાય' (૧૯૮૩) સુધી ચાલેલી દર્શકની નાટ્યસફર, એમનાં અન્ય સાહિત્યસ્વરૂપોની તુલનાએ વધુ રોમૅન્ટિક રહેલી જણાય છે. મનુષ્યજાતિનો સૌથી મોટો માનવસંહાર કરનાર હિટલર પોતાના અંતિમ અધ્યાયમાં, ભલે થોડાક કલાકો માટે પણ પોતાની પ્રિયા ઈવાનું સાન્નિધ્ય માણે અને બંને સાથે સ્વેચ્છાએ મૃત્યુ સ્વીકારે તે મનુષ્યમનની કેવી તો અકલ્પિત લીલા છે ! અહીં મુકાયેલું પાદરી પેસ્ટર નિમોલિયરનું પાત્ર 'મનુષ્ય ધર્મથી જીવે છે, સ્વસ્થ, શીલાચારી અને શાંત રહી શકે છે.' – એમ લાગે છે કે પ્રેમ અને અહિંસાની પતાકા દર્શક વારે વારે ફરમાવે છે ! સૉક્રેટિસ, રામકૃષ્ણ પરમહંસ અને ગાંધીજીને દર્શક 'ત્રિવેણી તીર્થ' કહે છે. શા માટે કહે છે તે ખોલવા જેવું છે.

દર્શકનું વિવેચન એટલે 'મહેકતાં કર્ણફૂલો !' રઘુવીરે અપેક્ષા વ્યક્ત કરેલી કે દર્શક પાસેથી વધુ ને વધુ આવાં અનૌપચારિક વિવેચનો મળતાં રહે. 'મીરાંની સાધના' અનેક દૃષ્ટિએ ચર્ચાક્ષમ છે, જેમાં 'મીરાં વૃંદાવન ગયાનો સંભવ નથી' (પૃ. ૭૮), 'જો સૉક્રેટિસનું ઝેર ગિરધરલાલે ન પીધું તો મીરાંનું શા સારુ પીધું હોય ?' (પૃ. ૮૬), 'એક પદમાં તો મીરાં ઝેર પીવાથી મરી ગઈ તેવો ઉલ્લેખ છે.' (પૃ. ૮૭), 'મીરાંનાં રાજસ્થાની પદો(માં) આંતરબાહ્ય સંઘર્ષવર્ણન છે, જ્યારે વ્રજ અને ગુજરાતી પદોમાં મુખ્ય ભાવ બીજો જ છે.' (પૃ. ૯૦), 'વૃંદાવનના – વાતાવરણે મીરાંને – નવજન્મ આપ્યો.' (પૃ.

૯૮), 'મીરાંએ સંતમાર્ગ, યોગમાર્ગ, ભક્તિમાર્ગ ત્રણે માર્ગોને નાણી જોયા હતા' (પૃ. ૧૦૭) વગેરે ઘણાં વિધાનો ચર્ચાસ્પદ છે. પરસ્પર વિરોધી પણ છે. કોઈ એક મધ્યકાલીન કવિ વિશે દર્શકે કરેલું આ એકમાત્ર વ્યાખ્યાન છે.

૧૯૭૨માં ઊજવાયેલી મેઘાણીની પંચોતેરમી જયંતી નિમિત્તે દર્શકે લોકભારતીમાં આપેલાં ત્રણ વ્યાખ્યાનોનો સંગ્રહ ૧૯૭૨માં જ 'ભેદની ભીંત્યું ભાગવી' નામે પુસ્તિકા રૂપે પ્રગટ થયેલ છે. અહીં દર્શકની નજર માનવીની મૂલ્યનિષ્ઠા ઉપર જેટલી રહી તેટલી 'લોકસાહિત્ય', 'ચારણી સાહિત્ય' અને 'શિષ્ટ સાહિત્ય'ના સ્વરૂપ પરત્વે રહી નથી. આજે આ સ્વરૂપોની ભેદરેખા સ્પષ્ટ થઈ છે તેના સંદર્ભમાં આની ચર્ચાને અવકાશ છે.

*

હજુ આજે પણ 'વારસો ને વૈભવ'નો બીજો ભાગ વગેરે બે-ચાર પુસ્તકો પ્રકાશનની રાહ જોતાં વિંગમાં ઊભાં છે, ત્યારે જન્મશતાબ્દી નિમિત્તે દર્શકના સમગ્ર સાહિત્યને એરણ પર લેવું, ખાસ તો આપણી યુવા પેઢી માટે ઉપાદેય બની રહેશે. દર્શકનું વિચારવિશ્વ સર્વગ્રાહી છે,* તે અનેકવિધ તેજસ્વી ચર્ચાઓને જન્મ આપી શકે તેમ છે.

18

---

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૪) **તારે જમીન પર :** રવીન્દ્ર અંધારિયા, ૨૦૧૪ પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. રાજકોટ, પૃ : ૧૧૨, રૂ. ૧૦૦/- (૫) **ભારતીય વિજ્ઞાનકથાઓ :** રવીન્દ્ર અંધારિયા, ૨૦૧૪, પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. રાજકોટ, પૃ : ૧૭૬, રૂ. ૧૬૦/- (૬) **૨૧મી સદીની વિજ્ઞાન કથાઓ :** રવીન્દ્ર અંધારિયા, ૨૦૧૩, પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. રાજકોટ, પૃ : ૧૧૨, રૂ. ૧૦૦/- (૭) **આચમન : સંકલન** : પ્રવીણ દેસાઈ, ૨૦૧૩, સુષ્મા પ્રવીણ દેસાઈ, બી/૧૪, પૂનમ સોસાયટી, ૪૮, લલ્લુભાઈ પાર્ક, અંધેરી (વે) મુંબઈ-૪૦૦૦૫૮, પૃ : ૧૬૮, રૂ. ૫૦/- (૮) **બ્રહ્માંડ-ગોષ્ઠિ :** પંકજ જોષી, બીજી સંવર્ધિત : ૨૦૧૪, મોંઘીબહેન બાલવિહાર ટ્રસ્ટ, ભાવનગર, ૮+૧૧૨, રૂ. ૧૦૦/- (૯) **વિજ્ઞાન ગોષ્ઠિ જીવન ઉપયોગી ટૅકનોલૉજી** : પંકજ જોષી, ૨૦૧૪, મોંઘીબહેન બાલવિહાર ટ્રસ્ટ, ભાવનગર ૬+૯૦, રૂ. ૮૦/- (૧૦) **આસપાસની દુનિયા :** 'પંકજ જોષી, પાંચમી-૨૦૧૪, મોંઘીબહેન બાલવિહાર ટ્રસ્ટ, ભાવનગર ૧૨+૧૦૦, રૂ. ૧૦૦/-

## ભગવામાં જે ભરત ભરીને સોહે તે કવિ

**રાજેશ પંડ્યા**

ગિરનાર છે
શરદપૂનમ છે
નરસિંહ મહેતાનો ચન્દ્રક છે.
અને હરીશ મીનાશ્રુની કવિતા છે
એટલે રાસ તો જામવાનો.

...પણ રાસ રમંતા નથણી ખોવાઈ જાય તો ભજનની કડી ગાવાથી કદાચ મળી જાય. એટલે શરૂઆત એક ભજનથી...

મારા ગામના હણમાનને ઓટે શનિવારી ભરાય. એમાં સવા'તા ગાય :

**તારો રે ભરુંસો મુને ભારી**
**એવો ગરવો દાતાર**
**ગિરનારી રે ગિરનારી**

ગાતા ગાતા રામસાગર પર ટેરવાં ફરે. રણુંકાર થાય. રણુંકારે રણુંકારે એ ગિરનારનાં પગથિયાં ચડતાં જાય. ગિરનાર જેવો જ અડગ એમનો ભરોસો, ભજનના અજવાળે કળાય. એમાં આઘે આઘે ભળાય ગિરિતળેટી ને કુંડ દામોદર, જ્યાં મહેતાજી ન્હાવા જાય... રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી... એની કરતાલે પ્રાગડના દોરા ફૂટતા જાય...

આ સવા'તા જેવા ભજન ગાનાર ને ત્રિકમસાહેબ જેવા ભજન લખનાર સહુને ગિરનારનો ભરોસો ભારી. અવિચળ ને અણનમ.

છેક 'રેવંતગિરિરાસુ'ના વખતથી ગુજરાતના કવિઓનો મોટો આધાર છે આ ગિરનાર. પછી ભલેને એ મધ્યકાળના મહેતા હોય કે વર્તમાનકાળના મીનાશ્રુ. હરીશ મીનાશ્રુ તો પાછા મહેતાજીના સાખપાડોશી હોય એમ હકદાવો કરતા કહે, 'ગુજરાતી ભાષાના નાતે નરસિંહના પાડોશી રે...' જુઓ કે, નાગરી નાતે નહીં પણ ભાષાની ભાતે નરસિંહથી નાતો બાંધ્યો છે આ કવિએ. કેવો છે આ કવિસંબંધ એ જાણવા માટે 'આજની ઘડી તે રળિયામણી' કાવ્ય બરાબર વાચવું જોઈએ. આ કાવ્ય વાંચીને બરાબર સમજવાજોગ કડી છે :

**ઝાંઝર માંગું તો લાવે તુલસીની માંજર શું**
**મઘમઘતું હેમનું ઘરેણું**
**અણવટ માંગું તો ધરે બંશીવટ, લોળિયાંની**
**લ્હાયમાં વજાડી રહે વેણુ.**

ઝાંઝર એ ઘરેણું છે. ઝાંઝર પછી અણવટ ને પછી લોળિયાં. આ બધાં ઘાટ ઘડિયા પછીનાં નામરૂપ ઝૂઝવાં છે. પણ અંતે તો હેમનું હેમ છે. નરસી મેતા કે'તા તેમ છે. નરસીનાં આ ઘડેલાં ઘરેણાંમાં કવિ ભેળવે છે તુલસીના માંજરનો મઘમઘાટ. એટલે કે સોનામાં સુગંધ. વળી, કાને લટકતાં લોળિયાંને બદલે લળક લળક લળકાવે છે વેણુના સૂર, કાનમાં. આમ, પહેલાં સોનામાં સુગંધ ને પછી સુગંધમાં સૂર ભેળવી કવિ આજની ઘડીને બનાવે છે સોનેરી – સુગંધિત – સૂરમયી. આ ત્રણે ગુણવાળી ત્રિગુણાત્મક ઘડી એટલે રળિયામણી ઘડી. ઘડી ઘડી આવે નહીં એવી આ ઘડી ઘટે છે બંશીવટે વટભેર. જિહાં વટના કટકા જેવા 'હરિ લટકે ફંજેટી દિયે દામણી હો જી' એથી 'આજની ઘડી તે રળિયામણી હો જી.' આ રીતે કાવ્ય પૂરું થતા થતામાં તો હરીશ મીનાશ્રુ નરસિંહના એવા પાક્કા પાડોશી બની જાય છે કે છેક એના ઘરમાં ઘૂસી જઈ અડિંગો જમાવી દે. એનું પોત્તાનું ઘર હોય એમ. આવા કે આપડા આ ગુજરાતી કવિ.

*

આ હરીશભૈએ પેલ્લી કવિતા જ્યારે તેઓશ્રી હરિયો હતાને ત્યારે લખેલી. પાંચમા ધોરણમાં. નિશાળના નોટિસ બોર્ડ પર ટાંકણી મારીને મૂકવા. એ દર-ઘટનાને ઇયાદ કરતાં કવિ લખે છ : 'દુનિયાભરની નિશાળોમાં ટાંકણી મારીને બે વસ્તુ મુકાય છે – પતંગિયાં ને કવિતા. બંને હોય છે રંગરંગીન ને ઝીણી મૃદુલ પાંખોવાળાં.'

....પછી તો હરીશભાઈ મોટા થતા ગયા એમ પતંગિયાંની પાંખો ગરુડની પાંખોમાં પલટાતી ગઈ. ને સાત સાત સંગ્રહના સાત સાત ગગન વીંધતી, ચાંચમાં તણખલાંને ઠેકાણે શબ્દો લઈ, પંખીપદારથની શોધમાં વીંઝાતી જ રહી. સવાર-બપોર સાંજ. હરીશ મીનાશ્રુની કવિતા એટલે આ સવાર-બપોર-સાંજના તડકા જેમ સમાસમાના રંગઅજવાળાં દેખાડતી રંગ-બે-રંગી કવિતા. હરીશ મીનાશ્રુ કેવળ શુદ્ધ કલ્યાણ-કારી ખયાલ ગાનારા ખયાલિયા ગાયક જ નથી. પણ ઠૂમરી ને કજરી, ચૈતી ને હોરી, ઝૂલા ને ગઝલ એ બધી જ શૈલીમાં ગાઈ શકનાર કુશળ ગવઇયા છે. મતલબ વર્સટાઇલ આર્ટીસ્ટ. યાને કિ હરફનમૌલા. ગીત-ગઝલ, છાંદસ-અછાંદસ, ગદ્યકાવ્ય એમ ઘણાં સ્વરૂપોમાં હરીશ મીનાશ્રુ લખતા રહ્યા છે. ઘણું લખતા રહ્યા છે ને ઘણું જુદી રીતે લખતા રહ્યા છે.

હરીશ મીનાશ્રુનો પહેલો કાવ્યસંગ્રહ 'ધિબ્રાંગસુંદર એણી પેર ડોલ્યા' લયલેલૂંબ ડોલનશૈલીનો રસોન્માદી ઉન્મેષ. એમાં સુંદર કાવ્યસર્જનની સમાંતરે કવિ તત્કાલીન સાહિત્યિક પરિસ્થિતિનું ધુડીબાંગ વિવેચન પણ કરતા રહે છે; ઢોલ પર ડાંડિયો પીટતા હોય એમ ધિબ્રાંગ... ધુડીબાંગ... ધિબ્રાંગ... ધુડીબાંગ... ધિબ્રાંગ...

કોણ છે આ ધિબ્રાંગસુંદર એણી પેર ડોલ્યા ? કવિ સ્વયમ્ ખુલાસો કરતા બોલ્યા : 'લઘરો કે મગન જેવા વિડંબનના મોટીફ સાથે હું સંવાદ ન રચું તો ધિબ્રાંગસુંદર સુધી શી રીતે પહોંચું ? 'લઘરો' કે 'મગન' તો ચરિત્ર લેખે એક છે; (પણ) આ કવિ

તો કવિતાના અર્થ અને પરમના અર્થની ખેંચાખેંચીમાં તે કાળે અડધો ઘિબ્રાંગ અને અડધો સુંદર એવો દ્વિધા-પુરુષ હતો...''

આ વાંચતાં જ થયું કે અરે આ તો અદ્દલ 'ગોદો' જેવું. અડધો ગૉડ (God) ને અડધો ઇડિઅટ (Idoit). બન્યોનું ફ્યુઝન થતાંક થયો Godot. આ એનું ઊલટસૂલટ. અડધો 'ઘિબ્રાંગ' થયો ને અડધો 'સુંદર' થયો. બેય ફાડિયા જોડ્યા ત્યાં ઘિબ્રાંગસુંદર ભયો.

કવિએ એક બીજી કાવ્યકરામત કરી છે એના શીર્ષ(ક)માં. આપણાં આખ્યાનોમાં 'વૈશમ્પાયન એણી પેર બોલ્યા' એ પંક્તિ આવે. એના પરથી કવિ સંગ્રહનું નામ પાડે 'ઘિબ્રાંગસુંદર એણી પેર ડોલ્યા.' આમ મધ્યકાલીન સિલાઈમાં કવિએ સિફતપૂર્વક સીવી લીધું છે આધુનિક કાવ્યકર્પટ. એની શૈલી આખ્યાનની પણ ઘાટ ગઝલનો. અરધેથી ગીતનો ને છેલ્લે અછાન્દસમ્. ગઝલમાં પણ અરૂઝ છંદોને બદલે પિંગલવરણા માત્રામેળ. એમાંય દુહા-ચોપાઈ-સવૈયા-કુંડળિયાના લયહિલ્લોળ. એમાંથી એક રસલક્ષી કુંડલિયા (રાજવટ) તોમાર કાને લટકાવું લયભેર. આપ સાહેબોને બે ઘડી મોઝ પડસે :

**કવિતા નાહી કૂપજલ, ભાષા બહતા નીર**

**ભાષા બહતા નીર, બિંબ થિરતા ક્યમ સાધે**
**પીવા થકી જે તરસ, નીતરી નિશ્ચે વાધે**
**ચાખે જ્યમ અંગાર ચકોરી ચંદ્રવિછોહે**
**ધરી તરસનું કંઠ આભરણ કવિતા સોહે**
**તરસ રસાયણ રસી, સરસ મન રસથી ભીંજે**
**રસિક જડે તો તરત તેહ પર રસના રીઝે**
**ઘિબ્રાંગસુંદર બૈઠિયો, કેવટ હોઈકે તીર**
**કવિતા નાહી કૂપજલ, ભાષા બહતા નીર**

ઘિબ્રાંગસુંદરના અંગ પર રવીન્દ્રનાથીય બંગાળી અંચળો કેવો શોભે છે, બાઉલ જેમ, તેય જુઓ આ કડીમાં :

**તુમિ તા જાનો ના કિછુ**
**આમાર સકલ ગાન તોમારે લક્ષ કરે**
**ઘિબ્રાંગસુંદિર, તુમિ**
**ગઝલેર અંધકારે કિંશુકદ્યુતિ પ્રત્યક્ષ કરે.**

આ ઘિબ્રાંગસુંદરની કથા અહીં ટૂંકમાં કહી.

હવે આગળના મુકામે જો ઊભી ગઝલ રહી. ગઝલની ચાલ ને છટા કેવી આશિકાના હોય એ જાણવા હરીશ મીનાશ્રુની 'સુનો ભાઈ સાધો'થી માંડી 'શબદમાં જિનકુ ખાસ ખબરાં પડી' સુધીની ગઝલ જોવી પડે. લાંબી કે ટૂંકી બહર હોય, રદીફ

ન હોય કે પછી આખી પંક્તિ રદીફ હોય, ફારસી-ઉર્દૂ જબાન હોય કે સંસ્કૃત-તત્સમ પદાવલિ કે લટકમટકતી ચાલ ચાલતી ગુજરાતી. કાલની વાત હોય કે હાલની. ઇશ્ક-એ-હકીકી હોય કે ઇશ્ક-એ-મિજાજી.. હરીશ મીનાશ્રુની ગઝલ અનેક મિજાજ દાખવે છે, અનેકાનેક અખતરાઓમાં. સૌથી પહેલાં મને ગમતી ગઝલના, મનગમતા શેર :

**ન'તા નવદ્વીપ નવખંડા અહાહાહા અહોહોહો**
**ન'તા પંડિત ન'તા પંડા અહાહા અહોહોહો**

**તમસપુંજો ઘુમરતાં ગર્ભના નભમાં નિરાલંબે**
**ન'તા આશય ન'તા અંડા અહાહાહા અહોહોહો**

**હતો એક જ પુરુષ કે જેનો પડછાયો ન'તો પડતો**
**રચ્યાં તેથી સૂરજ-ચંદા અહાહાહા અહોહોહો**

સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાંની સ્થિતિ અને ઉત્પત્તિ પછીની ગતિ આ ગઝલમાં કવિએ એવી કુશળતાથી રજૂ કરી છે કે આપણને પણ થાય અહોહો... અહાહા... વિસ્મયને વ્યક્ત કરતા આ રદીફને કવિ હુજુર મહારાજના કલમામાંથી લઈ પોતીકી રીતે સાંધે છે. સાંધો ને રેણ ન કળાય એમ. બાર શેરની આ ગઝલના છેલ્લા શેરમાં કવિ જે ગામમાં વસે છે ને જે દેહમાં શ્વસે છે એ બેય વાત વણી લીધી છે :

**શ્વસે તે નિજવ્યથા વચ્ચે વસે – એ સત્ય પર વસવા**
**વસાવી નગરી આણંદા અહાહાહા અહોહોહો.**

હવે, હરીશ મીનાશ્રુની બીજી બે નોખી ને અનોખી ગઝલ. પહેલી ગઝલ છે 'પાણી.' જેનો મત્લા પાણીની જેટલો સરલ પણ અર્થ તરસ જેટલો તરલ :

**અઢારે વર્ણ માથે મેઘનાં દેખાવડાં પાણી**
**ભલે ને ગામ ખોબા જેવડું પાડે તડાં પાણી**

**હજીયે મુફલિસોનાં પાણિયારાં સાવ કોરાં છે**
**નગદ ચારે તરફ રણક્યાં કરે છો રોકડાં પાણી**

**ભરોસો પાણીનો ના રાખશો એવી સલા' આપું**
**દગો દૈ જાય છે આંખોનાં બબ્બે દેગડાં પાણી**

કવિ કાફિયાનો કેવો કસ કાઢી શકે છે તે પણ આ ગઝલમાં જાણી શકાશે. છેલ્લા શેરમાં જ જુઓને, જે દગો છે તે (આંસુને) દગો દઈને કેવાં (પાણીનાં) દેગડાં થઈ જાય છે તે. આ બધા શેરમાં કવિ, આપણી સમાજવ્યવસ્થામાં જે અસમાનતા છે તે દેખાડે છે. તો, 'શાથી છે' ગઝલમાં આપણા લોહીલુહાણ સાંપ્રતના ઊંડા સ્તર ઉઘાડે છે :

**કોઈ કહેશો મને કે આ ધમાલ શાથી છે**
**તેજ તલવાર ને તરફડતી ઢાલ શાથી છે**

**કોણે ટુચકો કર્યો છે કોણે મૂઠ મારી છે**

**આ દ્વાર, દ્વાર મટીને દીવાલ શાથી છે**
**હુતાશનીની ભસ્મ ચોતરફ ઊડે છે હજી**
**બધાના ચિત્તમાં ચપટી ગુલાલ શાથી છે**

આ ગઝલમાં, શેર પૂરા થાય ત્યારે, કવિએ પ્રશ્નાર્થચિહ્ન મૂક્યાં નથી. કેમ કે જવાબદાર લોકો જવાબ આપતા નથી કેમ કે એમની પાસે જવાબ આપવા જેવું કશું નથી. એટલે એ અકળાઈને સવાલીને સામેથી ધમકાવી નાખે છે, સરકારી ઑફિસના ક્લાર્ક જેમ –

**સવાલી છો તો અદબ જાળવીને ચૂપ બેસો**
**સવાલ પર સવાલ પર સવાલ શાથી છે**

હરીશ મીનાશ્રુ એમની એક ગઝલની શરૂઆત આ રીતે કરે : ‘બીજ પુરાતન વૃક્ષ નવીન / જડે ન શોધી ક્યાંય જમીન.’ પછી ભાવકની સાવ અડોઅડ જઈ એના કાનમાં પૂછે : ‘જળની બિચોબિચ તરસ / એને મન કહેશો કે મીન.’ મીનાશ્રુ કવિનો આ પણ પ્રશ્નચિહ્ન વિનાનો એવો વેધક પ્રશ્ન છે કે જેનો કોઈ ઉત્તર નથી. એનો ઉકેલ મળી જશે તો કવિ ગઝલ લખતા બંધ થઈ જશે, કદાચ. ને તો પછી ‘ફૂલથી નસ્તરો મૂક્યાં ને નજાકત આપી / જખ્મ પર પાથરી ઝાકળ જરી રાહત આપી’ એમ આપણે કોને કહેશું ?

*

આવા ગઝલકારની સ્પર્ધા કરી રહ્યા છે ગીતકાર. હરીશ મીનાશ્રુનાં ગીત, એમના પ્રયોગશીલ કવિકર્મને લીધે ક્યાંક પ્રતિ-ગીત થાય છે તો ક્યાંક પદ-પ્રાંજલિ. ‘પદપ્રાંજલિ’માં ઘણી ધ્રુવપંક્તિઓ (કડીઓ ને સળંગ પદરચનાઓ) પ્રાસ, લય, કવિકલ્પના અને ભાષાકર્મની ચતુર્વિધ લીલારમણાથી આસ્વાદ્ય બની છે. નમૂનાદાખલ થોડીક પંક્તિઓ...

૧. વરસાદના દિવસો હજી હમણાં જ પૂરા થયા છે એટલે પહેલા આ...

**સાધો, ટીપે ટીપે ટળવળિયાં**
**મોરની નમણી ડોકે બાંધ્યાં મલારનાં માદળિયાં**

૨. આવા ભીના દિવસોમાં, ઘણાને જેની જરૂર પડે છે તેનો ઉલ્લેખ હવે...

**સાધો, એ શું મદિરા ચાખે**
**દરાખનો જે મરમ ભૂલીને જઈ વળગ્યો રુદરાખે**

૩. અને ઘાસથી હરીભરી પૃથ્વી પર જીવસૃષ્ટિની સંભાળ લેતી આ ધ્રુવપંક્તિ...

**સાધો, વ્યાકુળ વનસ્થલિમાં**
**હરિ – અમરિતનાં કરે છાંટણાં હરિણની પગલીમાં**

‘પદપ્રાંજલિ’નાં ઘણાં પદોમાં કબીરનો ને બીજા સંતકવિઓનો વિતરાગી રણકો

સંભળાય છે. તો, 'વાલેશરીનાં પદો'માં નરસિંહનો રાગભર્યો સાદ સંભળાય છે. નરસિંહની 'પ્રીત કરે તેની પૂંઠ ન મેલે એવો એ વાલો રસિયો રે' એ પંક્તિ અને 'કેધે પડ્યો છે ગુણગારો હઠીલો મારી કેધે પડ્યો છે' એ લોકગીતપંક્તિની હારોહાર ચાલતી, હરીશભાઈના વાલેશરીના ન્હોરાં ને નખરાં દાખવતી આ પંક્તિ જુઓ :

**વાલેશરી ક્યારનો પડ્યો છે મારી વાંહે**
**નોહોરાં કરે ને નંદનખરાં કરે, ઘૂઘરડી જેમ અડી અથરાં કરે**
**ઘડી વેગળો સરે તો ઘડી પાંહે**

વાલેશરીના અન્ય એક પદમાં તો વ્રજનાર જે વળતો વાર કરે છે એનું સાહસિક વર્ણન નરસિંહના પ્રગલ્ભશૃંગારની જેમ છાક છકેલું છોળઉછાળતું જણાય :

**દહીંદૂધનાં માટ ઠાલવી ઠાલાં શિર પર ધાર્યાં રે**
**મહી ઊભરાયાં હોય એહવાં કપટ કરી શણગાર્યાં રે**
**કંચવાની કસ કસી, તસોતસ મદનમનોરથ ભીડી રે**
**મહિયારણ રણઝણતી હરિનો મદ હણવાને હીંડી રે**

**(આમ) એકલડા વહાલેશરીને અબળાએ લૂંટી લીધા રે**
**કીધાં કીધાં કીધાં વ્રજમાં (એવાં) વિપરીત કૌતક કીધાં રે**

ત્રીજું ઉદાહરણ નરસિંહના 'ચાલ રમીએ સહી, મેલ મથવું મહી...' એ વસંતપદના નવસર્જન જેવું છે :

**અંબ સોહ્યાં. સહી, ડાળીઓ મહમહી, રાશ બાંધીને રંગરોળ કીધાં**
**કુસુમદળથી લચ્યાં, ચપળ હીંડોળા, રચ્યાં, જુગલ ભાવે તે હિલ્લોળ કીધાં**
**ઘુમણ ગતિ ઘાલતાં, મદન-રતિ મ્હાલતાં, ગાલ ચુંબીને તંબોળ કીધાં**

તંબોળનો આવો અનુભવ થાય ત્યારે, કવિએ સંગ્રહનું નામ 'તાંબૂલ' અમસ્તું નથી રાખ્યું એમ આપણને સમજાય.

*

આવાં ઊર્મિમય ગીત-ગઝલની સમાંતરે હરીશ મીનાશ્રુએ વિચારઘન દીર્ઘકાવ્યો પણ લખ્યાં છે. એમાં આપણને એક સંપ્રજ્ઞ કવિનો પરિચય થાય છે. એમનું 'મુવિંગ ઑન માય ઑન મેલ્ટિંગ' એવા અંગ્રેજી શીર્ષકવાળું એક દીર્ઘકાવ્ય છે. જેની ઘણા વિવેચકોએ ઘણીબધી ચર્ચા કરી છે. આ કાવ્યમાં મને ગમે છે કટાવના કાટ ખાધા વિનાના કેટલાક કાવ્યખંડો. જેમાં કવિની સ્વસંવેદના અને સર્વસ્વવેદના, નવતર અભિવ્યક્તિધારી, એકધારી ને અસ્ખલિત વહે છે સડસડાટ.

એમનું બીજું એક મહત્ત્વાકાંક્ષી કાવ્ય છે 'રત્નાકરભ્રૂણપ્રબંધ' આ દીર્ઘકાવ્યના 'નાચિકેતસૂત્ર' નામના એકમમાં અગ્નિનાં અનેક રૂપનું વર્ણન છે. એમાંથી અગ્નિના પૌરાણિક કથાસંદર્ભવાળી પંક્તિઓ ઉતારું છું : (આ પૌરાણિક કથાસંદર્ભ આગળ જતા

વર્તમાનસંદર્ભ અને વ્યક્તિસંદર્ભમાં સહજ સરી, અસ્તિત્વની ધધખતી પીડાને સીસા જેમ પિગાળતીક વહેતી કરી દે છે, ટીપે ટીપે શબ્દે શબ્દે.)

**પ્રહ્લાદે જાણ્યો રે**
**જાણ્યો દશાનને ને હિરણ્યકશ્યપે જાણ્યો**
**જાણ્યો પાંચ પાંડવે એક માંડવે**
**જનકસુતાએ જાણ્યો, આંખે અંધારાં બાંધીને જાણ્યો ગાંધારીએ**
**કર્ણે ને કુંતાએ જાણ્યો**
**પરશુધારે રેણુકાએ જાણ્યો જાલમ જમદગ્નિને**
**ને જાણ્યો માદામ તુસાદે, કીધો કીધો મીણભંગુર ચરિતાર્થ**
**જાતકકથા પુરાણે સાર્થ**
**તે પૂર્વેથી જેના ચરિત્રને હું જાણું છું**
**તે સર્વગ્રાસી અગ્નિની હું વંદના કરતો નથી :**
**હું કેવળ પીગળું છું**
**ને Moving on My own Melting**
**સિદ્ધ કરું છું, – હું છું.**

*

હરીશ મીનાશ્રુનું એક વિલક્ષણ કાવ્ય છે 'પ્રેયસી.' કાવ્ય વાંચતાં આપણને ખબર ન પડે કે એ રામકથા પર આધારિત છે. કવિએ એ રીતે મિથને ઢાંકી દીધી છે. આ કાવ્યમાં રામ સાથે સંબંધિત બધી નારીઓનાં સંબંધસૂત્રોનું વર્ણન છે, પછી તે સીતા હોય કે કૌશલ્યા, શબરી હોય કે અહલ્યા. કવિએ કોઈનું નામ લીધું નથી. એટલું જ નહીં, પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિના પ્રતિનિધિ તરીકે ખિસકોલી ને બોરડી પણ રામની પ્રેયસી તરીકે હાજર છે. આ બધાં કાવ્યરસમાં રસાઈને એકરસ બની જાય છે. શેષ રહે છે માત્ર પ્રેમરસ. પ્રેમમાં પ્રતીક્ષા અને ધૈર્યનો મોટો મહિમા છે એટલે શબરીને કવિએ કાવ્યના કેન્દ્રમાં રાખી છે. પણ કવિ એને શબરી નહીં, 'સબૂરી' કહીને ઓળખાવે છે. આમ પાત્રનામ ને કથાઠામના શક્ય એટલાં ઠેકાણાં છેકીભૂંસીને કે ઓગાળી નાંખીને કવિ માત્ર 'પ્રેમ' દ્રવ્ય જ દ્રવતું રાખે છે, ભાષાના દ્રાવણમાં. 'પ્રેમસૂક્ત'ના આ પાણીદાર મોતી જેમ :

**તમે પુષ્પ ચૂંટ્યું / તો મેં ગંધ**
**તમે પાદુકા ઉતારી / તો મેં પંથ**
**તમે ત્યજ્યાં પટકૂળ / અને મેં ત્વચા**
**હવે ઝળહળે તે કેવળ પ્રેમ.**

*

'પંખીપદારથ'નાં ઘણાંબધાં કાવ્યો વાંચવાની, સ્થળસમય, પૃથ્વી, ઝાકળ, શબરીનાં

શબ્દચિત્રો જોવાની, 'નારંગી ગાથા'નો પાઠ કરી 'સાપુતારા' ચઢવાની તેમજ કવિના 'ગૃહઉદ્યાન'માં ટેસથી ટહેલવાની તમને ભલામણ કરું છું. એમાં 'સમુદ્રમંથન', 'યયાતિ', 'રંગની દુકાને', 'વિદ્યાનગરના પોપટો' તથા 'પડોશી' જેવાં કાવ્યો પાસે તમે થોડું રોકાજો. ને 'છાપાવાળો છોકરો' મળે તો જરૂર મળજો. કવિને તો એ નથી મળ્યો, નિરાંતે. તે છતાં નિકટનો સગો હોય એમ કવિએ 'ગૃહસ્થ સંહિતા'માં એને સ્થાન આપ્યું છે, નરી માનવીય નિસ્બતથી. આ છાપાવાળો છોકરો જે છાપામાં રોજરોજ હુલ્લડ ને રમખાણના સમાચાર લઈને આવે છે સાઇકલ પર, એના માથા પર હિંસક વર્તમાનનો ભય ઝળૂંબે છે સતત. કાવ્યનો આરંભ આવી રીતે થાય છે :

**એ કોઈને મળતો નથી**
**ન મળવાના ઇરાદાથી આવતો હોય તે રીતે એ દરરોજ આવે છે**
**ઉતાવળે ઉતાવળે. સાઇકલ પર...**

પછી બીજા એકમમાં એની ઓળખ વિશેની, પ્રશ્નોથી ધારદાર બનેલી, આ ધારણા રજૂ થઈ છે :

**કૉલેજના છેલ્લા વરસમાં હશે આ છાપાવાળો છોકરો ? કે ઊઠી ગયો હશે ?**
**દારૂડિયો હશે એનો બાપ ? કે કોકે પતાવી દીધો હશે ? બને કે વિધવા ફોઈ ભેગો**
**રહેતો હોય, વખાનો માર્યો. ઉસકે ચચાજાનકી ફેમ્લી, હો સકતા હૈ,**
**કરાંચીમેં સેટિલ હુઈ હો, – આમ તો સારા ઘરનો દેખાય છે, વલહાડના દેહઈ ?**
**મોટી હત્યાવી ? શિયા કે સુન્ની ?**
**આ બધા ગ્રે એરિયા છે છાપાળવી ઉદાસીના**
**ને માણસાઈના એવા ઇલાકાઓમાં કોઈ કોઈને મળી શકતું નથી.**

અને (કાવ્ય)ને અંતે

**હું એના ચાલ્યા જવાની દિશામાં જોઉં છું**
**નોર્થ અથવા ઈસ્ટ અથવા વેસ્ટ અથવા સાઉથ**
**એક ધડાકો થાય છે : નક્કી બિચારાની સાઇકલનું ટાયર ફાટ્યું લાગે છે**
**અથવા...**
**એ જે હોય તે, એને મળી શકાતું નથી.**

*

આમ, કાવ્યનો અંત છાપાંવાળા છોકરાનો અંત બની જાય છે. નિર્દોષ માનવતાનો અંત બની જાય છે. સાંપ્રત વાસ્તવની આવી કાવ્યસંરચના રચવા બદલ, મારા સમકાલીન કવિ, સલામ !

*

**આજે શરદપૂનમ છે. ને ચાંદો આકાશે ચડ્યો છે.**

એટલે હરીશ મીનાશ્રુના એક ચંદ્રકાવ્યથી સમાપન કરું. એમાં કવિએ ચંદ્રને આકાશને બદલે ચૂલે ચડાવ્યો છે :

**ચૂલે ચડેલી તાવડીમાં**
**ક્યાંક કોઈ ઉથલાવે છે ચાંદામામા પોળી-નું જોડકણું**
**જઠરમાં બેસી જાય છે બળેલી ચાંદનીની ગંધ**
**ભલે ને**
**ઊડી ગઈ હોય અભિધા, ઓડકારમાંથી**
**જન્મે છે**
**ગાઢ વ્યંજના અમાવાસ્યાની.**
**બધા સમજુ થઈ ગયા છે :**
**કોઈ હવે જીદ કરતું નથી :**
**પાતળી ફડશથીય રાજી રાજી થઈ જશે**
**આ**
**ડાહ્યાંડમરાં ભાણેજડાં**

*

અહીં ચંદ્ર સાથે સંકળાયેલા બધા સૌન્દર્યાત્મક સંકેતો કેવા છેકાઈ ગયા છે. ને અભિધા-વ્યંજનાના અર્થો પણ કેવા બદલાઈ ગયા છે. હવે આ થાળી જેવો ચાંદો ચૂલે ચડે તો બની જાય છે ચાંદાપોળી. ભલા ભાણેજડાં (આપણે પૃથ્વીનાં સંતાનો. એ નાતે ચાંદામામાના ભલા ભાણેજડાં)ની ભૂખ ભાંગવા જોડકણાંમાંથી છટકીને ગોઠવાઈ ગઈ પૃથ્વીની તાવડી પર. કવિતાની કરાંઠીએ ચડી ચોડવાતી. હૈયાંના તાપે તપેલી. તમારી આ બળીઝળી ચાંદાપોળી. કવિ, ચંદ્ર શું, ચંદ્રકથીય વધુ ચળકતી છે. આવી દાઝે ભરેલી કવિતા તમે નરસિંહની જેમ દાઝેલા હાથે લખી છે, પૂરી બળતરાથી. આ જ ખરો નરસિંહ ચન્દ્રક ને...

[હરીશ મીનાશ્રુના કાવ્યસંગ્રહો : ધ્રિબાંગસુંદર એણી પેર ડોલ્યા; તાંબૂલ; તાંદુલ; સુનો ભાઈ સાધો; પર્જન્યસૂક્ત; પદપ્રાંજલિ; શબદમાં જિન કું ખાસ ખબરાં પડી અને પંખીપદારથ]

18

## નિશાન હજી ઊંચું રાખવું પડે | હિમાંશી શેલત

[સુગંધ : ગિરીશ ભટ્ટ, પ્રકાશક : લટૂર પ્રકાશન, ભાવનગર, ૨૦૧૩, પૃ. ૧૪૦+૮, કિં. રૂ. ૧૫૦/-]

વાર્તારસિકોનું ઠીક ઠીક ધ્યાન ખેંચી શકેલા ગિરીશ ભટ્ટનો આ પાંચમો વાર્તાસંગ્રહ છે. પ્રસ્તુત સંગ્રહમાં એ સોળ વાર્તાઓ લઈને આવે છે. લગભગ તમામ વાર્તાઓનું નોંધપાત્ર લક્ષણ એમાં આવતા તીવ્ર ભાવપલટાઓ અથવા આઘાતક ઘટસ્ફોટ છે. ટૂંકી વાર્તાના મર્યાદિત ફલક પર આ પ્રકારની ગતિવિધિ ભારે એકાગ્રતા અને કલાકસબ માગી લે છે. એમાં સહેજ પણ કચાશ હોય તો વાર્તાની સામગ્રી આયાસપૂર્વક ગોઠવી હોય એટલી વ્યવસ્થિત બની જાય છે અને આખીયે રચના જીવનનો સ્પર્શ ગુમાવી દે એ હદે કૃત્રિમ લાગે છે. વાર્તાકાર આ સ્થિતિનો પડકાર કેવી રીતે ઝીલે છે, અને ક્યાં પાછા પડે છે એ જોઈએ.

સંગ્રહની પ્રથમ વાર્તા 'સુગંધ' એક સાદ્યંત સૌષ્ઠવપૂર્ણ રચના છે. નાયિકા શુચિતાનો પતિ સંકુચિત અભિગમ ધરાવતો, માલિકીભાવના કેફમાં રાચતો સામાન્ય પુરુષ છે. એ હકીકત કથામાં સહજ રીતે વણાતી જાય છે. શુચિતાને એક દિવસ એના બોસ એમની ગાડીમાં સાથે આવવા નિમંત્રે છે કારણ કે એમને તે દિવસે શુચિતા જ્યાં રહે છે એ જ દિશામાં કોઈ લગ્ન માટે જવાનું છે. આ નાનકડા પ્રવાસ દરમિયાન શુચિતા પોતાના શોખની વાતો કરે છે, અને એના બોસ પણ એમના પ્રસન્ન લગ્નજીવનની અને પત્નીના મધુર વ્યક્તિત્વની વિગતો આલેખતા રહે છે. વચ્ચે વચ્ચે ઑફિસમાં કામ કરતી સંતપ્ત પરમેશ્વરી પણ શુચિતાને યાદ આવ્યા કરે છે. ગંતવ્ય સ્થાન નજીક છે અને બૉસ સેન્ટ સ્પ્રે છાંટે છે, જેમ પોતાની ઉપર, તેમ શુચિતા પર. આ ચેષ્ટા નિર્દોષ છે, કશુંક સુગંધિત વહેંચવાનો સહજ ભાવ છે એમાં.

શુચિતા આનંદનો અપરિચિત રોમાંચ અનુભવે તો છે, પરંતુ એને ખબર છે કે ઘેર જઈને એ ઘસીઘસીને ન્હાશે, જેથી સુગંધ સમૂળગી ધોવાઈ જાય. એનો પતિ – જેનું નામ વિશ્વાસ છે – એને શંકા જતાં વાર ક્યાં લાગે છે ? પોતાનો નિર્મળ આનંદ જીવનસાથી જોડે વહેંચવાનું તો વેગળે, એનો અણસાર પણ પતિને ન આવે એની તકેદારી રાખતી નાયિકા લગ્નજીવનની નિરર્થકતા અને ભયાનકતા પ્રભાવક રીતે વ્યક્ત કરે છે. આખીયે રચનાની સરલ અને વેધક ગતિ ભાવકને ઊંડાણથી સ્પર્શી શકે તેવી છે.

બીજી ત્રણેક સંતોષકારક વાર્તાઓમાં 'કેતકીનું સુખ', 'કુળ' અને 'વિદાયનું ચિત્ર'નો સમાવેશ થઈ શકે. 'કેતકીનું સુખ'માં યોગશિબિરમાં આવેલી જયંતની પત્ની કેતકી અને જયંતના પ્રેમમાં પડેલી લજ્જા જે બિંદુ પર નિકટ આવે છે એ પ્રક્રિયામાં

રસ પડે એવી દશ્યરચના થઈ છે. 'કુળ'માં સુપ્રતિષ્ઠિત જગજીવનદાસના વંશવેલાની ખણખોદ કરતા અને પોતાના ભૂતકાળ બાબતે ગૌરવ અનુભવતા વિજયભાઈને પોતાની હયાતીની નગણ્યતાનો ખ્યાલ જે રીતે આવે છે એ આલેખન નાટ્યાત્મક અને અસરકારક બન્યું છે. પિતાને એકલા છોડી જવાની નાયિકા સ્મૃતિની આરંભની અનિચ્છા, વલય સાથે પ્રેમમાં પડ્યા બાદ એની બદલાયેલી વૃત્તિઓ, અને છેવટે પિતાના જીવનમાં પણ કોઈ સ્ત્રી છે એ વાસ્તવિકતા પછી અનુભવાતી નિરાંત 'વિદાયનું ચિત્ર'માં લગ્નોત્સુક કન્યાના ઝડપથી પલટાતા મનોજગતને ઉદ્ઘાટિત કરે છે.

'વેદનાનો ફોટોગ્રાફ' પણ તીવ્ર ભાવપલટાનો પડકાર ઝીલવાનો ધ્યાનાર્હ પ્રયાસ છે. અભાવમાં જીવન પસાર કરતી જિન્નત એની માલકિનનો આકર્ષક ડ્રેસ માત્ર થોડા સમય માટે પહેરીને મ્હાલે છે, અને અકસ્માત માલકિન હરજીતકૌર એ જોઈ લે છે. એને પોતાનું સૂકુંભઠ બાળપણ યાદ આવી જાય છે અને આવા જ કોઈ શોખ પૂરા કરવા માર ખાવો પડેલો તેની પીડા સ્મૃતિમાં ડંખી જાય છે. જિન્નતની પાસે આવીને એ અનહદ સ્નેહથી કહી દે છે કે 'જિન્નત, તુમ ઇસ ડ્રેસ મેં તો પરી જૈસી લગતી હો. ચલ, આ તેરા એક ફોટો ખીંચ લૂં !' (પૃ. ૧૧૩)

આમ છતાં આગળ નોંધ્યું તે રીતે બીજી કેટલીક વાર્તાઓમાં બધું બહુ જ ગોઠવેલું અને આયાસપૂર્ણ જણાય છે. જેમકે 'હવે એ ટોળામાં નહોતો' અને 'સંકેત', 'મુલાકાત' અને 'કબૂલાત.' અન્ય રચનાઓમાં ધ્યાનપાત્ર બિંદુઓ હોવા છતાં સમગ્ર રચનાને એથી કોઈ મોટો લાભ થતો નથી. જેમ કે 'કન્યાવિદાયનાં દશ્યો'માં જેન્તીભાઈનું ચરિત્ર સશક્ત ઊપસ્યું હોવા છતાં સમગ્ર રચના સામાન્ય બની રહે છે, તો વીશી ચલાવીને જીવનનિર્વાહ કરતી સાવ એકલી પડી ગયેલી સોનલનાં મનોસંચલનો બારીકાઈથી ખોલવામાં વાર્તાકારે જહેમત તો ઉઠાવી છે, પણ અરજણમાં જાગેલો એનો રસ અચાનક આવી પડેલો અને અરુચિકર લાગે છે. 'સંકેત'માં રન્ના હૉસ્પિટલમાં મળવા તો જાય છે જયદેવભાઈને, અને મળે છે સંકેતને, લગ્નવિચ્છેદ પહેલાં જે એનો પતિ હતો એ સંકેત. મૂર્છિત દશામાં પોતાનું નામ બબડતા સંકેતને સાંભળી જોઈ રન્નાદે ભાવવિભોર થઈ જાય છે અને મૂર્છિત દશામાંયે એનો અલગ થઈ ગયેલો પતિ એને હજી યાદ કરે છે એ વાસ્તવિકતાથી રાજીપો અને રોમાંચ અનુભવે છે. રોટલાની ઓશિયાળી નહીં એવી આ સ્ત્રીનું મનોજગત જરા અચંબો અને આઘાત આપે છે.

આ વાર્તાઓ સંદર્ભે બીજો એક ખાસ મુદ્દો નજર સામે આવે છે. સ્ત્રી-પુરુષ સહવાસ અને લગ્નજીવનની અનિવાર્યતા વિશે પાત્રમુખે અનેક વિધાનો ઉચ્ચારાયાં છે. (આ બધાં વળી સ્ત્રીપાત્રો.) તદ્વિષયક વિચારો ક્યારેક વાર્તાસ્થિતિમાંથી પણ પ્રગટ થયા છે. આ સઘળું જે રીતે આવ્યું છે તેની એકવિધતા અને અતિરેક – બંને કઠે એવાં. વાર્તાઓ છૂટીછવાયી પ્રગટ થાય ત્યારે આવું કંઈક આંખે ઊડીને ન વળગે, પણ સંગ્રહમાં

તો એ ખાસ્સી મુખરતા ધારણ કરે છે. સ્થળસંકોચને કારણે માત્ર ગણતરીનાં ઉદાહરણો પ્રસ્તુત છે અને ત્યારે પણ એની વિપુલતા નજરઅંદાજ નહીં થઈ શકે.

* ભૈ, આપણે ઉંમર થાય એટલે પરણવું જ પડે. દરેક છોકરીએ. ઘરડાઓએ નક્કી કર્યું હોય એ શું ખોટું હોય ? (પૃ. ૩૨)

* તેને થતું કે તે પરણે, તેને એક સરસ પુરુષ હોય, જે તેને પંપાળે, પ્રેમ કરે. (પૃ. ૪૨)

* એ તો બધી એમ જ કહે, ને પછી ટપ દઈને માંડવામાં બાજોઠ પર બેસી જવાની. દીકરી, સંસારનો નિયમ છે એ કંઈ અમસ્તો ! (પૃ. ૧૩૩)

* ....પરણી લો ને ! આમ ક્યાં સુધી આકળ-વિકળ જીવ્યાં કરશો ? આદમી તો જોઈએ. ગમે તેવો તોયે આદમી. અસ્તરી જાત એકલી રહી જ શકે નૈ... ગોતી કાઢો મરદ. (પૃ. ૧૨૫)

* હવે તેને જોઈતું હતું સુખ – પુરુષનું સુખ, લગ્નજીવનનું સુખ ! (પૃ. ૪૪)

* એય પરણી જશે કો'કને. આ રીતે ક્યાં સુધી રહી શકશે ? સ્વાદ ચાખ્યો છે ને પુરુષનો ? આપણે તો કોરી પાટી, વેરાન ધરતી, ઉજ્જડ... (પૃ. ૧૨૩)

* જાનકીભાભીયે પરણ્યાં જ ને ! કેવા ખિખિયાટા સંભળાતા હતા અરધી રાતે ? જાગતાં હશે ત્યારેય ? આવોય ખંડ મળશે તેને ? તે અને તેનો... એમ જ થાય બધાંયને ! (પૃ. ૧૨)

આ અતિરેક વાર્તાનો ભાગ બનીને એમાં એકરસ નથી થતો એનું સ્પષ્ટ કારણ એનું પુનરાવર્તન છે. આ ઉપરાંત ભાષાકર્મનો મુદ્દો પણ ખરો જ, વાર્તાકારે આ બાબતે કંઈક ઓછું જ ધ્યાન આપ્યું છે અને જૂજ અપવાદો બાજુએ રાખતાં એમાં ખાસ ઝબકારા નથી, વાર્તાકારે એમની સર્જકતાનો કસ કાઢ્યો હોય એમ તો બિલકુલ નથી લાગતું.

'ઇચ્છું છું આ કલમથી, ભલે થોડું પણ માતબર લખાય, યાદગાર લખાય, સશક્ત લખાય.' (પૃ. ૫) વાર્તાકાર એમના નિવેદનમાં આમ કહે છે, એ માટે હજી ઊંચું નિશાન તાકવાની જરૂર છે, 'સુગંધ'ના રચનાકાર પાસે એવી જ અપેક્ષા હોય.

□

## સ્મૃતિરસે છલોછલ 'નવનિધિ' | ઉત્પલ પટેલ

[**'નવનિધિ'** : બળવંત જાની, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૧૩, મૂલ્ય : રૂ. ૧૨૦/-]

સૌ પ્રાણીઓમાં માનવ જ સૌથી ઉપર ગણાયો છે. કેમ કે એ લાગણી અનુભવી શકે છે, વિચાર કરી શકે છે, એટલું જ નહિ, એ પોતાની લાગણી અને વિચારોને ભાષામાં વ્યક્ત કરી શકે છે. એ રૂપમાં કે ભાષા વાંચનાર ને સમજનાર એ

આલેખિત ઊર્મિ અને ચિંતનને અનુભવી શકે છે, પામી શકે છે ને માણી શકે છે. બીજાં પ્રાણીઓ લાગણી તો અનુભવી શકે પણ તેને વ્યક્ત કરવાની જે ભાષા મનુષ્ય પાસે છે તે તેમની પાસે નથી. બે પગ ને બે હાથ વડે પ્રકૃતિ સામે સંઘર્ષ કરીને માનવીએ પોતાના મસ્તિષ્કનો વિકાસ કર્યો હોવાથી, સમજણો થયા પછી બાલ્યાવસ્થા ને ખાસ તો કિશોરાવસ્થાથી આરંભાઈ જીવનમાં ઘટેલું, જે યાદગાર હોય તે, તેની સ્મૃતિના નેપથ્ય કોષમાં સંચિત થતું જાય છે. પછી જેમ અંગારા પરની રાખ ઊડી જાય ને અંગારો ચળકી ઊઠે તેમ નિમિત્ત મળતાં સ્મૃતિના નેપથ્યે રહેલ ઘટના ચિત્ત પર ચમકી ઊઠે છે ને તે તે ઘટનાના સ્મરણથી માનવહૈયું એક ખાસ પ્રકારે રળિયાત બની ઊઠે છે. સ્મૃતિ પીડાકારી હોય તોપણ તેનો એક સ્વાદ હોય છે. 'નવનિધિ'નાં નવ પ્રકરણોમાં સ્મૃતિકથાના સર્જક બળવંત જાનીએ જે સ્મૃતિકથા આલેખી છે એમાં સવિશેષ ઘટનાઓ તો તેમના શૈશવકાળની છે. ઉત્તરવયમાં ગુજરાતી ભાષાસાહિત્યક્ષેત્રે સંશોધન, સંપાદન, વિવેચન, અધ્યયન, અધ્યાપન થકી મુકુરિત થયેલી તેમની અભિવ્યક્તિકળામાં સચ્ચાઈને ભેળવીને તેમણે આ 'નવનિધિ'નાં સ્મરણાલેખનો અત્યંત રસદાયક ને યાદગાર બનાવ્યાં છે.

બળવંત જાની લખે છે : 'જે રીતે લખાઈ ગયું એ એમ ને એ જ રૂપે પછી 'શબ્દસૃષ્ટિ', 'પરબ' કે 'કુમાર' જેવાં સામયિકોમાં પ્રકાશનાર્થે પાઠવેલું. દરેક રચનાના પ્રકાશન પછી પાંચ-છ પત્રો કે ફોન આવ્યા જ હોય.' (પૃષ્ઠ ૬). આલેખનમાં દેખા દેતી સહજતા અને સચ્ચાઈ જ આવો વાચકપ્રેમ સંભવી શકે. યાદ કરવામાં નિરીક્ષણની જે હદે સર્જક જાય છે તે શબ્દો જોવા જેવા છે : 'દાદાજી, દાદીમા અને પિતાશ્રીની સ્થૂળ છબીમાં જોઉં છું અને મને થઈ આવે છે કે દાદાજીનું વિશાળ ભાલ વાયા મારા પિતાશ્રી, મારામાંથી સ્ફુટ થાય છે. મેં જાળવ્યા છે મારા પિતાશ્રીની દાઢીના નાસિકાના વળાંકને, અને દાદીમાના જડબા જીવે છે આંશિક રીતે મારા ચહેરામાં. આ સ્મૃતિશેષ પુણ્યાત્માઓના કોઈ અંગ-ઉપાંગના વળોટને સાચવતું આ શરીર એમના સાન્નિધ્યથી પોષાયું, ઘડાયું અને હવે શ્વસે છે. એમની સ્મૃતિથી ખરે જ હું એક અચેતન બની ગયેલા ચૈતન્યનો વારસદાર લાગું છું.' (પૃ. ૬) વારસો ચલ-અચલ સંપત્તિનો હોય, ગુણોનો હોય, સંસ્કારોનો હોય પણ અહીં બળવંત જાની પૈતૃક દૈહિક વારસાનું પણ આલેખન કરે છે જે વિશિષ્ટ પણ ગણાય ને થોડું વિચિત્ર પણ. પરંતુ જેમનું પોતે ફરજંદ છે તેમને વિશેષ અંજલી આના કરતાં બીજી કઈ રીતે આપી શકાઈ હોત ?

આ સંસ્મરણો સૌરાષ્ટ્રના ઔદીચ્ય બ્રાહ્મણ પરિવારની કથા આલેખે છે. એમાં સહજ રીતે આદર્શ સંયુક્ત કુટુંબની કથા આલેખાતી જાય છે. જોકે તૂટતી જતી

સંયુક્ત કુટુંબની પરંપરાના સંદર્ભમાં લેખકની સ્મૃતિએ આલેખાયેલ આ સંયુક્ત કુટુંબનું ચિત્ર સાત્ત્વિક ને સરસ બન્યું છે. બાળક અને કિશોર બળવંત પર દાદાજી અને દાદીમાનો જે પ્રભાવ છે તે વર્ણવવામાં લેખકે મણા નથી રાખી. તેની પડછે માતાપિતા વિશેની આલેખના કંઈક કમ છે પણ એ આલેખનમાં જે અધ્યાહાર રહે છે તે બધું બરાબર પામી શકાય તે રીતે ઊઘડતું રહે છે, એ પણ આ કૃતિનો વિશેષ છે. દાદાજી જે સૂચના આપે, જે ઠપકો આપે તે મૌન રહીને નતમસ્તકે પિતા સાંભળી જ રહે, ક્યારેય કશી રાવ-ફરિયાદ જ નહિ. અહીં એક પ્રસંગનો ભાર તેમના પિતાશ્રી પર છે, પણ તે પર નજર તો દાદાજીની. આ પ્રસંગે ખાખરાના દંડ જોઈએ. પણ તે દંડ દાદાજીની નજરે ન પડ્યા ને તેમનો પિત્તો ગયો. તેમણે પિતાજીને તતડાવી નાખ્યા ને કહે : 'હજુ ખાખરાના દંડ તો આવ્યા નથી, હમણાં રાત પડશે.' (પૃ. ૬૯) બાળક બળવંત દાદાજીના ઠપકાનાં વેણ સાંભળીને સમસમી ઊઠે છે. મા પણ ધ્રૂજી ઊઠે છે. પિતાજી સંદર્ભે માના આ શબ્દો બળવંતને બરાબર યાદ છે : 'કોઈ 'દિ કાંઈ ખુલાસો જ નો કરે ને !! દંડ તો કેદુના લાવીને વાડે રાખ્યા છે.' (પૃ. ૭૦) દબેલા સાદે, ગણગણાટમાં ખપે એવા સ્વરે બોલાયેલા માના આ શબ્દો એકીસાથે બે ચરિત્રોને જીવંત કરી આપે છે. એક તો ક્યારેય કશી રાવ-ફરિયાદ ન કરનાર પિતાજીનું ને બીજું દાદાજીની અવજ્ઞા, અનાદર ન થાય ને કશો અવિવેક ન થાય એ રીતે બોલ્યા વગર ન રહેનાર માનું. આ બંને ચરિત્રો લેખકની આલેખનામાંથી આપણને પમાય છે. વિશેષે તો માની પિતા પ્રત્યેની લાગણી અને પ્રેમ પણ વ્યક્ત થઈ રહે છે.

દાદાજીના સદાના આજ્ઞાંકિત પિતાજીનું દાદાજી પ્રત્યેનું એક જ વારનું આકરું વલણ પણ બળવંત જાની વિગતે આલેખે છે. પ્રસંગ હતો શ્રીમદ્ ભાગવત સપ્તાહનો. એમાં ઘણા બધા બળતણની જરૂર પડશે ને બધું તો નહિ જ મળે એમ માનીને દાદાજીએ તેમના પિતાશ્રીએ વાવેલી ને તેમણે અને તેમના દીકરા શાંતિએ ઉછેરેલી ઘેઘૂર બોરડી વેડાવી નાખી. બળતણની વ્યવસ્થા શાંતિભાઈએ તો કરી જ હતી ને હજી પણ કરવાના હતા. તે છતાં બોરડી વેડાયેલી જોઈને શાંતિભાઈ અકળાઈ ઊઠ્યા ને તાજેતરમાં પોતાના પિતાએ રોપેલો લીમડો ઉખાડીને ફેંકી દીધો. આ આકરું વલણ પણ સ્વાભાવિક છે ને પછી તે સંદર્ભે થયેલો પશ્ચાત્તાપ પણ એટલો જ સ્વાભાવિક છે. સારવી લેવા જેવો મુદ્દો તો સંસ્કારનો છે. પિતાશ્રીની સહનશીલતા, જીરવી જવાનો ગુણ પુત્ર બળવંતમાં પણ આવ્યો ને ટક્યો.

સૌરાષ્ટ્રના ગામડાના ઔદીચ્ય બ્રાહ્મણ પરિવારમાં સંયુક્ત કુટુંબનો આદર્શ કેવો પળાતો તે અહીં સ્મરણકથાના સર્જકે તેની સ્મૃતિઓની એક એક રેખાને જે સચ્ચાઈભરી સંવેદનાથી આલેખી છે તે સહજતાથી વિધ વિધ પ્રસંગોમાં ઊઘડી છે;

આખું આલેખન સ્પર્શક્ષમ બની આવ્યું છે. આ બ્રાહ્મણિયા સંયુક્ત પરિવારનાં ભોડી ગાય અને કેસર ઘોડી પણ કેવાં તો લાડકાં સભ્યો છે તે આપણે આલેખનમાંથી વરતી શકીએ છીએ. ભોડી ગાયને પાણિયારાના હાંડાનું પાણી જ પાવામાં આવતું. ગંદું પાણી ગાયને પિવડાવાય નહિ, ગંદું કશું જ ગાયને નિરાય નહિ. એ બધું દાદીમા ખાસ ધ્યાન રાખતાં. એક વાર છોકરાંને શેરડી ખવડાવ્યા પછી શેરડનાં છોતાં દાદાજીએ 'ભોડી'ને નાખેલાં તો દાદીમાએ સખત શબ્દોમાં દાદાજીને ધમકાવેલા. 'છોકરાંઓથી વિશેષ છે આ ગાય, એને કોઈ દી એઠવાડ પણ પાયો નથી ને તમે આ છોકરાવનાં ચૂસેલાં એઠાં છોતાં નાખ્યાં !' (પૃ. ૩૬) કેસર ઘોડીનાં પણ પરિવારમાં માનપાનલાડ કંઈ કમ નહોતાં. એક વખત પૂંછડું હલાવતાં કેસરના પૂંછડાની ઝાપટ વાગી હશે તે ગુસ્સાથી બાળક બળવંત સોટીથી ઘોડીને ફટકારે છે એ પ્રસંગ ઉચિત રીતે ને હૃદયને સ્પર્શે એ રીતે આલેખાયો છે. ઘોડીને ફટકાર્યા પછી એને મનાવવા લેખકે, દાદીમાએ ને બીજાંઓએ પણ કેટલાં વાનાં કરેલાં એ આખું આલેખન મઝાનું છે.

લેખક તો દાદાજીમય. દાદાજીનો જબરો પ્રભાવ તેમના પર. દાદાજીએ જ તેમને તપાવ્યા, ઘડ્યા. એટલે પાછળથી પિતાજીય બળવંતને જ દાદાજીના અવસાન પછી ઘરનો કારોબાર બેખટક સોંપી દે છે. પણ દાદીમાની પ્રભાવી મૂર્તિ કંઈ ઓછી આલેખન નથી પામી. લેખક દાદા-દાદીનાં લાડ-પ્યાર-દુલાર તો બહુ પામેલા પણ પિતા પોતાને વહાલ કરે એવા પ્રસંગો આવતા ત્યારે પણ દાદાજી જ એમને રોકી દેતા, તેથી લેખકને પીડા થતી. એ પીડાનું હૃદયવિદારક આલેખન આપણને આ સ્મૃતિકથામાં મળે છે. પણ આવા પ્રસંગોએ દાદજીને કડકાઈપૂર્વક ને ભાર દઈને દાદીમા તો કહી જ દેતાં. યજ્ઞોપવીતવિધિમાં દાદીમા જ આગ્રહપૂર્વક તેમના પુત્રને-લેખકના પિતાજીને તેમની જોડે બેસાડે છે. કહે છે : 'આ દીક્ષા વિધિમાં બેસ !! તારે તો કામ, કામ ને કામ જ. તને જનોઈ દીધી ત્યારથી જોતરી દીધો છે કામમાં. કોઈ પ્રસંગનોય સ્વાદ ક્યાં લેવા દીધો છે તને ?' (પૃ. ૭૧)

દાદાજી પ્રત્યે તો કેટલું બધું છે લેખકને ! પણ દાદાજી થકી થતી પિતાશ્રીની અવજ્ઞા તેમને શૈશવાવસ્થામાં બહુ સાલી હતી. એ જ રીતે માના પ્રત્યક્ષ લાડ-પ્યાર નહિ પામ્યાનો વસવસો પણ તેમને રહ્યો હતો. એ ઋણ વાળવા તેઓ મોટપણે એક પ્રસંગ યોજે છે. માતાપિતાને હવાઈ જહાજની મુસાફરીનો લહાવો આપી વારાણસી ગંગામૈયાના ખોળામાં લઈ જાય છે. બનારસ હિન્દુ યુનિવર્સિટીના અતિથિગૃહમાં નિવાસ ગોઠવાયેલો. એક અલાયદા રૂમમાં મા અને પિતાશ્રીને સાથે રાખેલાં. બીજે દિવસે વહેલી સવારે લેખક તે રૂમનું બારણું ખખડાવે છે. બારણું ખૂલે છે. એ

આલેખન જુઓ : “પિતાશ્રી એમની પથારીમાં બેઠા હતા. મેં કહ્યું, ‘ખૂબ વહેલા જાગી ગયા.’ પિતાશ્રી કહે, ‘અમે તો હજુ સૂતાં જ નથી.’ મા કહે, ‘બેટા, પહેલી વાર અમે એકલાં ઓરડામાં આખી રાત રહ્યાં. અમને તો ટાણું જ નહોતું મળ્યું. તે આપ્યું.’ પિતાશ્રી કહે, ‘વિમાનની મુસાફરી ને ગંગાની વાતોમાં રાત વહી ગઈ. ખબરેય ન પડી. પહેલવહેલાં અમે આખી રાત સાથે જાગ્યાં.’’’ (પૃ. ૭૫) દેખીતું જ છે કે આથી જે સંતોષ લેખકને થયો તેથી વિશેષ તેમનાં બા-બાપુજીને થયો હતો.

‘નવનિધિ’ની નવેનવ સ્મૃતિમંજૂષા અલગ અલગ વ્યક્તિત્વ ધારણ કરવા છતાં એક અખંડ ઈકાઈ પણ બને છે. તેથી તો ‘નવનિધિ’ સ્મૃતિરસે છલોછલ બનીને પૂર્ણતયા ભીંજવે છે. કથાનાયકનો ‘હું’ અંદર ઉચિત સ્થાન પામીને આસ્વાદ્ય બને છે. એ સાથે લેખકના શૈશવનો, સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાસ્થિત ગામ કમળાપુરની જીવંત સૃષ્ટિનો પટ ખૂલતો જાય છે, ખીલતો જાય છે ને સ્મૃતિકથા નિમિત્તે ઊઘડેલી કુટુંબકથા દશ્ય-શ્રાવ્ય થઈને ચિત્તને છાઈ વળે છે. તો, ખાખરાના દંડ, દાદાજીનો ખાટલો, બોરડી, દાદાજીનો ખલતો, ભોડી ગાય અને કેસર ઘોડી એ બધાં જાણે સ્મૃતિકથાનાં જીવંત પાત્રો બની રહે છે. ‘દરજીદાદા’ કેવા તો આત્મીય ! એ જ રીતે દાક્તર અમલાણી પણ. આ બંને પોપટદાદા (લેખકના દાદાજી)ના સુખી ને સાત્ત્વિક એવા સંયુક્ત પરિવારના પૂરી યોગ્યતાપૂર્વક સદસ્ય બની રહે છે.

કથન ને વર્ણનમાં લેખક સહજતા, સચોટતા ને ચિત્રાત્મકતા લાવી શક્યા છે. જુઓ : ‘માને તો હું વાળુ માટે દાદા સાથે ઓસરીમાં સ્થાન ગ્રહણ કરું ત્યારે જ જોવા મળું. ચૂલાના તાપના આછા અજવાળે મને એકીટસે, અનિમેષ નયને સતત જોયા કરતી માનો ચહેરો આજે મને રડમસ-વિવશ બનાવી દે છે’ (પૃ. ૪૬) અને ‘દાદાજી સાથે ખરીદી કરવા ગયા હોઈએ એટલે દાદાજી નિરાંતે દુકાનમાં બેસે. પડીકાંઓ બંધાય. દાદાજીની સાથે દુકાનદારોનો વાતોનો દોર ચાલે. બધું ભારે તીવ્રતાથી યાદ આવી જાય છે.’ (પૃ. ૫૩)

પ્રસંગના આલેખનમાં પણ સંવાદો આવે છે તે પ્રસંગને જીવંત બનાવવામાં ખાસ્સા ઉપયોગી બને છે. જેમ કે તેમના અંતકાળે દાદીમા તેમના પુત્ર (લેખકના પિતાશ્રી)ને કહે છે : ‘મારા પેટ, તારા જેવો દીકરો, અમને કામકાજનો કોઈ ભાર જ ન રહ્યો. નિરાંતે પગ વાળીને બેસવા નથી દીધો તારા બાપે. આજે તો અહીં જ બેસી રહેજે. ઊઠતો જ નહી.’ (પૃ. ૭૨) વાંચીને ડૂમો ભરાઈ આવે એવો સંવાદ છે આ. તો, ‘દાદાજી, ખાટલો અને...’માંનો દાદાના ખાટલાની ઈસનો પ્રસંગ અને ‘દાદાજીનાં ધોતિયાં, ગોદડી અને...’માંનો દરજીદાદાનો પ્રસંગ – આ બંને આલેખનો વધુ લાગણીઘેરાં બન્યાં છે. એમાં લેખકનાં સચ્ચાઈ અને સંસ્કાર પમાતાં હોવા છતાં કંઈક

અંશે એ melodramatic લાગે છે.

સંયુક્ત પરિવારનાં મોટા ભાગનાં પાત્રોથી આપણે અવગત થઈએ છીએ પણ અહીં એ વાત કરવી ઘટે કે લેખકને ભાગે નાનપણમાં નાનાં ભાંડરડાંઓ સાચવવાનું આવતું પણ ભાંડરડાંઓનો યથોચિત ઉલ્લેખ ક્યાંય સાંપડતો નથી. લેખક કહે છે : 'મારા અનુજ બંધુ મૂકેશનો પુત્ર સાગર મોટે ભાગે અમારે ઘરે જ હોય.' (પૃ. ૮૭) તો એ અનુજ બંધુ મૂકેશની વાત લેખકના શૈશવકાળે કેમ નથી આવતી !? તો દાદા સાથે જોડાયેલા બાલ્યકાળના પ્રસંગોમાં પણ લેખકનાં ભાઈ-બહેન કેમ આલેખન પામતાં નથી !? – એવી એવી કમજોરી આ સ્મરણાલેખનને નડી છે. તેમ છતાં સૌરાષ્ટ્રના ગામડાના આ બ્રાહ્મણ પરિવારની રોજબરોજની જીવનચર્યાની જે નાની નાની ઘણી વિગતો ઉચિત ઠેકાણે લેખકે યોગ્ય બાનીમાં રસી છે. વાનગીઓની જ વાત કરીએ તો રાત્રિભોજનની એ 'ઢોકળીની કઢી, ઠંડી ખીચડી અને સાતપડી રોટલી', 'દહીંમાં ચોળેલો બાજરાનો રોટલો', 'મગની સડદડી ઘાટી દાળ', 'ઘાટું હૂંફાળું ફીણોટું દૂધ', 'કડક, મીઠી એકલા દૂધની ભરવાડી ચા', 'તીખાં ઘોલર મરચાં', 'ભારે પોચી સુખડી' એ બધું સહજતાથી ગૂંથાતું રહ્યુ ંછે. એથી એક સાચા જીવનનો આપણને સ્પર્શ થાય છે.

'નવનિધિ'નું અંતિમ પ્રકરણ 'ધરતીનો છેડો ઘર, કયું ઘર ?'માં તો આખી આલેખનાનો જાણે સાચા અર્થમાં ઉપસંહાર રચાયો છે. સ્મરણોની અડસઠ તીરથ-જાતરાનું એક આવર્તન અહીં પૂરું થતું લાગે છે. અહીં લેખકની સ્મૃતિઆલેખનાનો જાણે સાત્ત્વિક સારાંશ રચાયો છે. તેથી તો એમ કહી શકાય કે પ્રસ્તુત સ્મરણાલેખનને આખરી ને ઉચિત ઓપ સર્જક આપી શક્યા છે.

શ્રી હર્ષદ ત્રિવેદી સાચું જ કહે છે કે, 'આ નિબંધોમાં સાતત્ય છે એને કારણે એક કુટુંબનો, કુટુંબભાવનાનો, સૌરાષ્ટ્રના ગામડાના વિશિષ્ટ બ્રાહ્મણસમાજનો, એમના રીતરીવાજનો સઘન અને વાસ્તવિકતાની નજીકનો પરિચય પ્રાપ્ત થાય છે. જાણે કે એક વીતેલો સમય ફરી એક વાર પૂરા પરિદૃશ્ય સાથે જીવંત બની આવે છે.' (પૃ. ૩૩)

ભાષાભિવ્યક્તિમાં સર્જનાત્મક નિખાર આવી શક્યો હોત તો એક નમૂનેદાર સંસ્મરણાવલિ પ્રાપ્ત થઈ શકી હોત. હજુ નિખાર લાવવાની જરૂર વરતાય છે. બીજી આવૃત્તિ વખતે એ પણ સર્જક બળવંત જાની કરશે એમાં શંકા નથી.

□

## 'પાલખીનાં પૈડાં'થી 'બાંડા ઉંદર' સુધીની વાર્તા-સફર | નટવર પટેલ

['યશવન્ત મહેતાની શ્રેષ્ઠ બાળવાર્તાઓ' : સંપાદકો : યશવન્ત મહેતા, શ્રદ્ધા ત્રિવેદી, પ્ર.આ. ૨૦૧૧, પ્રકા. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. ડિમાઈ, પૃ. ૧૫૨+૮, કિં. રૂ. ૧૦૦/-]

યશસ્વી ગુજરાતી બાળસાહિત્યકાર શ્રી યશવન્ત મહેતા વર્ષોથી બાળસાહિત્યમાં લખતા રહ્યા છે. બાળવાર્તાઓ ઉપરાંત સળંગ બાળકથા (બાળનવલ), ઉત્તમ વિદેશી કિશોરકથાઓના અનુવાદ, ચરિત્રદિમાં એમનું વિશેષ પ્રદાન છે.

ગૂર્જર ગ્રંથરત્ન દ્વારા વીસ નામાંકિત બાળસાહિત્યકારોની 'શ્રેષ્ઠ બાળવાર્તાશ્રેણી' બહાર માંડવામાં આવી છે. એમાંનુ એક પુસ્તક એટલે આ – યશવંત મહેતાની શ્રેષ્ઠ બાળવાર્તાઓ.

આ સંગ્રહમાં જુદા જુદા સમયે લખાયેલ વિવિધ પ્રકારની અગાઉ પ્રગટ થયેલ ૧૧ શ્રેણી તથા સંગ્રહોમાંથી અહીં સંપાદકોએ ૨૩ વાર્તાઓ પસંદ કરી છે, એમાંની પ્રથમ વાર્તા – 'પાલખીનાં પૈડાં' ઘણીબધી રીતે વિશિષ્ટ છે. એક, લેખકની તે પ્રથમ લખાયેલી વાર્તા છે. બે, તે લેખકની પ્રગટ થયેલી ૧૬ પેજની મોટા ટાઇપમાં સચિત્ર પ્રથમ પુસ્તિકા છે. ત્રણ, એ પુસ્તકને એ સમયે ગુજરાત સરકારનું ઇનામ મળેલ છે. અહીં વાક્યો ટૂંકાં અને કાવ્યમય છે. અહીં લેખકે કરેલ આ પ્રયોગ એમની અન્ય વાર્તાઓમાં બહુ ઓછો જોવા મળે છે. ગિજુભાઈની 'દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું' વાર્તાની શૈલી સાથે આ વાર્તાની શૈલીને સરખાવી શકાય. ફેર માત્ર એટલો કે ગિજુભાઈની વાર્તામાં જોડકણાં છે, જે અહીં નથી.

આ સંગ્રહમાં ભાઈબંધ અંગેની બે વાર્તાઓ છે. બંને વાર્તાઓ બાળકને કુદરતની નજીક મૂકી આપે છે. અહીં વાર્તાનાં શીર્ષકો બાળવાચકને વાર્તા વાંચવાનું કુતૂહલ જગવે તેવાં છે; જેવાં કે 'ભુલકણા ભગુભાઈનું ફુંગ ફુસ્સ્સ !', 'મીઠા લાડુનાં મોટાં સપનાં', 'ગંગુ ગધેડાની જે !', 'સસ્સારાણાની મોટી છીંક' વગેરે. આ છીંકવાળી વાર્તા સરસ જામી છે. સસ્સારાણાને શરદી થાય છે ને છીંકો ચાલુ થઈ જાય છે. દર છીંકે ન બનવાનું બને છે ને બાળવાચકને રમૂજ થાય છે. આ વાર્તા લેખક બાળશ્રોતાઓ સમક્ષ કહેતા હોય ત્યારે સાંભળનાર બાળકો પણ છીંક ખાવા લાગી જાય એ ઢબની એની શૈલી છે.

લેખક ક્યારેક બાળકોને સીધાં ઉદ્દેશીને વાત કરતા હોય એવી રજૂઆત ઘણી વાર્તામાં જોવા મળે છે. જેમ કે 'હવે તમે જાણો છો કે બકરાં ઠીક ઠીક મારકણાં છે.'

('સાઇકલ સરયૂમાસી' પૃ.૧૦૨)

તો વળી, ક્યારેક લેખક વાર્તાનો અંત વાચકો પર છોડી દે છે; જેમ કે 'સાઇકલ સરયૂમાસી'નો આ અંત જુઓ :

'હવે તમે વિચારો કે પપ્પુએ ત્રીજું વરદાન શું માગ્યું હશે ?'

તો ક્યારેક લેખક સનાતન સત્ય કહેવાની લાલચ રોકી શક્યા નથી; જેમ કે

'દુનિયાનું સૌથી મારકણું પ્રાણી માણસ છે !'

'તન મજબૂત તો મન મજબૂત.'

લેખક અહીં જરૂર પડ્યે શબ્દના અર્થ, સંદર્ભ વગેરે સમજાવે છે. એનાથી વાર્તારસને હાનિ પહોંચતી નથી ને બાળવાચક કશુંક ઉપયોગી જ્ઞાન, સમજ મેળવે છે. કાવડ એટલે શું એવો સવાલ નાના બાળકને વાર્તા વાંચતા થાય એ સ્વાભાવિક છે એટલે લેખક 'ખરો ખજાનો' નામની વાર્તામાં એની સમજ આમ આપે છે.

'....એક મજબૂત લાકડીને બે છેડે પલ્લાં લટકતાં હોય. એમાં બોજ મુકાય, પાણી મુકાય, દહીં-દૂધ મુકાય. ક્યારેક માનવીને પણ પલ્લાંમાં બેસાડાય. પુરાણોમાં સેવાવ્રતી શ્રવણની વાત આવે છે....'

(પૃ. ૧૩૯)

બાળવાર્તામાં યોગ્ય સ્થાને જોડકણાં મુકાય તે બાળવાચકોને ગમે છે. લેખકે અહીં કેટલીક વાર્તામાં આવાં જોડકણાં મૂક્યાં છે, જે વાર્તારસના પ્રવાહને અટકાવતાં નથી જેમ કે –

જગો-ભગો ભાઈબંધ
એ બોર વીણવા જાય,
જગો કરતો મહેનત
ભગો બોર બધાંયે ખાય. (પૃ. ૧૧૧)

આ જોડકણું લાંબું છે ને જેમ વાર્તા આગળ વધતી જાય છે એમ જોડકણું પણ પેલી રાત-દિવસ મોટી થતી રાજકુંવરીની જેમ લાંબું થતું જાય છે, છતાં વાર્તા એ વાર્તા રહે છે. જોકે બધે જોડકણાં એટલાં જામતાં નથી; આ જોડકણું જુઓ :

'બાઈ રે, મારાં ભલાં બાઈ,
કોથળો સાચવો ભલાં થઈ
રાજાને મુજરો કરી આવું
ત્યાં લગી દોરી છોડશો નહીં.'

('શિયાળભાઈનો કોથળો', પૃ. ૧૩૦ થી ૧૩૫)

અહીં આ જોડકણું પાંચેક વાર આવે છે. વાર્તા કહેતા હો ને એમાં જોડકણાં આવતાં હોય, એકનું એક જોડકણું પુનરાવર્તિત થતું હોય, તો ત્રીજી વાર તમારે એ ગાવાની જરૂર ન પડે તો એ જોડકણું સાચું. બાળકો જ એ ગાવા લાગે. અહીં બાળકો આ જોડકણું લહેકાથી ગાશે ખરાં ? વળી, અહીં 'મુજરો' શબ્દ બાળકને સમજાશે

નહિ.

લેખક રમૂજ પીરસી બાળકોને આનંદ પડે તેવી હળવી શૈલીમાં પણ પ્રયોજી શકે છે. ‘ભગાભાઈ ભુલકણા’ અને ‘સસ્સારાણાની મો...ટી છીંક !’ આ પ્રકારની વાર્તાઓ છે. આમ તો આવાં રમૂજનાં છાંટણાં લગભગ બધી વાર્તાઓમાં ક્યાંક ને ક્યાંક જોવા મળે છે.

અહીં વાર્તાઓમાં ક્યાંક બાળસહજ જિજ્ઞાસા છે, રમૂજ છે, વિચાર પ્રેરે તેવા પ્રશ્નો પણ છે જે વાર્તાને ઉત્તમ બનાવે છે. વાર્તા ‘ભાઈબંધ’ની વાર્તાની શરૂઆતમાં પ્રસ્તાવના રૂપે બે-ચાર વાક્યો લખવાનો લોભ લેખક જતો કરી શક્યા હોત. સ્વયં વાર્તા પોતે જ એ બોધ તારવી આપે છે. બાળકને તો વાર્તા શરૂ થાય એમાં જ રસ.

આમ, પાલખીનાં પૈડાંથી શરૂ થતી લેખકની આ વાર્તાની સફર ભુલકણા ભગુભાઈને ભમાવતી, સસ્સારાણાની છીંકો ખાતી, સાઇકલને દોડાવતી, જગા-ભગાનાં બોર ખાઈ, શિયાળના કોથળામાંથી બહાર નીકળી બાંડા ઉંદરને રાજી કરતી વિરામે છે. બાળકોને ઉજાણી કરાવે તેવી વાર્તાઓ પસંદ કરી સંગ્રહ આપવા બદલ સંપાદકોને અને લેખકને ધન્યવાદ.

18

---

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૧૧) **જીવન સૃષ્ટિ અને બ્રહ્માંડ** : પંકજ જોષી, પાંચમી : ૨૦૧૪, મોંઘીબહેન બાલવિહાર ટ્રસ્ટ, ભાવનગર ૮+૮૦, રૂ. ૮૦/- (૧૨) **પ્રયોગોની મજા** : પંકજ જોષી, પાંચમી-૨૦૧૪, મોંઘીબહેન, બાલવિહાર ટ્રસ્ટ, ભાવનગર ૨૨+૧૬૨, રૂ. ૧૫૦/- (૧૩) **આનંદની ડાયરી** : ભારતી મોદી, ૨૦૧૪, શ્રીલક્ષ્મી પુસ્તક ભંડાર, અમદાવાદ, ૨૮+૭૬, રૂ. ૧૦૦/- (૧૪) **અહિંસાની અમરવેલ** : આચાર્ય શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્રસૂરજી બીજી-૨૦૧૪, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ ૧૪+૧૬૨, રૂ. ૧૨૫/- (૧૫) **વિદુરનીતિ** : સ્વામી સચ્ચિદાનંદ, ૨૦૧૪, ગૂર્જર પ્રકાશન, અમદાવાદ, ૮+૨૬૬, રૂ. ૧૬૦/- (૧૬) **ટૂંકી વાર્તા વ્યાખ્યાથી વિકાસ** : ડૉ. સંજય આચાર્ય, ૨૦૧૩, જ્ઞાનમંદિર પ્રકાશન, અમદાવાદ, પૃ : ૭૯, રૂ. ૭૫/- (૧૭) **મહાવીરનો સાધનાપથ** : ચંદ્રહાસ ત્રિવેદી, ૨૦૧૩ ‘સુહાસ’ ૬૪, જૈનનગર, પાલડી, અમદાવાદ-૭, પૃ : ૧૧૨, રૂ. ૯૦/-

# આવરણચિત્ર : આસ્વાદનોંધ

પીયૂષ ઠક્કર

ચિત્રનું શીર્ષક : Study in Silence (ચૂપકીદીનો અભ્યાસ)
ચિત્રકાર : જેરામ પટેલ (જ. ૨૦-૬-૧૯૩૦, સોજિત્રા, જિ. ખેડા)
માધ્યમ : કાષ્ઠ તેમજ અન્ય સામગ્રી
માપ : ૯૫ x ૮ સેમી
વર્ષ : ૧૯૬૩
સંગ્રહ : લલિતકલા અકાદમી, નવી દિલ્લી

કળાવિવેચક ગીતા કપૂર લખે છે : '(Jeram Patel) ...the first artist to introduce relief construction in Indian art... Jeram's is a grim art, the result of obsessive act of destruction.'

ચિત્રની આપણી સામાન્ય સમજ આપણને કહે છે કે, ચિત્રમાં હોય ચિતરાયેલું દૃશ્ય. રંગ અને આકારોની કરામત વડે ચિત્રકારે દૃશ્ય રચ્યું હોય છે જેમાં રંગછટા અને રૈખિક આકારોની વિધ વિધ માંડણીમાં દૃષ્ટિભ્રમ રચાયો હોય. ભારતીય કળામાં છેક ૧૯૬૦માં જેરામ પટેલ આપણી સમજણથી ઉફરી એવી નવી પહેલ કરે છે. જેરામ પટેલ શિલ્પસદૃશ ચિત્રો રચે છે.

લાકડું, લોખંડ, અગ્નિ અને રંગ જેરામભાઈ માટે અભિવ્યક્તિનાં માધ્યમ. વિભિન્ન બળકટ પદાર્થોના પ્રયોગ વડે સર્જાયેલી અનેક કૃતિઓ ઓગણીસસો સાઠમાં આઇકનિક બને છે. લાકડાની સપાટીને Blow Torch વડે બાળીને એમાં આકારો રચે છે. લાકડાંને કોરે છે. સપાટી પર આક્રમકતાથી આકારો ઉત્કીર્ણ કરે છે. એમાં ખીલા ઠોકે છે. એમાં કટાયેલા પતરાના ટુકડા જડે છે. એમાં રંગનું ઉમેરણ કરે છે. લાકડાના રેષાઓથી માંડીને પ્રત્યેક પદાર્થ એમની અભિવ્યક્તિના વાહક બને છે. તેમજ એમાં પ્રયોજેલા પદાર્થોની સ્વભાવગત વિલક્ષણતા એમનાં સર્જનોને ઉત્કટ તેમજ પ્રભાવક બનાવે છે. પરિણામે એક સઘન વ્યવસ્થાનું રૂપક રચાય છે અને તત્કાલીન કળાપરિવેશમાં સ્થિર થયેલાં બંધારણો સામે વિદ્રોહની રજૂઆત બને છે.

જેરામ પટેલનાં શ્વેત-શ્યામ ચિત્રોની અભિવ્યક્તિ નિગૂઢ આકારોમાં સંગોપાઈને આવે છે. જ્યારે અહીં એ સઘન પદાર્થોમાં એનું રૂપાંતરણ થાય છે. અહીં કળાકાર વાતને ઘૂંટી-ઘૂંટીને ઢાંકતો નથી. બલ્કે, વાતનો વિસ્ફોટ કરે છે. અહીં વિધ્વંસના આઘાતો (બાળવાના, ખીલા ઠોકવાના, લાકડાનાં પડળો ઉતરડાવાના) રૂપકાત્મક ભાષા પામે છે.

કવિ-કળાવિવેચક પ્રયાગ શુક્લ કહે છે તેમ, જેના આધારે ભાવક ક્રમશઃ વાસ્તવિકતા સુધી પહોંચી શકે એવી કોઈ વાસ્તવિકતા આલેખવાનો કે કોઈક વિષય-

સંદર્ભ રચવાનો આશય જેરામ પટેલનો નથી રહ્યો. જેરામ પટેલે રચેલી ઇમેજીસ પોતે જ એક અલાયદી વાસ્તવિકતા રજૂ કરે છે જેમાંથી ભાવકની ભાવનયાત્રાની શરૂઆત થાય છે અને એમાં પોતાની દશ્યાત્મક અને બૌદ્ધિક સમજણો (perceptions) અને આગ્રહોને (concerns) એણે શોધવાની કે પામવાની હોય છે.

તાજેતરમાં જ જેરામભાઈએ ફરી વર્ષો પછી Blow Torch વડે અનેક ચિત્રો બનાવ્યાં, પણ અગાઉનાં ચિત્રોની આક્રમકતા-પૌરુષતા-બળકટતા અહીં જાણે ઊર્મિશીલ બને છે. લાકડાના રેષા ઉપર લીંપેલા રંગો અને બાળેલા આકારોમાં શ્વેત-શ્યામ ચિત્રોની નિગૂઢતા જાણે પ્રવેશે છે. એમાં સરળ ભાષાની ગહનતા અને સહજતા પ્રગટે છે. આવેશના વિકલ્પે અહીં આંતરિક વિશ્વની સ્પષ્ટ ચિત્રાંકનોની લિપિ આળેખાય છે.

આવરણચિત્રમાં પ્લાયવુડનાં પડળોની, પતરાની, સળિયાની અને રંગોની સહોપસ્થિતિને આવી કંઈક ભૂમિકાથી ભાવકે પામવાની રહેશે. એમાં ચિત્રસપાટીની ભીતરના અને એ ઉપરના આકારસંચલનોનાં પરિમાણોના સાયુજ્યને સમય અને પ્રકાશ બંને પ્રભાવિત કરે છે. અર્ધઊપસેલા સળિયા છે તો એના પડછાયા પણ રહેવાના. સ્થિર તેમજ પરિવર્તનશીલ એવી આ ચિત્રરચના છે.

18

---

## સાભાર સ્વીકાર

### પ્રકીર્ણ

(૧૮) **પીડ પરાઈ જાણે રે :** વિજયસિંહ પરમાર, ૨૦૧૪, આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઇ-અમદાવાદ, પૃ : ૨૧૬, રૂ. ૧૭૫/- (૧૯) **ગાંધીજીની જીવનયાત્રા એમનાં જ શબ્દોમાં :** સંકલન મહેન્દ્ર મેઘાણી, પુનર્મુદ્રણ : ૨૦૧૧, લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર ૮+૧૯૨ છબી. પૃ : ૨૪, રૂ. ૬૦/- (૨૦) **રવીન્દ્ર એક મેઘધનુષી વ્યક્તિત્વ :** રિદ્ધિ પટેલ, ૨૦૧૪ : આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ, અમદાવાદ, પૃ : ૯૬, રૂ. ૯૦/- (૨૧) **અંતે પ્રેમનો પ્રેમ :** અનુ: પ્રીતિ સેનગુપ્તા, ૨૦૧૪, આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ, અમદાવાદ પૃ : ૧૨૮, રૂ. ૯૯/- (૨૨) **કુરબાની કથાઓ :** ધનંજય શાહ, ૨૦૧૪, આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ-અમદાવાદ, પૃ : ૨૦૮, રૂ. ૧૬૦/- (૨૩) **દેશભક્ત કથાઓ :** ધનંજય શાહ, ૨૦૧૪, આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. મુંબઈ-અમદાવાદ, પૃ : ૨૧૬, રૂ. ૧૬૦/- (૨૪) **સ્વાતંત્ર્ય કથાઓ :** ધનંજય શાહ, ૨૦૧૪, આર.આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ. અમદાવાદ-મુંબઈ



# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

ડિસેમ્બર મહિનો એટલે પરિષદના જ્ઞાનસત્ર કે અધિવેશનનો મહિનો. આ વખતે ૨૮મું જ્ઞાનસત્ર મધ્યપ્રદેશના ઇન્દોર મુકામે ત્યાંના ગુજરાતી સમાજના નિમંત્રણથી પરિષદપ્રમુખ શ્રી ધીરુ પરીખની અધ્યક્ષતામાં યોજાવાનું છે. ઇન્દોરની આજુબાજુનાં સ્થળો જોવાલાયક છે જેનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્ત્વ છે. જ્ઞાનસત્રમાં આવનાર મહાકાલના દર્શન કરવા ઉજ્જૈન જઈ શકે કે બાજબહાદુર અને રાની રૂપમતીનાં સ્મરણ સાચવતા માંડુનો પ્રવાસ પણ કરી શકે છે. ગુજરાતી ભાષા સાથે નાતો ધરાવતા સૌકોઈ આ જ્ઞાનસત્રમાં આવે એવી પરિષદની લાગણી છે.

નવેમ્બર મહિનો પ્રવૃત્તિની દૃષ્ટિએ દિવાળીના સમયના કારણે થોડો ઓછો પ્રવૃત્ત છે તેમ છતાં કાવ્યની પાઠશાળા બુધસભા પ્રતિ બુધવારે યોજાતી રહી છે. એ જ રીતે પહેલા અને ત્રીજા ગુરુવારે પાક્ષિકી પણ નિયમિત રીતે ચાલે છે. બુધસભામાં માત્ર કાવ્યની વાત જ થાય છે જ્યારે પાક્ષિકીમાં ટૂંકી વાર્તા ઉપરાંત અન્ય ગદ્યસ્વરૂપો વિશે પણ ચર્ચા કરાય છે.

તા. ૬-૧૧-૨૦૧૧ના રોજ પાક્ષિકી અંતર્ગત આપણા જાણીતા ગઝલકાર શ્રી ચિનુ મોદીએ એમની વાર્તા 'એબ'નું પઠન કર્યું હતું. તા. ૨૦-૧૧-૨૦૧૪ના રોજ પારુલ કં. દેસાઈએ એમની વાર્તા 'ફ્રેન્કલી રિકવેસ્ટ'નું પઠન કર્યું હતું. અને રમેશ ર. દવેએ સંજય ચૌહાણની વાર્તા 'તરાગ'નો આસ્વાદ કરાવ્યો હતો.

પરિષદે સાહિત્યવારસો અંતર્ગત રાજકોટ મુકામે લેંગ લાયબ્રેરીના સહકારથી યોજેલ કાર્યક્રમમાં કવિશ્રી મનોહર ત્રિવેદીનાં કાવ્યોનું પઠન થયું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને શ્રી અરવિંદભાઈ મણિલાલ પુસ્તકાલયના પ્રમુખ ડૉ. નિરંજનભાઈ પરીષ ઉપસ્થિત રહ્યા હતા. નીતિનભાઈ વડગામાએ આ કાર્યક્રમની ભૂમિકા દર્શાવી હતી તેમજ આભારદર્શન કર્યું હતું. કવિ મનોહર ત્રિવેદીનાં ગીતોનો એક આગવો ચાહકવર્ગ છે તે આ કાર્યક્રમથી પ્રતીત થયું. મનોહર ત્રિવેદીએ કાવ્યપાઠ સાથે એમની કેફિયત પણ રજૂ કરી હતી.

– પ્રફુલ્લ રાવલ

વિશેષ નોંધ : પરબ દર મહિનાની ૧૦મી તારીખે ટપાલ દ્વારા રવાના થાય છે. જો એક માસમાં અંક ના મળે તો પરિષદને લેખિત ફરિયાદ કરવી. સ્ટોકમાં અંક હશે તો રવાના કરીશું.

**પરિષદના આગામી કાર્યક્રમો**

તા. ૪-૧૨-૨૦૧૪ના રોજ પાક્ષિકી અંતર્ગત વાર્તાનું પઠન કરશે સાંજે ૬-૧૫ કલાકે.

**વિશ્વકવિતા કેન્દ્ર અંતર્ગત**

તા. ૩, ૧૦, ૧૭, ૨૪-૧૨-૨૦૧૪ના રોજ બુધસભા અને તા. ૩૦-૧૨-૨૦૧૪ના રોજ વ્યાખ્યાન સાંજે ૭-૦૦ કલાકે.

**માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ**

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિર અને શ્રી ભોળાભાઈ પટેલ માતૃભાષા સંવર્ધનકેન્દ્રના ઉપક્રમે 'માતૃભાષાકૌશલ પ્રમાણપત્ર અભ્યાસક્રમ'ના આયોજન રૂપે તા. ૨-૨-૨૦૧૫થી ૧૯-૨-૨૦૧૫ દરમિયાન, વાચનકૌશલની સજ્જતા કેળવાય તે અભિગમથી વિવિધ વ્યાખ્યાનો યોજવામાં આવે છે, જેમાં કોઈ પણ ભાષારસિક – ભાષાજિજ્ઞાસુ, વયભેદ કે વ્યવસાયભેદ વગર જોડાઈ શકે છે. આ અભ્યાસક્રમની ફી ૩૦૦ રૂપિયા રાખવામાં આવી છે. વર્ગોનો સમય સાંજે ૫.૦૦ થી ૬.૩૦ (સોમવારથી શનિવાર) રહેશે. અભ્યાસક્રમમાં સર્વશ્રી યોગેન્દ્ર વ્યાસ, અરવિંદ ભાંડારી, રતિલાલ બોરીસાગર, મનસુખ સલ્લા, કીર્તિદા શાહ, પિંકી પંડ્યા, સતીશ વ્યાસ, પારુલ કંદર્પ દેસાઈ, કિશોરી ચંદારાણા વગેરે તજ્જ્ઞો સેવા આપશે. રસ ધરાવનારે પરિષદ કાર્યાલયમાં ફૉર્મ ફી ભરી જવા વિનંતી છે.

## ૨૮મું જ્ઞાનસત્ર, ઇન્દોર

### ૧૯-૨૦-૨૧ ડિસેમ્બર, ૨૦૧૪

**: ઉદ્ઘાટન-બેઠક :**

**તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર, સવારે ૧૧.૦૦થી ૧.૦૦**

ગીત : સંગીતવૃંદ
સ્વાગત : ડૉ. દિવાકર શાહ
શ્રી પંકજભાઈ સંઘવી
ઉદ્ઘાટક/અતિથિ : શ્રી ચંદ્રકાન્ત દેવતાલે
સરોજકુમાર જૈન
અધ્યક્ષ : શ્રી ધીરુ પરીખ
પ્રમુખશ્રીનો પરિચય : શ્રી પ્રફુલ્લ રાવલ
પ્રાસંગિક : શ્રી રઘુવીર ચૌધરી, હર્ષ બ્રહ્મભટ્ટ
પરિષદનો અહેવાલ : શ્રી પ્રફુલ્લ રાવલ (મહામંત્રી)
સંચાલન : શ્રી પ્રફુલ્લ રાવલ

**: બીજી બેઠક :**

**તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર, બપોરે ૨.૩૦થી ૫.૦૦**

સર્જકનું પુનઃમૂલ્યાંકન : બકુલ ત્રિપાઠી
અધ્યક્ષ : શ્રી હસિત મહેતા
(બકુલ ત્રિપાઠીના લલિત-હાસ્યનિબંધો)

અતિથિવિશેષ : શ્રી રતિલાલ બોરીસાગર
બકુલ ત્રિપાઠીના સાહિત્યમાં
રાજકીય કટાક્ષ : શ્રી ઉર્વીશ કોઠારી
બકુલ ત્રિપાઠીની હાસ્યરચનાઓ : શ્રી રવીન્દ્ર પારેખ
સંચાલન : શ્રી જનક નાયક
બકુલ ત્રિપાઠીનો સાક્ષાત્કાર (દૃશ્ય-શ્રાવ્ય) : ડૉ. દિવાકર શાહ

**: ત્રીજી બેઠક :**

**તા. ૧૯-૧૨-૨૦૧૪, શુક્રવાર રાત્રે ૭.૩૦થી ૮.૩૦**

પારિતોષિક વિતરણ
અધ્યક્ષ : શ્રી ધીરુ પરીખ
સંચાલન : શ્રી ઉષા ઉપાધ્યાય

**: ચોથી બેઠક :**

**આસ્વાદ**

બકુલ ત્રિપાઠીનો હાસ્યદરબાર : શ્રી ગુણવંત વ્યાસ
તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સવારે ૮.૦૦થી ૯.૦૦
મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક

**: પાંચમી બેઠક :**

**તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સવારે ૧૦.૦૦થી ૧.૦૦**

**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

અધ્યક્ષ : શ્રી મનસુખ સલ્લા
કવિતા : શ્રી સુધાબહેન ચૌહાણ
નાટક : શ્રી પ્રભુદાસ પટેલ
વિવેચન : શ્રી હેતલ ગાંધી
ચરિત્ર-સાહિત્ય : શ્રી પ્રશાંત પટેલ
અનુવાદ : શ્રી દર્શના ત્રિવેદી
સંચાલન : શ્રી નીતિન વડગામા

**: છઠ્ઠી બેઠક :**

**તા. ૨૦-૧૨-૨૦૧૪, શનિવાર, સમય ૩.૦૦થી ૬.૦૦**

**બે વર્ષના સાહિત્યનું સરવૈયું (૨૦૧૨-૨૦૧૩)**

અધ્યક્ષ : શ્રી માધવ રામાનુજ
ટૂંકી વાર્તા : શ્રી દીવાન ઠાકોર
નવલકથા : શ્રી કેશુભાઈ દેસાઈ (૨૦૧૨)
શ્રી કનૈયાલાલ ભટ્ટ (૨૦૧૩)
નિબંધ : શ્રી કિશોરસિંહ સોલંકી
સંશોધન-સંપાદન : શ્રી પિંકી પંડ્યા

બાળસાહિત્ય : શ્રી મીનાક્ષી ચંદારાણા
સંચાલન : શ્રી કીર્તિદા શાહ

**: સાતમી બેઠક :**

**રાત્રે ૮.૩૦થી યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ**

**ઇન્દોરના સર્જકો સાથે મુલાકાત**

**પુસ્તકમિત્રોનું સન્માન : શ્રી રઘુવીર ચૌધરી**

**Last Appointment – નાટકની ભજવણી**

**: આઠમી બેઠક :**

**તા. ૨૧-૧૨-૨૦૧૪, રવિવાર સવારે ૯.૦૦થી ૧૧.૩૦**

સાહિત્ય સ્વરૂપ : નવી સદીનાં નાટકો : પ્રવાહો અને પડકારો

અધ્યક્ષ : શ્રી મહેશ ચંપકલાલ
અતિથિવિશેષ : શ્રી સતીશ વ્યાસ
બદલાતું નેપથ્ય : શ્રી પ્રવીણ પંડ્યા,
ઐતિહાસિક-પૌરાણિક અને
ચરિત્રકેન્દ્રી નાટકો, નવી સદીમાં : શ્રી ધ્વનિલ પારેખ
'નવી' સદીમાં 'જૂનાં' નાટકો : શ્રી મહેન્દ્રસિંહ પરમાર
સંચાલન : શ્રી અજયસિંહ ચૌહાણ

**: નવમી સમાપન બેઠક :**

**તા. ૨૧-૧૨-૨૦૧૪, રવિવાર બપોરે ૧૧.૩૦થી ૧૨.૩૦**

આભારદર્શન : યજમાન સંસ્થા વતી
ગુજરાતી સાહિત્ય પરિષદ વતી : શ્રી પ્રફુલ્લ રાવલ, મહામંત્રી

નોંધ : જ્ઞાનસત્રમાં ભાગ લેવા ઇચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂ. ૩૦૦/- તથા પ્રતિનિધિ શુલ્ક રૂ. ૨૦૦/- ભરવાના રહેશે. કુલ રૂ. ૫૦૦/- થશે. વિદ્યાર્થીઓએ ૫૦% રકમ રૂ. ૨૫૦/- ભરવાના રહેશે. (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવશે.) ભોજન-ઉતારા અને પ્રતિનિધિ શુલ્ક તા. ૧૦-૧૨-૧૪ સુધીમાં પરિષદ કાર્યાલય – અમદાવાદમાં ભરી દેવાથી વ્યવસ્થા સરળ થશે. ત્યારબાદ સ્વીકારવામાં આવશે નહીં.

**સંપર્ક : શ્રી ગુજરાતી સમાજ, ઇન્દોર**

૧, નાસિયારોડ, ઈન્દોર-૪૫૨૦૦૧

ફોન : (૦૭૩૧) ૨૭૦૬૪૬૮ મો. ૯૩૨૯૪૦૬૪૬૮

નિખિલ દેસાઈ : ૯૮૨૬૬૧૧૫૯૯

તા. ૧૯-૧૨-૨૦૧૪ના રોજ શાંતિ એક્સપ્રેસ, અવંતિકા એક્સપ્રેસમાં
આવનાર પ્રતિનિધિઓ માટે ઈન્દોરના પ્લેટફૉર્મ નં-૫ પર યજમાન સંસ્થાના
સ્વયંસેવકો પૂછપરછ માટે હાજર હશે.

## સાહિત્યવૃત્ત

ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે દર્શકની જન્મશતાબ્દી નિમિત્તે 'દર્શકનું વિચારવિશ્વ' વિશે શ્રી પ્રકાશ ન. શાહે વક્તવ્ય આપ્યું હતું. સંસ્થાના પ્રમુખ શ્રી કુમારપાળ દેસાઈએ પ્રાસ્તાવિક વક્તવ્ય આપ્યું હતું. શ્રી પ્રફુલ્લ રાવલે વક્તાનો પરિચય કરાવ્યો હતો.

□

ગુજરાત વિશ્વકોશમાં તા. ૨-૧૦-૨૦૧૪ના રોજ ગાંધી જન્મજયંતી નિમિત્તે 'ગાંધી અમદાવાદમાં' એ વિષય પર ડૉ. માણેક પટેલ 'સેતુ'એ વ્યાખ્યાન આપ્યું હતું.

□

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના લલિતકલા કેન્દ્ર દ્વારા વિખ્યાત ચિત્રકાર શ્રી ગુલામમોહમ્મદ શેખે 'કળાથી જીવતર ભણી' (ચિત્રો અને અન્ય કૃતિઓ) વિશે ગુજરાત વિશ્વકોશ ભવનમાં ૬ઠ્ઠી ઓક્ટોબરે સાંજે ૫.૦૦ વાગ્યે વ્યાખ્યાન આપ્યું હતું.

□

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા યોજવામાં આવતી વ્યાખ્યાનશ્રેણીમાં શ્રી સંજય ચૌધરીએ 'ગિરનાર પરિક્રમા અને અનુભવો' એ વિષય પર દશ્ય-શ્રાવ્યના માધ્યમથી સુંદર વ્યાખ્યાન આપ્યું હતું.

□

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીમાં 'નળાખ્યાન : પ્રેમાનંદનો પ્રજ્ઞાપ્રસાદ' વિશે ડૉ. ચંદ્રકાન્ત શેઠે વ્યાખ્યાન આપ્યું હતું.

□

ઓમ કોમ્યુનિકેશન દ્વારા તા. ૧૨-૧૧-૨૦૧૪ના રોજ સાંજે ૬ કલાકે સાહિત્ય પરિષદ ખાતે સાહિત્યકાર અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના ૭૮માં જન્મદિન નિમિત્તે સ્મૃતિવંદનાનો કાર્યક્રમ યોજાયો આ નિમિત્તે શ્રી યોગેશ જોષીએ, શ્રી સુમન શાહે, શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટે, સતીશ વ્યાસે વક્તવ્યો આપ્યાં હતાં. તેમજ આરતી પટેલે જાણીતા ચરિત્ર-નિબંધ 'બાબુ વીજળી'નું પઠન કર્યું હતું.


**ગુજરાતી સાહિત્ય પરિષદ**

યોજશે

**પુસ્તક મેળો**

**સ્થળ :** ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રાંગણમાં

ગુજરાતી સાહિત્ય પરિષદમાં પ્રકાશિત પ્રકાશકોનાં શિષ્ટ પુસ્તકો

આ મેળામાંથી મળશે. વધુ વિગત આવતા અંકે

## સરવૈયાનું સરવૈયું

'પરબ' જાન્યુઆરી-ફેબ્રુઆરી-૧૪નો ''૨૧મી સદી : પ્રથમ દાયકો વિશેષાંક'' મળ્યો અને 'છાંદસ-અછાંદસ ગુજરાતી કવિતા' (૨૦૦૧થી ૨૦૧૦)નું જે સરવૈયું શ્રી મણિલાલ હ. પટેલે કર્યું છે તે મારી તે અંગેની ધારણાને વફાદાર રહ્યાનું લાગ્યું. તે બદલ શ્રી મણિલાલ હ. પટેલને અભિનંદન !

આ પહેલાં, થોડાં જ વર્ષો પૂર્વે તેમણે 'પચાસ વર્ષની કવિતાનું' (૧૯૬૦થી ૨૦૧૦) સરવૈયું 'શબ્દસૃષ્ટિ'ના વિશેષાંક માટે કરેલું, તેથી એક દાયકાનું સરવૈયું પ્રમાણિકતાપૂર્વક અમે તાટસ્થ્ય જાળવીને તથા રાગ-દ્વેષથી ઉપર ઊઠીને આત્મશ્લાઘામાં સરી પડ્યા વિના કરવું ધાર્યું હોત તો મુશ્કેલ ન હતું. પણ એમણે કેવું કર્યું છે તે ટૂંકમાં જોઈએ : આરંભે ત્રીસેક કવિઓનાં નામ અને દરેકની સામે પોતાને ઊકલ્યા ને સમજાયા તેવા વિશેષો બેત્રણ વાક્યોમાં નોંધ્યા છે. તેમાં પોતાને ત્રીજા ક્રમે મૂક્યા છે તે નમ્રતાની નોંધ લઈએ ! અલબત્ત, આમાં ચંદ્રકાન્ત શેઠ ત્રેવીસમા ક્રમે છે. આ યાદીમાંથી આઠેકને નિવારીને બાકીનાઓનાં કાવ્યકૃતિઓનાં અવતરણથી પાનાંનાં પાનાં ભર્યાં છે. ત્યાં તેમને સ્થળસંકોચ નડ્યો નથી. અલબત્ત, થોડો અપરાધભાવ નડ્યો હશે તેથી કે કોઈ વ્યવહારુ દૃષ્ટિએ 'વગેરે વગેરે'ની યાદીના અંતે ઉપકાર કરતા હોય તેમ લખ્યું છે –

'આ સૌની એક એક રચનાની વાત કરવાનું મન થાય છે પણ અહીં તો કેન્દ્રવર્તી વલણો અને કેટલુંક ઉદાહરણરૂપ ભાષાકર્મ નોંધીને જ સંતોષ માનવાનો છે – આને કહેવું હોય તો Saving clause કહી શકાય. 'વગેરે વગેરે'ની યાદી કવયિત્રીઓનાં નામોથી શરૂ થાય છે. આ યાદીમાં પુરોગામીઓની યાદીમાં ચંદ્રકાન્ત શેઠના ઉલ્લેખ પછી તરત કૌંસમાં ઉમેરે છે ('– ટોપીવાળા ચન્દ્રકાન્તભાઈ તો વધુ ને વધુ ધ્યાનપાત્ર રીતે લખે છે') આવી જ હરકત કરતાં લાભશંકરની કવિતા વિશે નકારાત્મક વિધાનો કર્યા પછી તરત જ સિતાંશુની 'વખાર'નાં વખાણ પર ઊતરી પડે છે. કોણ કેટલું ફળે તેની કશી ગણતરી અહીં હશે ? – આવો પ્રશ્ન થવાનો. એમના આ સરવૈયામાં કૃતિ કરતાં વિશેષ તો 'કવિઓ' ધ્યાનમાં લેવાયા છે. પોતે ઉદ્ધૃત કરેલી કૃતિઓ પૈકી કેટલીકમાં ત્રુટીઓ હોવાનુંયે કહે છે. ઉમાશંકરનું વચન 'ભાષા એક એવો ઘોડો છે જે જરીકમાં પાડી દે' ટાંકીને પોતાની જાત સહિત જે કવિઓને શિખામણ પણ આપી છે તે સદ્ભાગી કવિઓ છે રાજેન્દ્ર પટેલ, દિલીપ ઝવેરી, હર્ષદ ત્રિવેદી અને પ્રફુલ્લ રાવલ. મણિલાલની એક ધારણા એવીયે હોવાનું સમજાય છે કે વિવેચનનું / સર્જનનું ધરુવાડિયું તો બરોડા સ્કૂલ, પરગણું અને પરંપરામાં જ આવેલું છે, તેથી કરીને આ ગોળના મહત્તમ કવિઓની અછાંદસ રચનાઓના લાંબા લાંબા ઉતારાથી પાનાંનાં પાનાં ભર્યાં છે; આ શ્રમયજ્ઞની પાછળની તેમની એક ઝંખના આ બધા કવિઓની પંગતમાં પોતાનું સ્થાન નિયત કરવાની હોય તેવું સમજાઈ રહે – તેવું તેઓ જુદી જુદી રીતે કહેતા રહે છે – જેમ કે 'મારા આ સમકાલીનોનું અછાંદસ પણ આધુનિકો કરતાં

વધારે નોખું અને પ્રત્યાયનક્ષમ હોવા સાથે અર્થપૂર્ણતા પણ ધારે છે.'

'છાંદસ' કાવ્યો એટલે પ્રશિષ્ટ છંદોમાં રચાયેલાં સૉનેટમાત્ર એવી સાંકડી સમજથી આ સરવૈયાકાર ચાલ્યા છે. છાંદસ કૃતિ ચૌદ પંક્તિથી ઓછી કે વધારે પંક્તિઓની હોઈ શકે, ખંડકાવ્ય પણ હોય કે દીર્ઘ રચના પણ હોય તેવું તેમણે સ્વીકાર્યું લાગતું નથી. અને અપવાદ રૂપે માત્રામેળી છંદની તો એક જ રચના ઉલ્લેખ પામી છે તે મણિલાલ હ. પટેલની પોતાની રચના છે ! (આ રચનાનો ઉલ્લેખ કરવાની હઠ તેઓ છોડી શકતા નથી)

ગ્રામચેતનાની કવિતાના મુખ્યત્વે ત્રણ પ્રમુખ અવાજોમાં તેઓ પ્રથમ ક્રમે પોતાનું નામ લે છે. વિશેષમાં કહે છે : 'પ્રકૃતિ પર સંસ્કૃતિનું આક્રમણ તથા વતન વિચ્છેદની પીડાનો તાર મણિલાલમાં રણઝણતો રહે છે. અને 'ગામ જવાની હઠ છોડી દે' – વગેરે 'કાવ્યોમાં છંદોને લેખે લગાડીને અભિવ્યક્તિને પ્રભાવક બનાવાઈ છે' એવું પ્રશંસાવચન ઉમેરે છે.

કોઈનાયે સમકાલીન હોવું તે તો સમયે કરેલ અકસ્માત હોવાનો. સમકાલીનો હંમેશ સમાનધર્મો, સમાનકર્મા કે સમકક્ષ હોતા નથી. ઇરાદાયે અલગ હોવાના. છાંદસ કવિતામાં તેમને ઉપર કહ્યા તે ગોળના કવિઓ મળ્યા લાગતા નથી તેથી જયંત પંડ્યા, ઉશનસ્, ભાનુપ્રસાદ ત્રિવેદી અને ભાનુપ્રસાદ પંડ્યાને લેવા પડ્યા છે. અહીં શ્રી મણિલાલ હ. પટેલ અને રાજેન્દ્ર પટેલનો સમાવેશ ન થયો હોત તો મને તો આઘાત લાગત, પણ મણિલાલ એવી ભૂલ તો ન જ કરે... ફરીથી અભિનંદન !

દર્શક આચાર્યનો ચર્ચાપત્ર 'મૂળે પિતૃપ્રેમભક્તિ'માંથી પ્રગટી આવ્યો છે તેવી મજાક કરીને મણિલાલ જે બચાવ રજૂ કરે છે તેમાં જેટલી ચાલાકી છે તેટલી સચ્ચાઈ પ્રતીત થતી નથી. બે-પાંચ જણને મનાવી લેવાની જે ચેષ્ટા કરી છે તેય પકડાઈ જાય તેવી છે.

મણિલાલનું પોતાનું સૉનેટ પણ 'પિતાજીને' વિશે છે. આરંભમાં જ કહે છે : 'મણિલાલ હ. પટેલનાં પિતાજી વિશેનાં **જાણીતાં** સૉનેટકાવ્યોમાંથી બીજું નોંધીએ ! આ કાવ્ય સાદ્યું, સરળ, સમજાઈ રહે તેવું (એટલે કે પેલા સંકુલ સંપ્રદાયનું નહીં એવું) છે છતાં મણિલાલે વાચકોના લાભાર્થે તેનું અર્થવિવરણ આપ્યું છે, અને છેલ્લે પોતાની આદતને અનુસરીને ઉમેર્યું છે : 'આવી વાસ્તવવાદી કવિતા ગુજરાતીમાં થોડી છે. એમનાં (એટલે કે મણિલાલનાં) અન્ય છંદોબદ્ધ કાવ્યો ગ્રામચેતનાના તાર રણઝણાવતા રહ્યા છે.'

પરસ્પર વિરોધી વિધાનો પણ મણિલાલ ક્યાંક કરી બેઠા છે – કહે છે : 'ચિનુ મોદી તથા ઉશનસ્નાં કાવ્યો (અનુક્રમે અછાંદસ – તથા સૉનેટ) હજી કાવ્યત્વ દાખવે છે, પણ હવે એમની ભૂરકી રહી નથી. એ બધા હવે 'સ્પેન્ટ ફોર્સ છે.' આ હિંમતને તો દાદ દેવી પડે. જોકે અન્યત્ર ઉશનસ્નું સૉનેટ 'અંતરતમ સખાને' પ્રગટ કર્યું છે તેની નીચે લખે છે : 'ઉશનસ્ પાસેથી ૨૦૦૯માં 'આંસુ' જેવું ઉત્તમ સૉનેટ પણ મળ્યું છે. ....આજે પણ ઉશનસ્માં ગુજરાતી સૉનેટ વિકસતું – વિસ્તરતું જોઈ શકાય છે.' પ્રશ્ન થવાનો કે જો ઉશનસ્ આવા ઉત્તમ સૉનેટકવિ છે તો તેમને 'સ્પેન્ટ ફોર્સ' કઈ રીતે કહી શકાય ? અને તે સ્થિતિમાં શ્રી ટોપીવાળાની સાથોસાથ ઉશનસ્નાંયે ત્રણ સૉનેટ લેવાં જોઈતાં હતાં.

શ્રી મણિલાલ હ. પટેલે તેમના વ્યક્તિત્વનું જે સાતત્ય જાળવી રાખ્યું છે તેના પ્રમાણ રૂપે ચોવીસ વર્ષ પહેલાં 'પરબ'નાં જ પાન પર ઘટેલી એક ઘટના અત્રે ટૂંકમાં જણાવું છું.

'પરબ'ના નવેમ્બર ૧૯૯૦ના અંકમાં 'કાવ્ય-સંવાદ' શીર્ષકથી મણિલાલ હ. પટેલનો લેખ પ્રગટ થયેલો. તેમાં 'અનામી આશ્ચર્યોમાં' (કવિશ્રી ઉશનસ્) અને 'આદિમતાની એક અનુભૂતિ' (કવિશ્રી જયન્ત પાઠક) એ બંને સૉનેટોના આસ્વાદ સાથે એક નવતર સંવેદનવિશ્વની કેવી અભિવ્યક્તિ સધાઈ છે તેની ચર્ચા કરવામાં આવેલી. લેખને અંતે સહેજ તીવ્ર સ્વરે લખાયેલું કે – 'વિષયના સામ્યથી ભોળવાઈ જતા અને અસર કે ભાવ વિશે બોલવા હરખપદૂડા થઈ જતા આપણા વિવેચકો કવિની અભિવ્યક્તિ અને દર્શનદૃષ્ટિને જોવા જેટલી શક્તિ ધરાવતા નથી. ઉક્ત બંને સૉનેટ સાથે આ દૃષ્ટિએ તપાસવા જેવું એક મારું સૉનેટકાવ્ય મૂકીને સાંપ્રતનું પ્રતિનિધિત્વ ચીંધીને અટકું – પછી કાવ્ય હતું : એક વનઅનુભૂતિ / મણિલાલ હ. પટેલ.

('પોળોના પહાડોમાં' : સૉનેટગુચ્છનું એક સૉનેટ : રચના – ૧૯૮૫, 'સાતમી ઋતુ' પૃ. ૭૦-૧૯૮૮)

આ લેખનો છેવટનો અંશ અને ઉક્ત સૉનેટ એ બંનેના હળવા પ્રતિભાવ રૂપે મેં એક પ્રતિ-સૉનેટ લખી મોકલ્યું – 'સાંપ્રતના પ્રતિનિધિને' – કવિનો દાવો અને તેમના કાવ્યની કક્ષા અંગે થોડું કહેવા જેવું કહેલું... મારા આ પ્રતિભાવ-કાવ્ય અંગે મેં પૃચ્છા કરી તો સંપાદકશ્રીએ જણાવ્યું કે તેઓ એ પ્રગટ નહીં કરે અને કારણ પૂછ્યું તો કહે કે ઉક્ત લેખનો છેલ્લો અંશ (ઉપર ટાંક્યો છે તે) અને શ્રી મણિલાલ હ. પટેલનું સૉનેટ રદ ગણેલ સામગ્રી હતી. તેના લેખક / કવિ તે રદ ગણવા માટે સંમત હતા, પરંતુ તે ભૂલથી છપાઈ ગયું છે. હવે રદ થયેલ સામગ્રીનો પ્રતિભાવ કેવી રીતે છાપી શકાય ? અમે 'ભૂલસુધાર' પ્રગટ કરવાના છીએ... મેં કહ્યું કે રદ ગણેલું છાપી જ નાખ્યું છે તો પ્રતિભાવ પણ છાપી શકાય. પછીથી તે પણ રદ કરજો, મને વાંધો નથી !

પણ સંપાદકશ્રી ટોપીવાળા ન માન્યા, તે ન માન્યા તે ન જ માન્યા ! અને મેં પણ વાત પડતી મૂકી. મારું એ પ્રતિ-સૉનેટ આજ સુધી મારી ડાયરીમાં જ રહ્યું છે. તે હવે પ્રગટ કરવાનો હાલ મારો કોઈ ઇરાદો પણ નથી. હું તો એ વાતે રાજી છું કે શ્રી મણિલાલ હ. પટેલે ભાઈ દર્શકને જે ઉત્તર દીધો છે તેમાં થોડી નમ્રતા અને સૌમ્ય સ્વર ભળેલાં છે.

બાકી આપણું સાહિત્યજગત તો એટલું બધું સ્વસ્થ, સંબંધરખુ અને વ્યવહારુ છે કે કારણ હોય ત્યાં પણ કોઈ 'ગાળ' દેવા માટેય નવરું નથી હોતું. કોઈ વ્યક્તિગત ફરિયાદ રૂપે નહીં પરંતુ સાહિત્યના વ્યાપક હિતમાં આટલુંક કહેવા જેવું લાગ્યું તે કહ્યું છે.

ગુજરાતી સાહિત્ય પરિષદે ૨૦૦૧થી ૨૦૧૦નાં જે વાર્ષિક કવિતાચયનો પ્રગટ કર્યાં છે તેમાંથીયે પસાર થવાનો શ્રમ જો લીધો હોત, વધારે તાટસ્થ્ય દાખવ્યું હોત તો મણિલાલ હ. પટેલનું આ સરવૈયું થોડું સ્વીકાર્ય બન્યું હોત.

**હરિકૃષ્ણ પાઠક**

## આ અંકના લેખકો

**ઉત્પલ પટેલ** : ૧૩, રામેશ્વર સોસાયટી, મહાવીરનગર વિસ્તાર, **હિંમતનગર**-૩૮૩૦૦૧
**ઊર્મિલા ઠાકર** : સી/૧૮, નીલહર્ષ એપાર્ટમેન્ટ, અંજલી ચાર રસ્તા, જવાહરનગર બસસ્ટેન્ડ સામે, પાલડી, **અમદાવાદ**-૩૮૦૦૦૭
**તારિણી દેસાઈ** : ૨/સી, નાનિક નિવાસ, વૉર્ડન રોડ, **મુંબઈ**-૪૦૦૦૨૬
**દેવેન્દ્ર દવે** : ધરતી ફ્લૅટ્સ વિ. ૧-એ, બ્લોક નં. ૨૦૪, બીજે માળ, પંચવટી બંગલોઝ સામે, ન્યૂ રાણીપ, **અમદાવાદ**-૩૮૨૪૮૦
**ધીરુ પરીખ** : 'લાવણ્ય', વિજયપાર્ક, નવરંગપુરા, **અમદાવાદ**-૩૮૦૦૦૯
**નટવર પટેલ** : એચ/૫૦૩, નિશાન રેસિડેન્સી, શુકન સિટી પાસે, આનંદ પાર્ટીપ્લૉટ રોડ, ન્યૂ રાણીપ, **અમદાવાદ**-૩૮૨૪૭૦
**નરોત્તમ પલાણ** : 'દર્શન', ૩, વાડી પ્લૉટ, **પોરબંદર**-૩૬૦૫૭૫
**નલિન રાવળ** : ૧૦/એ, સત્તર તાલુકા સોસાયટી, નવજીવન પાસે, **અમદાવાદ**-૩૮૦૦૧૪
**નીતિન વડગામા** : 'તાંદુલ', ૧૯, સ્વાતિ સોસાયટી, વિરાણી સાયન્સ કૉલેજ પાછળ, કાલાવડ રોડ, **રાજકોટ**-૩૬૦૦૦૫
**પીયૂષ ઠક્કર** : બળવંત પારેખ સેન્ટર, સી/૩૦૨, રિદ્ધિવિનાયક કૉમ્પલેક્સ, રેલવે સ્ટેશન પાછળ, ફરામજી રોડ, **વડોદરા**-૩૯૦૦૦૭
**પ્રફુલ્લ રાવલ** : ૩, રાજમહેલ ફ્લૅટ, આઈઓસી કૉલોની રોડ, **વીરમગામ**-૩૮૨૧૫૦
**મણિલાલ હ. પટેલ** : સહજ બંગલો, શાસ્ત્રીમાર્ગ, શાન્તાબા પાર્ક પાસે, **વલ્લભવિદ્યાનગર**-૩૮૮૧૨૦
**મેહુલ કલાદેવ** : ગ્રીનફિલ્ડ સોસાયટી, જોગેશ્વરી (પૂર્વ), **મુંબઈ**-૪૦૦૦૯૩
**રમેશ કોઠારી** : ૧૦૨, ઇલાક્ષ એપાર્ટમેન્ટ, દક્ષિણી સોસાયટી પાસે, મણિનગર, **અમદાવાદ**-૩૮૦૦૦૮
**રમેશ ર. દવે** : 'વૈશાખ', ૨/૨, વીમાનગર, સૅટેલાઇટ રોડ, **અમદાવાદ**-૩૮૦૦૧૫
**રાજેશ પંડ્યા** : એ/૫, ઋતુરાજ, નૂતન વિદ્યાલય પાસે, સમા રોડ, **વડોદરા**-૩૯૦૦૨૪
**વિપાશા** : ૩૦૨, ટાવર બી, શ્રવણ રેસિડેન્સી, કૉસ્મિક ઍન્કલેવ, સમા રોડ, **વડોદરા**-૩૯૦૦૨૪
**સંધ્યા ભટ્ટ** : 'સ્નેહલ', પ્રજાપતિ વાડી સામે, ગાંધી રોડ, **બારડોલી**-૩૯૪૬૦૨
**હરિકૃષ્ણ પાઠક** : પ્લૉટ નં. ૬૨/૨, સેક્ટર ૨/એ, **ગાંધીનગર**-૩૮૨૦૦૨
**હર્ષદ ચંદારાણા** : પોસ્ટ બૉક્ષ નં. ૪૬, સેન્ટર પોઇન્ટ, મહાત્મા ગાંધી રોડ, **અમરેલી**-૩૬૫૬૦૧
**હિમાંશી શેલત** : ૧૮, મણિબાગ, અબ્રામા, **વલસાડ**-૩૯૬૦૦૨

# ગ્રંથવિહાર

## ગુજરાતી સાહિત્ય પરિષદ

નદી કિનારે, ટાઇમ્સ પાછળ, આશ્રમ માર્ગ, અમદાવાદ 380 009
ટેલિફોન (079) 26587949

### ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત સંદર્ભગ્રંથો

| | |
|---|---|
| અમે બોલીઓ છીએ (2009) શાંતિલાલ આચાર્ય | 30 |
| અનાર્યનાં અડપલાં અને બીજા લેખો (2007) જ. એ. સંજાણા | 130 |
| આત્માની માતૃભાષા (2011) સં. યોગેશ જોષી | 250 |
| અજ્ઞેય (2002) અનુ. સુનીતા ચૌધરી | 35 |
| બ. ક. ઠાકોર (2004) શિરીષ પંચાલ | 35 |
| બસવેશ્વર (2003) અનુ. બિપિન પટેલ | 35 |
| ભાષાશાસ્ત્રની કેડીએ (2001) ઊર્મિ દેસાઈ | 175 |
| ભાષાવિમર્શ લેખસંચય (2011) સં. હર્ષવદન ત્રિવેદી | 140 |
| ધૂમકેતુ (2002) ઇલા નાયક | 35 |
| ધ્વન્યાલોક : આનંદવર્ધનનો ધ્વનિવિચાર (2004) નગીનદાસ પારેખ | 220 |
| ગુજરાતી સાહિત્યકોશ : ખંડ 1 : મધ્યકાળ (1989) સં. જયંત કોઠારી | 400 |
| ગુજરાતી લેખિકાસૂચિ : 1900થી 2008 (2009) સં. દીપ્તિ શાહ | 90 |
| ગુજરાતી સાહિત્યનો દસમો દાયકો (2003) સં. ભોળાભાઈ પટેલ | 90 |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ 3 (2011) દલપતરામથી કલાપી | 420 |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ 4 (2011) ન્હાનાલાલથી મેઘાણી | 390 |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ 5 (2011) ઈ. 1895-1935 | 325 |
| ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ગ્રંથ 6 (2011) ઈ. 1895-1935 ગાંધાયુગીન - અનુગાંધીયુગીન ગદ્યસર્જન | 470 |
| ગદ્યસંચય - 1, 2 (1982) સં. ઉપેન્દ્ર પંડ્યા, યશવંત શુક્લ | 30 + 32 |
| ગુજરાતી ટૂંકી વાર્તાકોશ (2008) સં. ચંદ્રકાન્ત ટોપીવાલા | 75 |
| જ્ઞાનસત્ર : વ્યાખ્યાનો : માંડવી 2006 (2009) સં. પ્રફુલ્લ રાવલ | 150 |
| હજારીપ્રસાદ દ્વિવેદી (2006) અનુ. રજનીકાન્ત જોષી | 35 |
| જયંતી દલાલ અધ્યયનગ્રંથ (1986) સં. રઘુવીર ચૌધરી | 50 |
| જગભેરુ જયંતી દલાલ (1986) સં. રઘુવીર ચૌધરી | 40 |

| | |
|---|---|
| કળા, સાહિત્ય અને વિવેચન (2000) પ્રમોદકુમાર પટેલ | 120 |
| લોકસાહિત્ય (ગુજરાતી લોકગીતો) (2003) સં. પ્રભાશંકર તેરૈયા | 55 |
| માતૃભાષા લેખનકૌશલ અને શિક્ષણ (2013) સં. યોગેન્દ્ર વ્યાસ | 160 |
| મધ્યકાલીન કૃતિસૂચિ (2004) સં. કીર્તિદા શાહ | 240 |
| મધ્યકાલીન કાવ્યશાસ્ત્ર (2012) ધીરુ પરીખ | 100 |
| મણિલાલ દ્વિવેદી (2003) ધીરુભાઈ ઠાકર | 35 |
| નામ્મલવર (2003) અનુ. ડૉ. યશોધન જોષી | 35 |
| પરબસૂચિ (2007) સં. ઇતુભાઈ કુરકુટિયા | 260 |
| પ્રબોધકાળનું ગદ્ય (1991) નટવરસિંહ પરમાર | 50 |
| પન્નાલાલ પટેલની વાર્તાસૃષ્ટિમાં (2012) સં. પારુલ દેસાઈ | 150 |
| ફણીશ્વરનાથ રેણુ (2003) અનુ. બિન્દુ ભટ્ટ | 35 |
| રમણનાથ નીલકંઠ (2002) રતિલાલ બોરીસાગર | 35 |
| રણજિતરામ ગદ્યસંચય-1,2 (1982) રણજિતરામ વાવાભાઈ મહેતા | 40+45 |
| રવીન્દ્ર સંચયિતા (2012) સં. અનિલા દલાલ | 460 |
| રવીન્દ્ર વિવેચન (2012) સં. નિરંજન ભગત | 200 |
| સંસ્કૃતિ સંદર્ભ (2006) સં. રઘુવીર ચૌધરી | 250 |
| સાહિત્ય અને પત્રકારત્વ (1999) સં. કુમારપાળ દેસાઈ | 130 |
| સામયિક લેખસૂચિ : 2006-2010 (2011) સં. કિશોર વ્યાસ | 200 |
| સદીનું સરવૈયું (1983) સં. રઘુવીર ચૌધરી | 13 |
| શેક્સ્પિયર (1997) સંતપ્રસાદ ભટ્ટ | 150 |
| સ્વકીય : દલિત સાહિત્ય સંકલન (2012) સં. દલપત ચૌહાણ | 260 |
| તુકારામ (2003) અનુ. હીરાલાલ શાહ | 35 |
| થિયેટર નામે ઘટના (2006) હસમુખ બારાડી | 120 |
| ઉમાશંકરનો વાગ્વૈભવ : ખંડ-1 : કાવ્યસર્જન (2008) ચન્દ્રકાન્ત શેઠ | 220 |
| ઉમાશંકરનો વાગ્વૈભવ : ખંડ-2 : ગદ્યસર્જન (2008) ચન્દ્રકાન્ત શેઠ | 200 |
| ઉમાશંકરનો વાગ્વૈભવ : ખંડ-3 : વિવેચન (2008) ચન્દ્રકાન્ત શેઠ | 170 |
| વિશિષ્ટ સાહિત્યસંજ્ઞાકોશ (2003) ચન્દ્રકાન્ત ટોપીવાળા | 33 |
| વિવેચક ઉમાશંકર (2003) ચન્દ્રકાન્ત ટોપીવાળા | 30 |
| વીક્ષા અને નિરીક્ષા (1981) નગીનદાસ પારેખ | 30 |
| વૃંદાવન મોરલી વાગે છે (2007) સં. ભોળાભાઈ પટેલ | 160 |
| સાહિત્યમાં દરિયો (2013) સં. પ્રફુલ્લ રાવલ | 275 |

## નવા શો-રૂમનું અમદાવાદ-પ્રહ્‌લાદનગરમાં ઉદ્‌ઘાટન

ગુજરાતી સાહિત્યકારો અને સાહિત્યરસિકો માટે **'ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય'**નું નામ અજાણ્યું ન હોય એ સ્વાભાવિક છે. 1927થી શરૂ થયેલી ગુજરાતી ગ્રંથ-પ્રકાશનની આ પેઢી હવે શતાબ્દીની નજીક પહોંચી ચૂકી છે. કચ્છી બંધુઓ શંભુભાઈ-ગોવિંદભાઈ દ્વારા છાપાં અને પુસ્તકોની છૂટક ફેરીથી શરૂ થયેલી આ પરંપરા, ત્રણ-ત્રણ પેઢીના પુરુષાર્થથી સિંચાઈને, આજે ગ્રંથ-પ્રકાશનક્ષેત્રે ગૌરવરૂપ ઘટના બની રહી છે.

'ગૂર્જર'ના ઉપક્રમે અમદાવાદના પ્રહ્‌લાદનગર-સેટેલાઈટ વિસ્તારમાં તેના ત્રીજા વિશાળ સંપૂર્ણ એસી શો-રૂમનું ઉદ્‌ઘાટન તા. 16-11-2014ના રોજ સ્વામી સચ્ચિદાનંદજીના વરદ્ હસ્તે થયું હતું. ગાંધી રોડ અને સહજાનંદ કૉલેજ પાસે બે શો-રૂમ ઉપરાંત હવે આ નવા શો-રૂમનો સંપર્ક સાહિત્યરસિકો માટે સરળ અને સગવડભર્યો બની રહેશે.

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

**102, લૅન્ડ માર્ક, ટાઈટેનિયમ સિટી સેન્ટર મૉલ પાસે, 100 ફૂટ રોડ,**
**પ્રહ્‌લાદનગર, અમદાવાદ-380015 ફોન : 26934340**

**ગુજરાતી - હિન્દી - અંગ્રેજી ભાષાનાં**
**તમારી પસંદગીનાં પુસ્તકો ખરીદવા જરૂર પધારો.**

**વૉટસેપ દ્વારા ઘેરબેઠાં**
**પણ આ પુસ્તકો**
**વી.પી.પી.થી મંગાવી શકાશે.**
**વોટ્‌સેપ નં. 9879500182**




## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001
■ ફોન : 22144663, 22149660 ફૅક્સ : 22144663
■ ઈ-મેઈલ : *goorjar@yahoo.com*

**સંસ્કાર સાહિત્યમંદિર**

**5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ-380 015**
**ફોન : 26304259**

# કવિ શ્રી સુન્દરમ્‌ના નવા કાવ્યસંગ્રહો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | પલ્લવિતા | ૧૯૯૫ | ૮+૩૫૬ | રૂ. ૧૬૦ |
| ૨. | મહાનદ | ૧૯૯૫ | ૭+૧૯૩ | રૂ. ૮૦ |
| ૩. | પ્રભુ-પદ | ૧૯૯૭ | ૧૩+૪૪૧ | રૂ. ૨૨૫ |
| ૪. | અગમ નિગમા | ૧૯૯૭ | ૧૧+૨૯૨ | રૂ. ૧૫૦ |
| ૫. | પ્રિયાંકા | ૧૯૯૭ | ૧૧+૩૬૭ | રૂ. ૧૫૦ |
| ૬. | નિત્યશ્લોક | ૧૯૯૭ | ૧૨+૧૮૮ | રૂ. ૧૦૦ |
| ૭. | નયા પૈસા | ૧૯૯૮ | ૧૩+૩૩૩ | રૂ. ૧૭૫ |
| ૮. | વરદા | ૧૯૯૮ | ૧૯+૫૨૯ | રૂ. ૨૫૦ |
| ૯. | ચક્રદૂત | ૧૯૯૯ | ૯+૨૫૯ | રૂ. ૧૨૫ |
| ૧૦. | લોકલીલા | ૨૦૦૦ | ૧૩+૨૫૨ | રૂ. ૧૦૦ |
| ૧૧. | દક્ષિણા-૧ | ૨૦૦૨ | ૧૭+૩૨૩ | રૂ. ૫૦ |
| ૧૨. | મનની મર્મર | ૨૦૦૩ | ૧૦+૩૮૭ | રૂ. ૫૦ |
| ૧૩. | ધ્રુવયાત્રા | ૨૦૦૩ | ૧૨+૩૪૫ | રૂ. ૫૦ |
| ૧૪. | ધ્રુવચિત્ત | ૨૦૦૪ | ૧૭+૨૭૪ | રૂ. ૫૦ |
| ૧૫. | ધ્રુવપદે | ૨૦૦૪ | ૧૧+૨૫૩ | રૂ. ૫૦ |
| ૧૬. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૧ | ૨૦૦૫ | ૧૬+૩૨૦ | રૂ. ૨૦૦ |
| ૧૭. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૨ | ૨૦૦૫ | ૧૬+૩૭૦ | રૂ. ૨૦૦ |
| ૧૮. | શ્રીમાતાજીના સાન્નિધ્યમાં-૩ | ૨૦૦૬ | ૩૨+૩૧૭ | રૂ. ૨૫૦ |
| ૧૯. | મંગળા-માંગલિકા | ૨૦૦૭ | ૨૮+૨૩૮ | રૂ. ૧૫૦ |
| ૨૦. | તું ક્યાં... હું ક્યાં !? | ૨૦૦૮ | ૨૮+૩૦૫ | રૂ. ૨૫૦ |
| ૨૧. | સ્વાગતમ્ ગીતવાહીને | ૨૦૦૯ | ૧૬+૨૦૭ | રૂ. ૧૫૦ |
| ૨૨. | ‘સાવિત્રી’ના કાવ્યખંડો (અનુવાદ : શ્રી અરવિન્દના મહાકાવ્ય Savitriમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | ૧૯૯૫ | ૨૪+૪૭૩ | રૂ. ૩૦૦ |
| ૨૩. | દક્ષિણા-૨ (અનુવાદ : શ્રી અરવિન્દના Last Poems, More Poems, Collected Poemsમાંથી, મૂળ અંગ્રેજી સાથે.) | ૨૦૦૨ | ૧૮+૬૭૬ | રૂ. ૫૦ |

***આ તમામ સંગ્રહોનાં પ્રાપ્તિસ્થાન :***

૧. ગ્રંથવિહાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા પાછળ, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯

૨. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧

## પુસ્તકો અને મધુમક્ષિકા

પુસ્તકો આપણા વફાદાર સન્મિત્રો હોવાની સૂક્તિનું વજૂદ મને પ્રતીત થયું છે. વાચને મારા મનોમય કોશના, મારા વિજ્ઞાનમય અને આનંદમય કોશના સમૃદ્ધિવિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. મારાથી આજ દિન સુધી જે કંઈ વંચાયું છે તેનાથી અનેકગણું વાંચવાનું બાકી છે. જિંદગીભર વાંચતાંયે ન ખૂટે એવો વાચનનો અક્ષય ખજાનો છે. એ બધા વાચનનો પાર પામવામાં તો ૮૪ લાખ અવતાર પણ કદાચ ઓછા પડે !

આ પુસ્તકો કંઈ કાગળ-કલમની વસ નથી. માનવજીવનના ગહન અને વ્યાપક દર્શન-મનન-ચિંતન ને સર્જનનાં એ રસાત્મક સ્વાદિષ્ટ ફળો છે. જેઓ જીવી ગયા છે ને જેઓ જીવી રહ્યા છે એવા લેખકો-સર્જકોની સંવિત્તિના એ અક્ષરઆલેખો કે નકશાઓ છે. એ સર્વનો મર્મરસ મધુમક્ષિકાની રીતે ગ્રહણ કરતાં કરતાં જ આપણી ભીતર એક સરસ મધુપુટ રચાતો હોય છે.

[‘ઉદ્દેશ’] **ચંદ્રકાન્ત શેઠ**

*સ્થાનસમર્પિત*

# વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

## પુસ્તક : અનેક પાસાને સમજવાની ચાવીઓ

જેમ સત્કર્મથી તેમ સદ્‌વાચન ને સદ્‌વિચારથી ચિત્તવિકાસ થાય છે એમ મને અનુભવે લાગ્યું છે. અધ્યયન-અધ્યાપન નિમિત્તે સંશોધન-સંપાદન-અનુવાદ નિમિત્તે મારાથી જે કંઈ વંચાયું તેને હું ''સ્વાધ્યાયતપ'' સમજું છું. જે વિષયનું આપણે વાંચીએ તે વિષયનું જ્ઞાન તો આપણું વધે જ, સાથે એ વિષય સાથે સંલગ્ન જીવનનાં અનેક પાસાંને સમજવાની ચાવીઓ પણ આપણને મળતી હોય છે.

જ્યારે કોઈ પુસ્તક હું વાંચું છું ત્યારે એ પુસ્તકના લેખક સાથે, એના મનોવિશ્વ સાથે, એના જીવન-સંદર્ભ સાથે હું સીધા સંબંધમાં મુકાઉં છું. તેથી કોઈ પણ સારા પુસ્તકનું વાચન મારે મન સત્સંગ-રૂપ બની રહે છે. સેમ્યુઅલ બેકેટનું ''વેઇટિંગ ફૉર ગોદો'' વાંચતાં જુદા જ દેશકાળમાં થઈ ગયેલી અને કોઈ અલગ વિચારધારાને સંવેદના સાથે કામ પાડતી એક સર્જક પ્રતિભાનો, પરોક્ષ રહેલા મને જે રીતે સાક્ષાત્કાર થાય છે, તેને હું વાચનના ચમત્કાર રૂપે જોઉં છું. જાતભાતના સદ્‌વાચને મારા વ્યક્તિત્વનો – મારા સંવિતનો સીમાવિસ્તાર સધાય છે, મારો ચેતોવિસ્તાર થતો વરતાય છે.

['ઉદ્દેશ'] **ચંદ્રકાન્ત શેઠ**

: સ્થાનસમર્પિત :

**નિમેષભાઈ ડગલી**

**એમ. બી. ટ્રેડિશનલ પ્રિન્ટ્સ પ્રા. લિમિટેડ**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

માય ડિયર જયુની પોતાની પ્રકાશન-વ્યવસ્થા

# લટૂર પ્રકાશન

**'અવનિલોક', ૩, શાંતિનગર સોસાયટી, ૨૨૭૩, હિલ ડ્રાઇવ, ભાવનગર-૨**

**આજની ગુજરાતી વાર્તાને માણવી છે ?**

૧. **રીયાલિટી શૉ** - નવનીત જાની (નવો સંગ્રહ) રૂ. ૨૦૦/-
૨. **સામા કાંઠાની વસ્તી** (ઈનામી) નવનીત જાની - (અપ્રાપ્ય)
૩. **ગજવામાં ગામ** - (ઈનામી) મનોહર ત્રિવેદી - (અપ્રાપ્ય)
૪. **નાતો** - (ઈનામી) મનોહર ત્રિવેદી - રૂ. ૧૨૦/-
૫. **જીવ** - (આઠમી આવૃત્તિ) (ઈનામી) - માય ડિયર જયુ - રૂ. ૧૮૦/-
૬. **સંજીવની** - (ત્રીજી આવૃત્તિ) (ઈનામી) - માય ડિયર જયુ - રૂ. ૧૮૦/-
૭. **મને ટાણા લઈ જાવ !** - (ઈનામી) - માય ડિયર જયુ - રૂ. ૧૪૦/-
૮. **અત્તરગલી** - ગિરીશ ભટ્ટ - રૂ. ૧૫૦/-
૯. **સુગંધ** - ગિરીશ ભટ્ટ - રૂ. ૧૫૦/-
૧૦. **નિરુત્તર** - બકુલ દવે - રૂ. ૧૫૦/-
૧૧. **ક્રીમેટોરિયમ** - અજય ઓઝા - રૂ. ૧૫૦/-
૧૨. **થુંબડી** - સંજય ચૌહાણ - રૂ. ૧૫૦/-

**: પ્રેરણાદાયી પ્રકાશનો :**

૧. **તોરણમાળ** - મણિલાલ હ. પટેલ (નિબંધ) રૂ. ૨૨૫/-
૨. **ઘરવખરી** - મનોહર ત્રિવેદી - (નિબંધ) રૂ. ૧૫૦/-
૩. **તેઓ** - મનોહર ત્રિવેદી - (નિબંધ) રૂ. ૨૨૫/-
૪. **અક્ષરોમાં આલ્બમ** - નટવર આહલપરા (વ્યક્તિચિત્રો) રૂ. ૩૨૫/-
૫. **આતા હૈ યાદ મુઝકો** - ડૉ. હસમુખ નાગ્રેચા - રૂ. ૨૫૦/-
૬. **શતાબ્દીના શિલ્પી** - મહેન્દ્ર ગોહિલ - રૂ. ૧૫૦/-
૭. **કેરડે ફૂટ્યાં ફૂલ** - હીરજી ભીંગરાડિયા, ગોદાવરી ભીંગરાડિયા - રૂ. ૧૫૦/-

તમારા બુકસેલર પાસેથી મળશે. સીધો સંપર્ક કરો : વિશેષ વળતરથી ઘેર બેઠાં પહોંચાડીશું.

**માય ડિયર જયુ : ૯૮૯૮ ૯૬૯૬ ૨૬ – ૯૪૨૬ ૧૬૦૨ ૦૯**

**અવનીન્દ્ર : ૯૩૭૭૧૧ ૫૬૪૬ – ૯૬૨૪૬૯ ૫૬૪૬**

**Email : latoorprakashan@yahoo.com**

**PARAB 2014** December
Regd. under Postal Registration No.
RNI No. GUJGUJ/2006/17273 GAMC-306/2012-2014, valid upto 31-12-2014
Posted at Ahd. PSO on 10th of every month SSP Ah'd

hobby ideas™

Range of Products



Pidilite Industries Limited Regent Chambers Mumbai 400 021.